# રોહિયે પ્રાણાર્પણ



101.

7BGP2

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# પરોઢિયે પ્રાણાર્પણ

[ઐતિહાસિક ઉપન્યાસ]


• લેખક •

બર્થા એમ. પીટરસન

• રૂપાંતરકાર •

ડૉ. હેમિલ્ટન સત્વેદી



ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

સાહિત્ય સેવાસદન

એલિસબ્રિજ • અમદાવાદ. ૩૮૦ ૦૦૬

પ્રકાશક :
ગુજરાત ટ્રાક્ટ ઍન્ડ બુક સોસાયટી વતી
ડૉ. ઈસુદાસ એચ. ક્રિશ્ચિયન
સાહિત્ય સેવાસદન
એલિસબ્રિજ • અમદાવાદ. ૩૮૦ ૦૦૬

પરોઢિયે પ્રાણાર્પણ

પ્રથમ આવૃત્તિ : મે, ૧૯૭૮
નકલ : ૨,૦૦૦
મૂલ્ય : રૂા. ૩·૦૦

મુદ્રક :
કાન્તિલાલ ડાહ્યાભાઈ પટેલ
મંગલ મુદ્રણાલય
રતનપોળ, અમદાવાદ. ૩૮૦ ૦૦૧

# નિવેદન

ગુજરાત ખ્રિસ્તી સાહિત્ય મંડળ (ગુજરાત ટ્રાકટ ઍન્ડ બુક સોસાયટી)ના આશરા હેઠળ એપ્રિલ ૧૯૭૬માં યોજાયેલ સાહિત્ય પરિષદમાં વધુ પ્રમાણમાં ખ્રિસ્તી સાહિત્ય અને ખાસકરીને બાળ-સાહિત્ય અને ખ્રિસ્તી નાટકો, નવલકથાના પ્રકાશન ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. છેલ્લાં બે વર્ષથી ટ્રાકટ સોસાયટીએ આ દિશામાં પગલાં લેવાની સક્રિય શરૂઆત કરી દીધી છે અને સુંદર બાળસાહિત્ય અને નવલકથાઓ બહાર પાડવામાં આવી રહ્યાં છે.

બીજી ભાષાઓમાંથી પણ જો સુંદર નવલકથાઓ ગુજરાતી ભાષામાં પ્રકાશન કરવા યોગ્ય લાગે તો મૌલિક નવલકથાઓ પ્રાપ્ત થાય ત્યાં સુધી એવી નવલકથાઓનાં રૂપાંતરો ઝડપથી પ્રગટ કરવાનું ટ્રાકટ સોસાયટીએ વિચાર્યું છે અને તેનો અમલ પણ થઈ રહ્યો છે.

"*Born at Daybreak*" નામથી Bertha M. Peterson લિખિત અંગ્રેજી નવલકથાનું "**भोर की विजय**" નામથી હિંદીમાં પ્રકાશન થયું છે. આ નવલકથા વાંચતાં મને એમ લાગ્યું કે, આવી અસરકારક અને પ્રેરણાત્મક ખ્રિસ્તી નવલકથા ગુજરાતી કુટુંબો સમક્ષ મૂકવી જ જોઈએ; અને તે દિશામાં આ મારો પ્રથમ નમ્ર પ્રયાસ છે.

પ્રભુ ઈસુના અપૂર્વ બલિદાનને પગલે પગલે, મોતની પણ પરવા કર્યા સિવાય, જે ખ્રિસ્તી શહીદોએ ખ્રિસ્તી ધર્મનો ફેલાવો કર્યો એ હકીકત દરેક પ્રભુ ઈસુ ઉપર વિશ્વાસ કરનારના હૃદયમાં અંકિત થયેલી હોવી જ જોઈએ; કારણ કે એ જ વિશ્વાસ દરેક ખ્રિસ્તીને ગમે તે સંજોગોમાં અને સતાવણીમાં દૃઢ રાખી શકે છે.

પ્રભુ ઈસુના જમાનાના યહૂદી સમાજનું સ્પષ્ટ પ્રતિબિંબ, પ્રભુ ઈસુને વધસ્તંભ ઉપરના બલિદાન તરફ દોરી જતા તમામ પ્રસંગો સાથે સંકળાયેલ પાત્રોનું સચોટ આલેખન, અને પ્રભુ ઈસુના જન્મ, ઉપદેશ, દુઃખસહન, મરણ, ઉત્થાન વગેરે માટે બાઇબલનાં જુદાં જુદાં સચોટ ભવિષ્યકથનોની અદ્ભુત ગૂંથણી આ નવલકથામાં જોવામાં આવે છે. શરૂઆતથી અંત સુધી વાચકોનો રસ જાળવી રાખીને આ એક હૃદયસ્પર્શી અને કરુણ છતાં સત્ય હકીકત નવલકથાના રૂપમાં આપણી સમક્ષ આવે છે ત્યારે દરેક ખ્રિસ્તી વ્યક્તિએ આ નવલકથા વાંચીને પોતાના આત્મા માટે પ્રેરણા મેળવવી જ રહી. મને ખાતરી છે કે ટ્રાકટ સોસાયટીની આ આશા ફળીભૂત થશે જ.

એપ્રિલ, ૧૯૭૮
અમદાવાદ

— હેમીલ્ટન સત્વેદી

# અર્પણ

સ્વર્ગસ્થ માતાપિતા

**ડૉ. ઍન્ડ મિસિસ જી. કે. સત્વેદીની**

પ્રેમભરી યાદને

# પરોઢિયે પ્રાણાર્પણ

એક ચંચળ અને ક્રૂર પ્રકૃતિવાળા રોમન સૈનિક લુસિયસ મેટેલસ લેપિડસની આ કહાણી છે. આ સૈનિકને રસ્તે ચાલતા લોકોની છેડતી કરવી, ઢોંગી યહૂદીઓની હાંસી ઉડાવવી, મદ્યપાન કરવું, જુગાર રમવો અને બહાદુરીનાં કામ કરવાનું પસંદ હતું. અન્યાય પ્રત્યે તેની પુષ્કળ ઘૃણા હતી.

પિલાત જ્યારે ઈસુને નિર્દોષ જણાયા છતાં મૃત્યુના મુખમાંથી ઉગારી શક્યો નહિ ત્યારે લુસિયસનું મન પુષ્કળ વ્યાકુળ બન્યું. પરંતુ ચંચળ અને ક્રૂર સ્વભાવ હોવાથી તેણે કેદી ઈસુને કાંટાનો મુગટ પહેરાવીને તેની ઠઠ્ઠા–મશ્કરી પણ કરી.

આવા કઠોર હૃદયના લસિયસનું બદલાણ પણ પ્રભુ ઈસુની કૃપાદૃષ્ટિથી ક્ષણમાત્રમાં થઈ ગયું.

એક પ્રસંગે એક સૈનિકના દુષ્ટ આચરણથી ગભરાઈને એક નાની યહૂદી બાળાએ સહાય માટે ઈસુને સાદ દીધો. લુસિયસે પોતાના પ્રાણની પરવા કર્યા સિવાય આ બાળાને બચાવી લીધી, કારણ કે તે પણ પ્રભુ ઈસુ ઉપર પ્રેમ કરવા લાગ્યો હતો.

આ નાની બાળા રૂથે જ્યારે તેને પ્રભુ ઈસુ વિષે સમજાવ્યું ત્યારે તેણે પણ પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો. ત્યારબાદ પોતાના પ્રયત્ન દ્વારા તેણે પોતાનાં માતાપિતા તથા અન્ય લોકોને પણ ઈસુની પાસે આણ્યાં.

સૂબેદાર બન્યા બાદ તેણે લોકોને સ્વદેશભક્તિ વિષે શિક્ષણ આપ્યું. પરંતુ રોમન સલ્તનતની નિંદા કરવાના જૂઠા બહાના હેઠળ તેને મૃત્યુદંડ ફરમાવવામાં આવ્યો.

મૃત્યુદંડમાંથી છુટકારો મેળવવા તેની સમક્ષ એક શરત મૂકવામાં આવી હતી અને તે તો સમ્રાટને ભક્તિભાવના આદર સાથે દંડવત્ પ્રણામ કરવાના હતા. પરંતુ લુસિયસે જીવનની છેલ્લી ઘડી સુધી પ્રભુ ઈસુને સંપૂર્ણ પ્રેમ અને વિશ્વાસથી વળગી રહેવાનું ઉચિત માન્યું.

રૂપાંતરકાર : **હેમીલ્ટન સત્વેદી**

## પ્રકરણપૃષ્ઠનિર્દેશ


| | | પૃષ્ઠ | | | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| પ્રકરણ | ૧ | ૧ | પ્રકરણ | ૧૧ | ૭૬ |
| ,, | ૨ | ૪ | ,, | ૧૨ | ૭૯ |
| ,, | ૩ | ૮ | ,, | ૧૩ | ૮૫ |
| ,, | ૪ | ૧૩ | ,, | ૧૪ | ૧૦૫ |
| ,, | ૫ | ૧૬ | ,, | ૧૫ | ૧૦૮ |
| ,, | ૬ | ૨૩ | ,, | ૧૬ | ૧૧૫ |
| ,, | ૭ | ૨૯ | ,, | ૧૭ | ૧૧૭ |
| ,, | ૮ | ૩૯ | ,, | ૧૮ | ૧૧૯ |
| ,, | ૯ | ૫૧ | ,, | ૧૯ | ૧૨૮ |
| ,, | ૧૦ | ૭૧ | ,, | ૨૦ | ૧૩૨ |

# પ્રકરણ ૧

ચારેતરફ શાંતિનું સામ્રાજ્ય છવાયું હતું. રાત્રિ દરમ્યાન પડેલું ઝાકળ પ્રભાતના સૂર્યનાં કિરણોથી ઊડી ગયું હતું. આ તમામ પહાડી પ્રદેશ જાણે કે સૂર્યનાં જીવનદાયી કિરણોથી સ્નાન કરી રહ્યો જણાતો હતો. પહાડના ઢોળાવ ઉપર અસંખ્ય ઘેટાં ચરી રહ્યાં હતાં અને દૃશ્ય એવું હતું કે જાણે સફેદ પથ્થરો આમતેમ ફરી રહ્યા હોય!

એક વૃક્ષ નીચે ફાટેલાં કપડાં પરિધાન કરેલ અને વિખરાયેલ વાળવાળો એક કિશોર બેઠેલો હતો. તે ઘેટાં ચરાવનાર હતો. તે એવી જગ્યાએ બેઠેલો હતો જ્યાંથી ચરતાં ઘેટાંનું ધ્યાન રાખી શકે. તે એક વાંસની વાંસળી વગાડવાની કોશિશ કરી રહ્યો હતો. કિશોર ઘેટાંની બાબતે જાણે કે બેપરવાહ દેખાતો હતો. પરંતુ તેની પાસે બેઠેલો તેનો ભયાનક દેખાવવાળો કૂતરો ચંચળ હતો, અને આમતેમ ડોકું હલાવીને જાણે કે ઘેટાંની ચોકી કરી રહ્યો હતો. વાંસળીના અવાજમાં ત્યાં ઊડતી મધમાખીઓનો ગણગણાટ પણ સામેલ હતો. કોઈ કોઈવાર પક્ષીના મધુર સંગીતમાં પણ વાંસળીના સૂર દબાઈ જતા હતા.

અચાનક ખીણમાંથી રણશિંગડાનો અવાજ સંભળાયો. કિશોર અને કૂતરો બન્ને આ ઓચિંતા અવાજથી ગભરાઈ ગયા; તેઓએ ચારેતરફ જોયું પણ વાતાવરણમાં કોઈ ફેરફાર દેખાયો નહિ. એટલામાં એકાએક જાણે કે ખીણમાં વીજળી ચમકી અને ફરીથી અવાજ સંભળાયો. કિશોરના હાથપગ જાણે કે બીકથી અક્કડ થઈ ગયા. તે થોડીવાર સ્તબ્ધ ઊભો રહ્યો. રણશિંગડાનો યુદ્ધનાદ સાંભળીને તેના હૃદયમાં ખળભળાટ મચ્યો, અને કૂતરાને ઘેટાંની રખેવાળી સોંપીને તે ત્વરિત ગતિએ ખીણ તરફ નીચે દોડ્યો.

કિશોર જ્યારે નીચે પહોંચ્યો ત્યારે તેણે જોયું કે યુદ્ધશસ્ત્રોથી સજ્જ એવા રોમન સૈનિકોની ટુકડીઓ કૂચ કરતી જઈ રહી હતી. રોમ શહેર તરફથી આ ટુકડીઓ આવી રહી હતી. પ્રથમ ટુકડીના સૈનિકે ધ્વજ ઊંચક્યો હતો અને તેની પાછળ સૈનિકો શિસ્તબદ્ધ કૂચ કરી રહ્યા હતા. આ કિશોરને દરેક સૈનિક કોઈ દેવ જેવો મહાન લાગતો હતો, અને એવી જ ઉત્સુકતાથી તે આ દૃશ્ય જોઈ રહ્યો હતો, અને તેની આંખો તો ધરાતી જ ન હતી. આ સૈનિકો કોઈ અજાણ્યા ધ્યેયને હાંસલ કરવા આગળ વધી રહ્યા હતા.

ટુકડીના સૈનિકોમાં યુવાનો હતા અને દાઢીવાળા બૂઢા પણ હતા. બધા જ ભારે શરીરવાળા અને ક્રૂર ચહેરાવાળા દેખાતા હતા. કોઈના મુખ ઉપર નમ્રતા કે દયા દેખાતી ન હતી. તેઓ કૂચ કરતા જાણે ધરતીને ધ્રુજાવી દેતા હતા.

છેલ્લી ટુકડી દેખાતી બંધ થઈ. હવે તેમનાં શસ્ત્રોનો ખણખણાટ કે ભારે બૂટનો અવાજ સંભળાતો બંધ થયો, છતાં કિશોર તો ત્યાં જ જડાઈને ઊભો હતો. તેના મોંના ભાવ ઉપરથી એવું લાગતું હતું કે, તે કોઈ દર્શન જોઈ રહ્યો હતો. પેલા સૈનિકો હજુ પણ તેની નજર આગળથી પસાર થઈ રહ્યા હતા. છેવટે એક લાંબી આહ તેના મુખમાંથી નીકળી. વીર સૈનિકો તો ગયા, પરંતુ તેને એવું લાગ્યું કે જાણે કોઈ અદૃશ્ય શક્તિ તેને સૈનિકોની પાછળ જવા ખેંચી રહી છે.

રાત્રે જ્યારે બધા ઘેટાં ચરાવનારા તાપણા આસપાસ બેસી આરામ કરી રહ્યા હતા, ત્યારે આખો સમય આ કિશોર સૈનિકો સંબંધી જ વાત કરતો રહ્યો. આ બાબત તો સ્પષ્ટ હતી કે, જે સૈનિકોને તેણે જોયા તે મનુષ્યો જ હતા. કોઈ કોઈવાર કોઈ ઘેટાં ચરાવનાર સૈન્યમાં ભરતી થતો, અને જ્યારે વતનમાં આવતો ત્યારે

મિત્રોને જુદા જુદા દેશોની, લોકોની અને તેમના રીતરિવાજોની અદ્‌ભુત વાતો કરતો.

એકાએક કિશોરના મનમાં વિચાર આવ્યો — સૈનિકો પુરુષો જ હતા, અને કિશોરો પણ સમયની સાથે સાથે પુરુષ બને છે. તેને પોતાનું ભવિષ્ય પણ ઊજળું દેખાવા લાગ્યું. હવે જાણે કે આ કિશોર લુસિયસના જીવનનું એક નવું પ્રકરણ શરૂ થતું હતું. ●

## પ્રકરણ ૨

સૂર્ય પશ્ચિમમાં આથમી રહ્યો હતો, અને તેનાં કિરણો યરૂશાલેમની ઇમારતોને પ્રકાશિત કરી રહ્યાં હતાં. મોરિયાહ પહાડ પર સાંજના સમયે ચઢાવેલ બલિદાનોનો ધુમાડો આકાશ તરફ ચઢી રહ્યો હતો. સડકો પર બાળકો રમી રહ્યાં હતાં, અને લોકોની અવરજવર પણ ચાલુ હતી. આમ છતાં વાતાવરણમાં એક અજબ ખામોશી છવાયેલી હતી.

એકાએક શસ્ત્રોનો ખણખણાટ સંભળાયો, અને બે યુવાનો મોરિયાહ પહાડ તરફથી આવતા દેખાયા. બન્ને કિલ્લા તરફ જઈ રહ્યા હતા. તેઓની દમામભરી ચાલ, ભારે બૂટના અવાજ અને શસ્ત્રોનો ખણખણાટ બતાવી રહ્યાં હતાં કે તેઓ રોમન સૈનિકો હતા.

પરંતુ અજાયબ જેવી બાબત આ હતી કે, એ દિવસોમાં દેખાતી સૈનિકોની ગંભીરતા આ બન્નેમાં દેખાતી ન હતી. નિશાળમાંથી છૂટીને ઘેર આવતા બાળકો જેવા તેઓ લાગતા હતા. બન્ને ઊગતા જુવાનો હતા અને શિખાઉ સૈનિકો હતા. તેઓને મૃત્યુ પામેલ સૈનિકોની જગ્યાએ ભરતી કરવા રોમથી મોકલવામાં આવ્યા હતા. બન્નેની કાળી આંખોમાં જાણે કે તોફાન ચમકતું હતું, અને રોમન સૂબેદારની કડક શિસ્તમાંથી થોડીવાર માટે પણ છૂટી મેળવવી તેઓને આરામદાયક લાગતું હતું. કડક અનુશાસનમાં જ તેઓને રોમન સરકારનો મહિમા દેખાતો હતો, અને આથી જ તેઓ અનુશાસનની કડકાઈ સહી લેતા હતા. આ બન્નેમાં લુસિયસ મેટેલસ લેપિડસ વધુ જુવાન જણાતો હતો. સૈન્યમાં હોવું તે જાણે કે એના જીવનમાં ઉત્સાહપૂર્ણ ઘટના હતી. યુવાનોને કંઈ ને કંઈ નવું કામ કરવું ગમે છે, અને આ બે સૈનિકો પણ પોતાની નવી ફરજમાંથી આનંદ લૂંટી રહ્યા હતા.

આ બે યુવાન સૈનિકોને આવતા જોઈને તમામ નાનામોટા રસ્તા ઉપરથી ખસી જતા હતા. સ્ત્રીઓ મોં ઉપર પડદો નાખી દેતી હતી, અને પુરુષો તેઓને તિરસ્કારથી જોતા હતા; કારણ કે દરેક પુરુષની નજરમાં આ સૈનિકોમાં મૂર્તિપૂજાનું સામર્થ્ય દેખાતું હતું જેને કારણે ઇસ્રાએલ પ્રજાને સંસારમાં પોતાનું સ્થાન જમાવવું મુશ્કેલ હતું. આ બે સૈનિકો પણ ચાલતા ચાલતા જાણે કે તેમના અટકચાળાથી લોકોની તેમના તરફની ઘૃણા વધારતા હતા.

લુસિયસ પોતાના મિત્રોમાં મશ્કરો ગણાતો હતો. તેણે પોતાના સાથીને ઉદ્દેશીને કહ્યું, "સેક્સટસ, અહીં જો," આમ બોલીને તેણે રસ્તે ચાલતા સુંદર પોશાક પરિધાન કરેલ યાજકને રોકીને ઘણી બનાવટી નમ્રતાથી કહ્યું, "હે ઇબ્રાહિમના પરિશ્રમી સંતાન," આમ બોલીને તે તેની આગળ ઘણા જ આદરથી નમ્યો.

યાજકને સૈનિકના શબ્દો અને વર્તનમાં કેવળ મશ્કરી જ દેખાતી હતી. તેણે તેના તરફ ક્રોધથી જોયું અને તેના તરફ લક્ષ આપવા જેવું ન લાગ્યું ને આગળ વધ્યો. બન્ને સૈનિકો જોરથી હસી ઊઠયા.

આગળ ચાલતાં યરૂશાલેમની ગલીઓમાં તેઓએ બીજું એક દૃશ્ય જોયું. તેઓની તરફ એક કિંમતી વસ્ત્ર પહેરીને એક ફરોશી આવી રહ્યો હતો, અને અવારનવાર આકાશ તરફ આંખો ઊંચી કરીને જાણે કે પ્રાર્થના કરવાનો ઢોંગ કરતો હતો. લુસિયસે સાથીદારને કોણી મારી સંકેત આપ્યો, અને જલદીથી ફરોશીની સામે આવીને ઊભો. જેવો ફરોશી પ્રાર્થના કરવા થોભ્યો કે જાણીજોઈને લુસિયસ તેની સાથે અથડાયો અને બન્ને જમીન પર ગબડયા. ચારેતરફ લોકો જોરથી હસી ઊઠયા. સેક્સટસ પણ જોરથી હસ્યો.

લુસિયસ પહેલો ઊભો થયો અને ફરોશી કંઈ બોલે તે અગાઉ તેને ઊઠવામાં સહાય કરતાં બોલ્યો, "હે પરિશ્રમી મહાનુભાવ,

હું ઘણી નમ્રતાથી આપની માફી ચાહું છું. મારે કારણે આપને કંઈ વાગ્યું તો નથી ને ? મેં આપને જોયા નહિ આથી આમ બન્યું. હું ખરેખર દિલગીર છું.” પરંતુ એની કાળી મશ્કરીભરી આંખોમાં દિલગીરીની કોઈ છાયા પણ ન હતી.

ફરોશીએ ગુસ્સાથી હાંફતાં કહ્યું, “ તમારા રોમનોનો વર્તાવ અસહ્ય છે. તમે તેમાંથી ક્યારે બહાર આવશો ?”

જે યાજકની જુવાન સૈનિકે મશ્કરી કરી હતી તેણે ફરોશી કરતાં પણ વધુ ક્રોધાયમાન બની કહ્યું, “ તમે રોમનો એમ માનો છો કે, આખો સંસાર તમારો છે; પરંતુ એક દિવસ આવશે જ્યારે તમે અને તમારું ઘમંડી રાષ્ટ્ર ધૂળમાં રગદોળાશે. એ દિવસ બહુ દૂર નથી. અમે કોઈને આધીન રહેનાર નથી. જ્યારે મસીહ આવશે ત્યારે અમે આખી પૃથ્વી ઉપર રાજ્ય કરીશું, અને તમારા જેવા અન્ય પ્રજાના કૂતરાઓને લોખંડના દંડથી ઠીક કરીશું.”

સૈનિકો ઉપર આ શબ્દોનો કોઈ પ્રભાવ ન પડ્યો. બન્ને પેટ પકડીને હસતા રહ્યા. પછી લુસિયસ ગંભીરતાથી બોલ્યો, “ હે પવિત્ર યાજક, આ તમામ બાબત શું હું અમારા રોમન હાકેમને કહું ? મને કોઈ શક નથી કે, આવી વાત કરનારને તે તરત મળશે જેથી એવી બીજી વાતો પણ તે સાંભળી શકે. આવી વાતો સાંભળવા તે હંમેશાં તૈયાર હોય છે. અને હા, અમારા કિલ્લામાં લોકોના મોંમાંથી વાતો કઢાવવાના જાતજાતના તરીકા પણ છે. ઉચ્ચસ્થાનો ઉપર બિરાજમાન વ્યક્તિઓનાં મોંથી નીકળતી આવી બાબતો ધ્યાન આપવા યોગ્ય છે. હું આ વાત મારા હાકેમને કહેવાનું ભૂલીશ નહિ.”

આ સાંભળીને યાજકનું મોં બીકથી શ્વેત પડી ગયું. વાત બદલવા તેણે કહ્યું, “ હે સૈનિક, મેં બોલવામાં ઉતાવળ કરી. અમે તમારા આવા વ્યવહારથી પરિચિત નથી. રોમન સંસદ તો

હંમેશાં અમારી મિત્ર રહી છે. મારા શબ્દો તમારો વિરોધ કરવા માટે ન હતા. મેં જે કંઈ કહ્યું તે તો તમે રોમનો અહીં આવ્યા તે અગાઉ અમને કહેવામાં આવેલી ભવિષ્યવાણી છે. પણ ભલે ગમે તે હોય, તમારા આ દુષ્ટ વર્તાવ માટે હું ખુદ તમારા રોમન હાકેમને કહીશ. અમે સાંભળ્યું છે કે તે ભારે હાથથી હકૂમત ચલાવે છે."

લુસિયસે લાપરવાહીથી કહ્યું, "હા, જાઓ, અને તેને વાત કરો; મને તેની ચિંતા નથી. હા, અમારો હાકેમ તમે વર્ણવો છો તેવો કઠોર અને ન્યાયી છે, પરંતુ યાદ રાખજો કે અમે બન્ને રોમન છીએ, અને તમે એક યહૂદી છો. તમે મારી ફરિયાદ કરશો તો હું પણ મારી ફરિયાદ કરવા ચૂકીશ નહિ."

આમ બોલીને યુવાન હસી પડ્યો. તે સારી પેઠે જાણતો હતો કે, તે તથા તેના બીજા ઉચ્ચ અધિકારીઓ આ યહૂદી પ્રજાને કેવી તુચ્છકારની લાગણીથી જોતા હતા. આ કારણથી યહૂદીઓનો આ સૈનિકો તરફનો શુષ્ક વ્યવહાર સમજી શકાય તેવો હતો. સૈનિકો ઘણા જ ક્રૂર અને અજ્ઞાની હતા, અને યહૂદીઓના ધાર્મિક વિચારો તરફ બીજો કેવો વ્યવહાર તેઓ દાખવી શકે તેમ હતા?

સૈનિકો જંગલી પશુઓ જેવા હતા. તેઓનો સૌથી મોટો દેવ માર્જ હતો જે યુદ્ધદેવ ગણાતો હતો. આ લોકોનો પ્રત્યેક શ્વાસ, હૃદયની દરેક ધડક, પ્રત્યેક લાલસા કે સ્વપ્ન અથવા કહીએ તો તેઓનું આખું જીવન રોમના મહિમા અને સામર્થ્ય માટે જાણે કે સમર્પિત હતું.

# પ્રકરણ ૩

**લશ્કરી** મહાલયમાં કામનો પ્રારંભ ઝડપથી થતો હતો. લુસિયસ જો કે ગઈકાલ રાતની તોફાની પ્રવૃત્તિઓથી થાકેલો હતો છતાં જલદી કામ પર ચઢી ગયો હતો. તેની પાસે એક રોમન સૂબેદાર હાથમાં કોરડો લઈને ઊભો હતો, અને કામમાં જો કોઈ આળસ કરતો દેખાતો તો કોરડો તેના ઉપર વીંઝાતો હતો.

સૈનિકોને ભાતભાતની તાલીમ આપવામાં આવતી. તલવારબાજી, ઢાલથી સ્વરક્ષણ, ભાલો ફેંકવો વગેરે. લુસિયસને આ બધી તાલીમમાં રસ હતો, અને તે દરેક બાબતમાં પ્રવીણ બનતો જતો હતો.

સૂબેદારે રણશિંગું ફૂંકી ઇશારો કર્યો, અને તેની સાથે જ નકલી યુદ્ધનો આરંભ થયો. તાલીમ ખતરનાક તો હતી જ, પરંતુ સૈનિકોમાંથી કોઈને ચોટ સુદ્ધાં ન આવી. સૂબેદારે સૈનિકોને સમજાવ્યું કે, યરૂશાલેમની સાંકડી ગલીઓમાં કેવી રીતે લડવું અને લોકોની ભીડ સામે કેવો વર્તાવ કરવો. ત્યારબાદ તે સૈનિકોને બીજા મેદાનમાં લઈ ગયો. મજબૂત કિલ્લાને પણ તોડી પાડી શકાય તેવાં શસ્ત્રો ત્યાં મોજૂદ હતાં. મોટી ગોફણો પણ હતી. લુસિયસ જ્યારે ઘેટાં ચરાવનાર હતો ત્યારે તેનાં પ્રિય શસ્ત્રો ગોફણ અને લાઠી હતાં. લુસિયસ આ બધાં શસ્ત્રો વાપરતાં શીખ્યો, ત્યારબાદ તેને ખાઈ ખોદવાની અને દીવાલો તોડવાની તાલીમ મળી. લુસિયસ અને તેના સાથીદારોએ એક કાલ્પનિક દીવાલ ઉપર હુમલો કર્યો. લુસિયસને તીવ્ર ઇચ્છા હતી કે, આ નકલી યુદ્ધની તાલીમનો ઉપયોગ તે ખરેખરા યુદ્ધમાં કરે.

સૂબેદાર સૈનિકોને તાલીમ આપવામાં ઘણો કુશળ અને અનુભવી હતો. વીસ વર્ષથી તે લશ્કરમાં હતો, અને સંપૂર્ણ તંદુરસ્ત હતો.

સૈનિકોને તાલીમમાં સાહસ ઉપરાંત જુદી જુદી કળાઓ શીખવવામાં આવતી હતી જેમાં સૂબેદાર ગાયસ લેપિડસ પાવરધો હતો. જો કોઈ સૈનિક શીખવામાં મંદ જણાતો તો તેની દયા ખાવાને બદલે તેને શિક્ષા કરવામાં આવતી.

કેદીઓને ફાંસીએ લટકાવવાની કામગીરી પણ સૂબેદાર ગાયસની હતી. આ કાર્ય માટે તે જુવાન સૈનિકો પસંદ કરતો હતો. લુસિયસને આ કામ નીરસ લાગતું હતું, કારણ કે તે તો યુદ્ધમાં બહાદુરી બતાવવા ઇંતેજાર હતો.

એ દિવસે ફાંસીની સજા પામનારાઓમાં થોડા ચોર-ડાકુઓ હતા, અને કોઈને તેમાં રસ ન હતો. કોઈ કોઈવાર કોઈની ફાંસીની સજા વખતે પુષ્કળ ભીડ જામતી હતી. આજે વાતાવરણ નીરસ હતું, કારણ કે આજે થોડા ગંદા, લાચાર કેદીઓને ક્રૂસ પર લટકાવવાના હતા.

લુસિયસ આ કેદીઓને જોઈને મનમાં મલકાયો અને બબડ્યો, " આ લોકોએ અમને ધન્યવાદ આપવા જોઈએ, કારણ કે અમે તેમને હંમેશને માટે દુ:ખમાંથી છોડાવીએ છીએ."

કોણ જાણે, પણ લુસિયસના આ શબ્દો સાંભળીને કે પછી બીજા કારણે એક કેદીને એમ લાગ્યું કે, કોઈ જાતના સંઘર્ષ વગર જાન આપી દેવો ઉચિત નથી. તે એકદમ પોતાની પૂરી શક્તિથી પાસેના એક સૈનિકના પેટ સાથે ટકરાયો. સૈનિક ગબડી પડ્યો. બીજા સૈનિકો દોડી આવ્યા, અને આ કેદીને મહામુશ્કેલીએ કાબૂમાં લીધો. તેણે જાણે કે પ્રગટ કર્યું કે, તે પોતાના દુ:ખી જીવનનો અંત ચાહતો નથી.

કેદીઓ પાસે તેમના સ્તંભો ઊંચકાવ્યા અને તેઓને ફાંસીની જગ્યાએ એટલે કાલ્વરીની ટેકરી તરફ લઈ ગયા. રસ્તામાં છોકરાઓની ટોળીની પુષ્કળ ભીડ જામી, અને તે એટલી વધી કે લુસિયસે

પોતાના મિત્ર સેક્સટસને કહ્યું, "આ ભીડને કારણે બારાબાસ અને તેની બળવાખોર ટોળકીને પકડવી આસાન છે." બારાબાસની ટોળીએ યાત્રીઓ ઉપર હુમલો કરીને બધાને ભયભીત કર્યાં હતા.

રસ્તા ઉપર છોકરાઓ પોતાની લાકડી ભાલાની માફક પકડીને ઊભા રહી ગયા. આ દૃશ્ય જોઈને લોકો પોકારતા હતા કે, "શાબાશ, છોકરાઓ; તમને પણ સૂબેદાર કોઈ દિવસ મોટું કામ સોંપશે."

ગુંડાઓ પણ ભીડમાં સામેલ હતા, અને કેદીઓને કોણી મારીને કહેતા હતા, "સારું થયું! તમે લોકો આ જ સજાને લાયક હતા." કોઈ બીજાએ કહ્યું, "તમને રાજ્યના ખોરાકથી કોઈ લાભ મળ્યો જણાતો નથી; તમારી પાંસળીઓ ગણી શકાય છે." વળી કોઇકે કહ્યું, "તમે તો ઘણાને મોતને દ્વાર ઉતાર્યા; હવે તમે પોતે જ મોતની સજા ચાખી જુઓ." એક અવાજ આવ્યો, "હે સૂબેદાર! આટલા બધા સૈનિકો ક્યાંથી લાવ્યા? તમે તો બીજાઓને પણ જાણે કે સૈન્યમાં ભરતી કરતા જાઓ છો. અરે સૈનિકો, આ હથિયારોની શી જરૂર છે? શું આ નિઃશસ્ત્ર કેદીઓની આટલી બધી બીક લાગે છે?"

સૈનિકો સાંભળતા ગયા, ચાલતા ગયા અને કેદીઓને શાપ આપીને ઉત્તર આપતા ગયા. કોઈવાર ટોણાં સાંભળીને કોઈ કેદી બરોબરનો જવાબ આપવા થોભતો હતો, પરંતુ એટલામાં તો કોરડાનો માર પીઠ પર પડતો અને તેને આગળ ચાલવું પડતું. તેના મુખમાંથી કારમી ચીસ નીકળતી, અને સાથે સાથે કોરડો મારનારને અપશબ્દ સંભળાવતો. પોર્સિયસ નામનો સૈનિક મજબૂત બાંધાનો હતો, અને કોરડા જોરથી ફટકારવાનું તેને અભિમાન હતું.

ટેકરી ઉપર પહોંચીને કેદીઓનાં થોડાંઘણાં વસ્ત્રો પણ ઉતારી લેવાયાં. બળવાખોર કેદીઓએ છેલ્લી વાર હાથપગ ચલાવીને પોતાનો પ્રાણ બચાવવાની કોશિશ કરી. કેટલાક સૈનિકોને આને કારણે

કેદીઓની લાતો ખાવી પડી. દરેક કેદીને સ્તંભે જડવામાં સૈનિકોને પરિશ્રમ કરવો પડ્યો, અને આ જોઈને લોકોએ તેમની હાંસી ઉડાવી. લોકોએ પૂછ્યું, "તમે કેવા સૈનિકો છો કે આટલા કેદીઓને સ્તંભે લટકાવવા આટલા બધા સૈનિકોને આટલી મહેનત કરવી પડે છે!"

છેવટે મહાપરિશ્રમે કેદીઓને સ્તંભ ઉપર લટકાવી દીધા. તેઓની દર્દભરી ચીસોથી વાતાવરણ ભરાઈ ગયું.

લુસિયસ પોર્સિયસની પાસે ઊભો હતો. તે આ બધું જોઈને બોલ્યો, "આ કેદીઓને મૃત્યુનો કેટલો ડર લાગે છે!"

કલાકો પસાર થયા. લોકોની આંખો સ્તંભે લટકાવેલાઓની વેદના પર મંડાએલી હતી; લોકોને તેમાં આનંદ મળતો હતો; અને સૂબેદાર! એને તો આ કામગીરીમાં કોઈ અન્યાય જણાતો ન હતો. પરંતુ જ્યારે તેના સૈનિકો ઠઠ્ઠામશ્કરીમાં હદ ઓળંગતા ત્યારે તે તેઓને ઠપકો આપતો હતો. કોઈપણ આ ભયાનક સત્ય વિચારતું ન હતું કે, આ પાપી લાચાર આત્માઓ અનંતકાળની લાંબી મુસાફરીએ જઈ રહ્યા છે જ્યાં પણ તેઓને કાયમની શિક્ષા ભોગવવાની છે.

સૈનિકો હવે કેદીઓનાં કપડાં વહેંચી લેવામાં તલ્લીન બન્યા. લુસિયસ પોતાને મળેલ હિસ્સાથી નારાજ હતો, અને મળેલું વસ્ત્ર ફેંકી દીધું જે બીજાએ ઉઠાવી લીધું.

ભીડ ઓછી થઈ, કારણ કે કેદીઓ બેભાન બન્યા હતા અને આથી લોકોની તમાશો જોવાની મજા ઓછી થઈ. છોકરાઓ થોડીવાર રોકાઈને તેઓ પણ ચાલ્યા ગયા.

હવે કેવળ સૈનિકો જ બાકી રહ્યા. તેઓએ હવે ખાવામાં, પીવામાં, જુગાર રમવામાં અને એકબીજાની મજાક-મશ્કરી કરવામાં સમય વિતાવવાનું શરૂ કર્યું. વચ્ચે વચ્ચે યરૂશાલેમમાં પ્રવેશતા અને શહેરમાંથી બહાર જતા યાત્રાળુઓ ત્યાં થોડીવાર

ઊભીને સ્તંભ ઉપર લટકતા કેદીઓ સંબંધી કંઈ કંઈ પૂછી લેતા હતા. સમય પસાર થતો હતો અને છેવટે આ કામગીરીનો પણ અંત આવ્યો, અને સૈનિકો તેમના મથકે પાછા ફર્યા. થોડા આરામ અને તરવાની કસરત બાદ સૈનિકોનાં થાકેલાં શરીરોએ થોડી સ્ફૂર્તિ અનુભવી.

સાંજના ભોજન બાદ ફરીથી મજાક–મશ્કરીની વાતો થતી રહી જે પૈકી અમુક વાતો તો ઘણી અશ્લીલ હતી જેનું અહીં વર્ણન થઈ શકે તેમ નથી. લુસિયસ આવા ગંદા પ્રકારની અશ્લીલ મજાકોમાં મોખરે હતો.

આ સમયે સૂબેદારનો એક ચાકર ત્યાં આવ્યો અને લુસિયસને ચેતવતાં કહ્યું, "લુસિયસ, હવે તું થોડો ગંભીર બને તો ઠીક. તારી ગઈ કાલની છેડછાડની યહૂદીઓના એક જૂથે રોમન ન્યાયાસનને ફરિયાદ કરી છે. તમામ સૂબેદારોને બોલાવીને આ વિષે પૂછવામાં આવ્યું, અને બધા તારું નામ લેતા હતા. સૂબેદાર ગાયસ ભોજન બાદ તને અને સેકસટસને મળવા માંગે છે. તારે કારણે તેને ભોજન લેવાનું પણ મોડું થયું છે, અને તે ખૂબ જ ક્રોધાયમાન છે."

લુસિયસ જે એક પળ પહેલાં ખૂબ જ ખુશ હતો તેનો ચહેરો આ સાંભળીને પીળો પડી ગયો. દંડની શિક્ષાથી તો તે ડરતો ન હતો, પણ આ કરતૂતને કારણે તે સૂબેદારની દૃષ્ટિમાં નીચો તો ન પડી જાયને તેનો તેને ડર હતો.

આવા તોફાની હોવા છતાં આ યુવાનો એક વ્યક્તિને દેવ જેવી સમજતા હતા, અને તે તો તેમનો સૂબેદાર હતો. લુસિયસ પણ રોમન સલ્તનતને નહિ, પણ સૂબેદાર ગાયસને દેવ સમજતો હતો. લુસિયસ વિચારમાં ગૂંથાયેલો હતો, અને અવાજ તેના કાને આવ્યો :

"સૂબેદાર ગાયસ તને અને સેકસટસને મળવા તૈયાર છે. જાઓ, દેવદેવીઓની દયા તમારી સાથે હો!" ●

# પ્રકરણ ૪

બન્ને જુવાન સૈનિકોએ દરવાજો ઉઘાડી ઘરમાં પ્રવેશ કર્યો. ભોજન પતાવીને એ જ મેજ ઉપર સૂબેદાર બેઠા હતા. શિરટોપ સિવાય બીજો તમામ લશ્કરી પોશાક હજુ ઉતાર્યો ન હતો. જુવાનોના દાખલ થવાના અવાજ સાંભળતાં તેમણે ઊંચે જોયું. એમની કઠોર આંખો એવી દેખાતી હતી જાણે કે જુવાનોને ચીરીને આરપાર નીકળી જતી હોય. અલબત્ત, તે ક્રોધાયમાન દેખાતા ન હતા, છતાં જુવાનો બીકને કારણે સ્થિર ઊભા પણ રહી શકતા ન હતા.

વર્ષો સુધી યુદ્ધમાં બૂમબરાડા પાડવાને કારણે તેમનો અવાજ ભારે થઈ ગયો હતો. તેમણે એ બન્નેને કહ્યું, "તમારા સંબંધી મેં ઘણી ફરિયાદો સાંભળી છે. અમુક યાજકોએ પણ તમારી દુષ્ટતાની ફરિયાદ કરી છે. બોલો, તમારે શું બચાવ કરવાનો છે?"

સેક્સટસ ભયને કારણે મૌન રહ્યો, પરંતુ લુસિયસે જવાબ આપ્યો, "એ યાજકો તો કપટી બૂઢી સ્ત્રી જેવા છે; અમે તો કેવળ મજાક કરી હતી."

એક ક્ષણને માટે સૂબેદારનો હાથ કોરડા ઉપર થંભી ગયો, પરંતુ તરત જ તે જોરથી હસી પડ્યા.

બન્ને સૈનિકો ચકિત થઈ ગયા. અત્યાર અગાઉ તેમણે કદી પણ સૂબેદારને હસતા તો શું પણ મોં મલકાવતા જોયા ન હતા. તેઓને આ સ્થિતિમાં શું કરવું તે સમજાયું નહિ.

છેવટે સૂબેદારનું હસવું બંધ પડ્યું. તેમણે કહ્યું, "કોઈની યોગ્ય સ્થાને મીઠી મીઠી મજાક કરવી તે એક બાબત છે, અને કોઈની સાથે બૂરો વ્યવહાર કરવો......! તે બીજી બાબત છે.

"આ લોકો જેઓ ઉપર આપણે રાજ કરીએ છીએ તેઓ ગંભીર પ્રકારના છે. તેઓ પોતાના અધિકાર જાણે છે અને આપણ રોમનોની માફક મજાક-મશ્કરી કરતા નથી. તેઓ એકદમ ઉશ્કેરાઈ જાય છે, અને આપણી સામે તેઓને વેરની લાગણી છે. રોમનોએ અહીં મોટાં મોટાં કામો કર્યાં છે, પરંતુ આ સમયે જ્યારે દેશદેશથી તેઓ અહીં પોતાના પર્વટાણે ભેગા થઈ રહ્યા છે ત્યારે જો તેઓને કોઈ કારણસર ઉશ્કેરીએ તો આ દેશ ઉપર આપણી સત્તા જમાવી રાખવી મુશ્કેલ બનશે. તમે બન્ને હજુ નાના છો, અને હું અત્યાર સુધી તમને કંઈ કહેવા માંગતો ન હતો; છતાં ચેતવણીરૂપે અત્યારે કહી રહ્યો છું કે, જેવો વ્યવહાર તમે તેમની સાથે કર્યો તેવો બીજા સૈનિકો પણ કરે, તો આપણને મોટી હાનિ થશે.

"આજે સાંજે જ રોમન હાકેમે એક નવી આજ્ઞા ફરમાવી છે. પિલાત અત્યારનો ભય જાણે છે, અને આથી જ તેણે ફરમાન બહાર પાડયું છે કે, કોઈ સૈનિક પ્રજાને સતાવે નહિ. આપણું કામ પ્રજાને વશ રાખવાનું છે અને કોઈ ગરબડ-ધાંધલ મચાવવાનું નથી.

"તમે બન્ને જુવાન છો અને જો અડપલાં કરવાં જ હોય, તો સૈનિકોમાં જ મર્યાદિત રાખો જેથી કંઈ ગરબડ થાય તો હું સંભાળી શકું. તમારી શક્તિ અને સાહસ-ઊર્મિઓને સંકટકાળ માટે બચાવો; હું માનું છું કે, થોડી જ વારમાં તેની જરૂર પડશે. તમે બન્ને હવે આ ફરમાનથી જાણકાર થયા છો; તમે હવે જઈ શકો છો."

આ તમામ વાતચીત દરમ્યાન એકપણ વાર સૂબેદારે પોતાનો અવાજ ઉગ્ર બનાવ્યો ન હતો કે ન ક્રોધાયમાન બન્યા હતા. એક શિક્ષક માફક તેઓનો અવાજ અને વર્તન હતાં. તેઓની સમજાવટ અને શિક્ષણમાં એવો પ્રભાવ હતો કે, તેમણે આપેલી આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનો કોઈ સૈનિકને વિચાર સુદ્ધાં ન આવતો. આ સૂબેદારના વ્યક્તિત્વમાં કોઈ એવી બાબત હતી જેથી દરેક સૈનિક તેમની વાત

માનતો અને પાળતો. તેઓ ચાહે તો કોરડાની મદદ વગર પણ વહીવટ ચલાવી શકતા.

બન્ને સૈનિકો બહાર નીકળી ગયા. તેમના રોમન ગર્વનું જાણે ખંડન થયું હતું. લુસિયસ એટલો ગંભીર બની ગયો હતો કે, સૈનિકોએ તેની છેડછાડ કરી તોપણ લાંબો સમય તેણે તેમાં ભાગ ન લીધો.

અને સૂબેદાર ! બન્ને જુવાનો ઓરડામાંથી બહાર નીકળ્યા કે તરત તેના મુખ ઉપર કોમળતા છવાઈ ગઈ. એક નાનીશી મુસ્કરાહટ તેના ચહેરા પર દોડી ગઈ; તેનો ચહેરો બદલાઈ ગયો. તેના સૈનિકો કે હાકેમ કદી પણ વિશ્વાસ ન કરી શકે કે, સૂબેદારનો ચહેરો આટલો કોમળ બની શકે છે ! ●

# પ્રકરણ ૫

**મહિના** પર મહિના પસાર થતા ગયા. આ દિવસોમાં એક નવી ઘટના બની જેથી લુસિયસનો આનંદ વધી ગયો. બારાબાસ અને તેની ટોળીએ ચારેતરફ લોકોને તંગ કર્યા હતા, અને એને પકડવા માટે લુસિયસને તક આપવામાં આવી.

ખરી રીતે તો આ ડાકુઓને પકડવા ઘોડેસવાર ટુકડીઓને છોડવામાં આવતી હતી. આ ઘોડેસવારોને જોઈને લુસિયસને ઈર્ષા આવતી હતી કે પોતે પણ ઘોડેસવાર ટુકડીમાં હોત તો સારું. તેનો સ્વભાવ અને જોશ, ઘોડેસવાર જેવા જ હતા.

યહૂદી પર્વનો સમય આવી પહોંચ્યો હતો. શહેરમાં ભીડ માતી ન હતી. યહૂદી પ્રાંતો ઉપરાંત દૂરદૂર દેશો જ્યાં યહૂદીઓનો વાસો હતો ત્યાંથી લોકો ઊભરાતા હતા. આ છુટકારાનું પર્વ યરૂશાલેમમાં જ ઊજવાતું હતું, અને આથી બધા અહીં જ ભેગા થતા હતા. મંદિર અને તમામ રસ્તાઓ ભીડથી ખીચોખીચ ભરેલા હતા. દરેક ઘર મહેમાનોથી ભરેલું હતું. જેઓને શહેરમાં ઉતારાનું સ્થાન મળ્યું નહિ તેઓ શહેરની બહાર પડાવ નાંખીને પડ્યા હતા. આ એવો સમય હતો કે, નાની બાબતો માટે પણ મોટો ઝઘડો થાય. આ પર્વ પરમેશ્વરે ઇસ્રાએલ પ્રજાને ગુલામીમાંથી છોડાવી તેની યાદગીરીરૂપે ઊજવાતું હતું, અને આથી પોતાની ઉપર વિજય મેળવનાર પ્રત્યે દરેક ઇસ્રાએલીના મનમાં વેરની લાગણી હતી.

આ લોકો ફરીથી બીજી સત્તાને આધીન થયા હતા. જેટલા મૂર્તિપૂજક અમલદારો આવ્યા તેમણે ધાર્મિક રીતરિવાજો ઉપર લક્ષ ન આપતાં પોતાની ઇચ્છા પ્રમાણે મુખ્ય યાજકો નીમ્યા હતા—

બલકે એમ કહેવાતું હતું કે, જે સૌથી વધારે લાંચ આપે, તેને જ આ ઉચ્ચસ્થાન મળતું હતું. સૌથી ભયંકર બાબત તો આ હતી કે, મૂર્તિપૂજકોએ પોતાના રાજાની મૂર્તિ ઠેરઠેર ગોઠવી દીધી હતી, અને લોકો તેની ઉપાસના કરતા હતા.

મસીહ તેના લોકોને છોડાવવા ક્યારે આવશે ? અથવા શું તેનું આગમન થઈ ચૂક્યું હતું ? અમુક લોકો એમ કહેતા હતા કે, ઈસુ નાઝારી એ આવનાર મસીહ છે જે છેલ્લાં સાડાત્રણ વર્ષથી આમતેમ ફરીને લોકોને ઉપદેશ આપી રહ્યો છે. તેણે કંઈક દાવા પણ કર્યા હતા, અને પોતે પણ અમુક ભવિષ્યવાણીને પૂરી કરી ચૂક્યો હતો.

તેણે નિશ્ચયપૂર્વક દાવો કર્યો હતો કે, પરમેશ્વર તેનો પિતા છે, અને પિતા અને પોતે એક જ છે. જો આ બાબત સત્ય ન હોય, તો તે ખરેખર ઈશ્વરની કટુતાભરી નિંદા હતી. તેણે કંઈક રોગીના રોગ મટાડ્યા હતા, અશુદ્ધ આત્માઓને દૂર કર્યા હતા, કોઢિયાઓને શુદ્ધ કર્યા હતા, અને સૌથી આશ્ચર્યજનક બાબત તો આ હતી કે, તેણે મરેલાઓને પણ સજીવન કર્યા હતા. શું કોઈ નિંદાખોર આવું કરી શકે ? આ જે અંતિમ ઘટના તેના જીવનમાં બની રહી હતી તેનું શું ઝખાર્યા ભવિષ્યવાદીએ કેટલાંયે સૈકાં પૂર્વે ભવિષ્ય ભાખ્યું ન હતું ?......

“ હે સિયોનની પુત્રી, બહુ આનંદ કર; હે યરૂશાલેમની પુત્રી જયપોકાર કર; જો, તારો રાજા તારી પાસે આવે છે : તે ન્યાયી તથા તારણ સાધનાર છે; તે નમ્ર છે, અને ગધેડા પર, હા, ખોલા એટલે ગધેડીના વછેરા પર સવાર થઈને આવે છે.” (ઝખા. ૯ : ૯).

ભક્તોને આશા હતી તે જ મસીહ તે હશે. તેઓની આ આશા ઘમંડી અને હઠીલી રોમન સત્તાથી છુટકારો પામવાની ન હતી કે યરૂશાલેમના મહિમાવંત સ્થાન માટે ન હતી. તેઓની એ આશા તો માલાખી પ્રબોધક દ્વારા પ્રગટ થયેલી ધાર્મિક રાજ્ય સંબંધીની હતી....

"...જુઓ, તે દિવસ આવે છે, તે ભઠ્ઠીની પેઠે બળે છે; અને સર્વ ગર્વિષ્ઠો તથા સર્વ દુરાચારીઓ ખૂંપરારૂપ થશે; સૈન્યોનો દેવ યહોવા કહે છે કે, જે દિવસ આવે છે તે તેમને એવા બાળી નાખશે કે તે તેમનું મૂળ કે ડાળી રહેવા દેશે નહિ. પણ તમે મારા નામનું ભય રાખનારાઓને સારુ તો ન્યાયીપણાનો સૂર્ય ઊગશે, અને તેની પાંખોમાં આરોગ્ય હશે; તમે બહાર આવીને કોઢમાંના વાછરડાઓની પેઠે કૂદશો." ( માલાખી ૪ : ૧–૨ ).

બીજા લોકો પણ હતા જેઓ મસીહની રાહ જોતા હતા; પરંતુ તેમની આશા ધાર્મિક રાજ્ય સંબંધી ન હતી. તેઓ એક એવા રાજાની રાહ જોતા હતા જે પોતાના પૂરા સામર્થ્યથી આવે, યરૂશાલેમ ઉપર પ્રેમ દર્શાવે અને તેના તમામ શત્રુઓને હરાવીને ધૂળ ચાટતા કરે.

આ લોકોની પાસે પણ ભવિષ્યવાણી હતી કારણ કે ધર્મ-પુસ્તક (ગી. શા. ૨ : ૬–૯) માં લખ્યું છે કે, "મેં તો મારા ઠરાવેલા રાજાને પવિત્ર પર્વત સિયોનની ગાદી પર બેસાડ્યો છે."

"જો યહોવાએ મને કહ્યું, તું મારો પુત્ર છે; આજે મેં તને ઉત્પન્ન કર્યો છે."

"મારી પાસે માંગ અને હું તમામ જાતિઓના લોકોને તારી સંપત્તિ તરીકે અને દૂરદૂર દેશોને તારી પોતાની ભૂમિ તરીકે આપીશ."

"તું લોખંડના દંડથી તેઓના ટુકડે ટુકડા કરશે; તું કુંભાર માફક તેઓનો ભાંગીને ચૂરો કરશે."

"યહોવા અનંતકાળ સુધી મહારાજા છે; તેના દેશમાંથી અન્ય જાતિઓનો વિનાશ થયેલો છે." (ગી. શા. ૧૦ : ૧૬).

"હે ભાગળો, તમારાં માથાં ઊંચાં કરો; હે પુરાતન દ્વારો, તમે પણ ઊંચાં થાઓ; એટલે ગૌરવવાન રાજા અંદર આવશે. આ

ગૌરવવાન રાજા તે કોણ ? સૈન્યનો યહોવા તે જ ગૌરવવાન રાજા છે." (ગી. શા. ૨૪ : ૭-૯ ).

અહા ! કેટલો મહિમાવંત વિજય ! હઠીલી રોમન પ્રજાને પગ તળે છૂંદવામાં આવશે, અને તેમની અક્કડ ગરદનો બીજાની સામે ઝૂકી જશે. હા, આ મૂર્તિપૂજક પ્રજાઓની ઠોકરોનો કેવો બદલો લેવામાં આવશે! રોમન સૈનિક લુસિયસ મેટેલસની તોફાની પ્રવૃત્તિઓનું બધાને સ્મરણ હતું. આ તમામ બાબતોનો તેઓને બદલો મળશે.

કેટલાક પોતાની ભાવનાઓને અંતરમાં રાખી રહ્યા હતા, તો કેટલાક તેનો જોશથી પ્રચાર કરતા હતા. ઓહ ! એ મસીહ આવે અને જલદી આવે તો કેવું સારું !

એ રાત્રે યહૂદીઓની વેરની લાગણી એટલી તીવ્ર હતી કે ગઢમાં રહેનારા એ કઠોર રોમન સૈનિકોને પણ તેનો અનુભવ થયો. હાકેમ અને તેના સૈનિકો જેઓ તાજેતરમાં જ કાઇસારિયાથી આવ્યા હતા, તેઓને પણ આ વાતનો અનુભવ થયો. સૈનિકોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો હતો, છતાં બધાના મનમાં એક હલચલ મચી રહી હતી. પિલાત, જે એક ગર્વિષ્ઠ રાજ્યનો પ્રતિનિધિ હતો, તેને પણ અશાંતિ જણાઈ, અને આથી તે પણ મહેલમાં આમતેમ ઉપરથી નીચે આંટા મારી રહ્યો હતો. તે વિચારતો હતો કે થોડા દિવસ અગાઉ શહેરમાં જે એક વિજયી સરઘસ નીકળ્યું હતું, જેમાં ગધેડા પર બેસીને એક પ્રબોધકે શહેરમાં પ્રવેશ કર્યો હતો, તેનો શું અર્થ હશે ? તેના માણસોએ તેને જણાવ્યું હતું કે, તેમાં બળવો પોકારવાની કોઈ વાત ન હતી; છતાં આ યહૂદીઓનો શો ભરોસો ? એ સરઘસને શું તેઓના ધાર્મિક રીતરિવાજ સાથે કોઈ સંબંધ હતો ? સંભવ છે કે બન્ને બાબતો તેમાં હોય ! તો પછી આવી બાબતોમાં મામલો જરૂર જોખમકારક હોય. જો પ્રથમ બાબત ખરી હોય, તો મામલો ગંભીર અને ખતરનાક છે; કારણ કે

એમની ધાર્મિક બાબતોમાં માથું મારવાથી શું-નું શું થાય! વળી, કાઈસારનું ફરમાન હતું કે, કોઈપણ રોમન યહૂદીઓની ધાર્મિક બાબતોમાં માથું નહિ મારે. જો શહેનશાહ તાઇબેરિયસ પાસે વાત પહોંચે કે, રોમનોએ યહૂદીઓનાં ધાર્મિક કામોમાં માથું માર્યું છે તો તે કદી ખુશ ન થાય.

પિલાત આ બધી બાબતો સારી પેઠે જાણતો હતો; કારણ કે એકવાર તેને આ માટે ખાસ ચેતવણી મળી હતી. સાથે સાથે આ પણ સત્ય હતું કે, જો કોઈ સત્તાની સામે બળવો કરે, અને જો ઠીક સમયમાં તે રોકવામાં ન આવે, તો તાઇબેરિયસ તે કદી પણ માફ ન કરે. યહૂદીઓ શું આ માટે જુદા જુદા પ્રાંતોમાંથી અહીં જમા થયા હતા? જો બળવો ફાટી નીકળે તો શું તે સમાવી શકશે? લોકોમાં જોશ હતો, કારણ કે મિસરની ગુલામગીરીમાંથી છુટકારો મેળવવાનું પર્વ તેઓ ઊજવી રહ્યા હતા. જો તેઓમાં કોઈ અગ્રેસર ઊભો થાય, તો ઘણી ગરબડ થવાનો સંભવ છે; કારણ કે કોઈપણ યહૂદી કોઈ રોમનને પસંદ કરતા નથી.

તમામ સૂબેદારો પોતપોતાને સ્થાને સાવધાન હતા. ગાયસ લેપિડસને લુસિયસના ઘમંડી દાવાનું સ્મરણ થઈ આવ્યું. તેણે જોરથી માથું હલાવીને કહ્યું, "મૂર્ખ!" પાસે ઊભેલા બીજા એક સૂબેદારે પૂછ્યું, "શું થયું?"

"અરે કંઈ નહિ; હું તો એક નવા ભરતી થયેલ સૈનિક સંબંધી વિચારતો હતો. અગાઉ તે એક ઘેટાં ચરાવનાર હતો. મારસિલસ, તમે તો આવા લોકોને સારી પેઠે ઓળખો છો ને?"

"હા, ઓળખું છું." મારસિલસે જવાબ આપ્યો. "શું આ જ તે વ્યક્તિ..."

"આ જુવાન તો પેલા હોરેશિયસ જેવો છે જેણે શત્રુને રોમમાં પ્રવેશ કરતો અટકાવવા માટે, પોતાના સાથીઓ જ્યાં સુધી

પૂલનો તોડીને નાશ ન કરે, ત્યાં સુધી પોતાના બે સાથીઓની મદદથી પૂલનો કબજો સાચવી રાખ્યો હતો."

ગાયસે મારસિલસને વચ્ચે અટકાવતાં કહ્યું, "હા, હું જાણું છું કે, અત્યારે તેને એવી ઇચ્છા થતી હશે કે, તે આ ગલીમાં આવીને એકલો જ શત્રુઓ સાથે લડે; પરંતુ તે કંઈ જ સમજતો નથી."

સૂબેદાર મારસિલસે મુસ્કરાહટતાં કહ્યું, "આવા જુવાનોને પોતાના કર્તવ્યનું શું ભાન હોય? તેઓને ગર્વ કરતાં ખૂબ જ આવડે છે, છતાં તેઓને જે કહેવામાં આવે છે તે જ તેઓ કરશે. કેમ ગાયસ, આ બરાબર છે ને? તેઓ પોતે સમજી વિચારીને કામ કરવાનું જાણતા નથી. કોણ જાણે, પણ તમારા આ વીર જુવાનની બહાદુરીની પરીક્ષા આ પર્વની સમાપ્તિ પહેલાં જ થઈ જાય? શું તમે નથી જોયું કે, હાકેમ પોતે પણ બહુ ચિંતામાં દેખાય છે. જુઓ, મારા ડાબા કાનમાં ખૂજલી આવી રહી છે. જ્યારે જ્યારે મારા આ કાનમાં ખૂજલી આવે છે, ત્યારે ત્યારે મારે કોઈ ને કોઈ પ્રકારનો સામનો કરવાનો હોય છે. જોઉં છું, તમારો એ જુવાન એના શબ્દો પ્રમાણે કામ કરી શકે છે કે કેમ?"

ગાયસ, મારસિલસની વાત સાંભળીને હસ્યો; કારણ કે મારસિલસ ઉંમરમાં તેનાથી નાનો હતો, અને તેણે તેની ઉંમરમાં કોઈ યુદ્ધ જ ક્યાં જોયું હતું?

સૈનિકોના નિવાસસ્થાનોમાં પણ આ જ પ્રકારનું તંગ વાતાવરણ ચાલુ હતું. પરંતુ તેઓ કોઈને માથે કોઈ જવાબદારી ન હતી. તેઓ તો જુગાર રમવામાં મસ્ત હતા. તેમના ઓરડામાંથી જુગારની રમતના પાસા ફેંકવાના અને કોઈ કોઈ ગંદી મજાકો ઉપર હસવાના અવાજો આવતા હતા. શરાબની બાટલીઓનો ખખળાટ કાને પડતો હતો. બૂઢાઓ ગંભીરતાથી તેમના ભૂતકાળના અનુભવો વાગોળતા હતા.

જુવાનો પણ ગંભીર હતા. કેવળ લુસિયસ અને તેના જેવા અમુક સૈનિકો નશામાં ડૂબી રહ્યા હતા, અને તેમના મનમાં કોઈ અદ્ભુત કામ કરી બતાવવાની તાલાવેલી પરખાતી હતી.

એ રાત્રે જાતજાતના સંદેશા હાકેમ ઉપર આવ્યા, અને જ્યારે કોઈ સંદેશવાહક તેમના કમરામાંથી બહાર નીકળતો, તો તેના તરફ બધા ઉત્સુકતાથી મીટ માંડતા હતા. લુસિયસ અને તેના મિત્રો આ સંદેશાઓ સાંભળીને નિરાશ બનતા હતા. એકવાર પરિસ્થિતિ ખતરનાક લાગી. એક પુરુષ જેણે થોડા જ દિવસ અગાઉ ગધેડા પર સવાર થઈ ને યરૂશાલેમમાં લોકોની પ્રચંડ ભીડ અને જયનાદો સાથે વિજયવંત પ્રવેશ કર્યો હતો, તેને યાજકોએ કાવતરું કરીને પકડી લીધો હતો. લશ્કરની છાવણીમાંથી એક ટુકડી એ પુરુષને પકડવા મોકલવામાં આવી હતી, પરંતુ લુસિયસને આ ટુકડીમાં સામેલ કર્યો ન હતો આથી તે નિરાશ બન્યો હતો. એ પુરુષને કાયાફાસ અને સાન્હેદ્રિન/મ (હિબ્રૂ) = વરિષ્ઠ ન્યાયસભા સમક્ષ લાવવામાં આવ્યો હતો.

પિલાતે વિચાર્યું કે, આ આખો મામલો ધાર્મિક પ્રશ્નનો છે, માટે તેઓ જ તેનો નિકાલ લાવે—એ કામ મારું નથી. પરંતુ પિલાતનો આ વિચાર ગલત હતો. તેને ક્યાં ખબર હતી કે, આ નાની દેખાતી બાબત ભવિષ્યની પેઢીઓમાં તેને અપમાનિત કરનાર નીવડવાની છે !

## પ્રકરણ ૬

પરોઢિયાનો પ્રકાશ ચારેતરફ ફેલાયો. પહેરેગીરો જાગી ગયા હતા, અને પોતાનું દૈનિક કાર્ય આનંદથી કરતા હતા. તેઓ જ્યારે પોતાની ફરજ ઉપર જવા તૈયાર થયા ત્યારે રાત્રી પહેરાવાળાઓએ રાત્રી દરમ્યાન ક્યાં ક્યાં ગરબડ મચી હતી તે જણાવ્યું.

"હવે તમને આળસુઓને કંઈ કામ કરવાનું મળશે" આમ કહીને તેઓએ પોતાના સાથીઓની મશ્કરી કરી. "બધા લોકો અશાન્ત છે અને પેલો પુરુષ જેને પકડવામાં આવ્યો છે તેનો તેઓ કેવો પ્રત્યાઘાત પાડશે તે ખબર નથી. કદાચ કંઈ તોફાન થશે."

લુસિયસ ઉત્સાહમાં બરાડી ઊઠ્યો, "ધાંધલ મચાવે તો કેવી મજા!" પછી એક સાથી તરફ ફરીને ઉમેર્યું, "જો આ રીતે આળસુ રહીશ, તો જલદી બૂઢો બની જઈશ."

એટલામાં હાકેમ તરફથી એક સંદેશવાહક આવ્યો અને ગાયસ લેપિડસ સાથે વાત કરવા લાગ્યો.

લુસિયસે સેકસટસને કહ્યું, "ન જાણે તે શું કહી રહ્યો છે?"

"હું આશા રાખું છું કે, આપણે લાયક કંઈ કામ નીકળી આવે."

સંદેશવાહકના જતાં જ સૂબેદારે બે ટુકડી તૈયાર કરી, અને લુસિયસને આનંદ થયો કે તેને પણ એક ટુકડીમાં સામેલ કર્યો હતો. આ ટુકડીઓને આજ્ઞા આપવામાં આવી કે, તેઓ તલવાર, ભાલા અને ઢાલ સાથે તૈયાર થઈ રહે. પછી સૂબેદાર તેઓને હેરોદના મહેલ તરફ લઈ ગયો. તેઓ મહેલમાં દાખલ થઈને ન્યાય-સિંહાસનની બન્ને બાજુએ ચૂપચાપ લાઇનમાં ઊભા રહી ગયા. થોડી જ વારમાં હાકેમ પોતે પણ પોતાના કર્મચારીઓ સાથે કમરામાં દાખલ થયા.

હાકેમ પોતાના મોભાને લાયક દેખાતા હતા. જ્ઞાની અને પ્રભાવશાળી દેખાવાની સાથે સાથે તેઓ સૈનિક પણ દેખાતા હતા. તેમના વાળ કહી આપતા હતા કે, તેઓ જેટલા જુવાન દેખાતા હતા તેટલા જુવાન ન હતા; પરંતુ તેમનો ચહેરો, એકવડો છતાં સુદૃઢ બાંધો અને લાંબા હાથ એવું દર્શાવતા હતા કે, તેઓ સૈનિકોના યોગ્ય અધિકારી હતા. હવે તેઓ સૈનિક મટી એક ન્યાયાધીશ બન્યા હતા. તેમણે ન્યાયાધીશનો પોશાક પહેર્યો હતો. તેમના વ્યક્તિત્વનો સૌથી મોટો ગુણ એ હતો કે, તેઓ હંમેશાં નિશ્ચિંત દેખાતા હતા, અને આથી દીન-દુઃખીઓ તેમને આધીન બની જતા, અને સાથે સાથે તેમના પ્રત્યે તિરસ્કારની લાગણી પણ ઉત્પન્ન થતી.

આજે હાકેમ પિલાતનો સ્વભાવ ઠીક લાગતો ન હતો; કારણ કે દાખલ થતાં જ તેમણે પહેરેગીરને પૂછ્યું, " આ સમયે મને શા માટે અહીં બોલાવ્યો છે ? "

સૂબેદાર તરફ ફરીને પિલાતે પૂછ્યું, " ગાયસ, જે લોકો મને મળવા માંગે છે તેઓ ક્યાં છે ? "

સૂબેદાર બહાર જઈને તરત પાછો આવ્યો અને કહ્યું, " પ્રમુખયાજક અને તેના થોડા સાથીઓ આપને મળવા ચાહે છે. તેમના પર્વના અગાઉ તેઓનો ધર્મ તેમને કિલ્લામાં પ્રવેશવાની ના પાડે છે. તેઓનું કહેવું છે કે, એમ કરવાથી તેઓ અશુદ્ધ થઈ જાય. તેઓ આથી વિનંતી કરે છે કે, આપ બહાર આવીને તેઓની વિનંતી સાંભળશો ? "

" ઓહો ! કેટલા અજબ લોકો છે ! " પિલાત તંગ આવી જઈને બોલ્યા, " હું ઇચ્છું છું કે, મને એવી જગ્યાએ નિમણૂક મળે જ્યાં આવું પાગલપણ અને અંધવિશ્વાસ ન હોય ! હું તો આ બધી બાબતોથી તંગ આવી ગયો છું, છતાં તેઓની વાત તો સાંભળવી પડશે."

હાકેમ પિલાત બહાર નીકળીને પોતાને સ્થાને બેઠા.

નીચે આંગણામાં લોકોનું એક નાનું ટોળું ઊભું હતું. એ ટોળામાં મોટા ભાગના લોકો તો સુંદર વસ્ત્રો પહેરેલા યાજકો હતા. તેઓની સામે રસીઓથી બંધાયેલ એક પુરુષ એક સૈનિક સાથે ઊભો હતો. તેની સાથે ટોળાએ બહુ ખરાબ વર્તાવ કર્યો હતો; પરંતુ દેખાવમાં તે સુંદર લાગતો હતો.

" તમે આ પુરુષ ઉપર શાનો આરોપ મૂકો છો ? " પિલાતે પૂછ્યું.

મુખ્યયાજકે નમ્રતાથી જવાબ આપ્યો, " જો આ પુરુષ અધર્મી ન હોત, તો આપને ન સોંપત."

પિલાતે સંદેહથી કાયાફાસ તરફ જોયું. તેને આ પ્રમુખયાજક ગમતો ન હતો; પરંતુ આ મુખ્ય યાજકપદ મેળવવા તેણે સૌથી વિશેષ રકમ પિલાતને આપી હતી, આથી તે પ્રમુખયાજક બન્યો હતો. અત્યાર અગાઉ કદીપણ તેણે પિલાત સાથે આટલી નમ્રતાથી વાત કરી ન હતી. ઊલટું, તે ઘમંડી હતો, અને આથી પિલાત ચિડાતો હતો અને બન્ને વચ્ચે મનમેળ ન હતો.

પિલાતે કેદી તરફ જોયું. તે બિલકુલ ભલોભોળો અને નિર્દોષ દેખાતો હતો. આથી પિલાતે ચિડાઈને યાજકોને પૂછ્યું, " આવી નાની બાબતોમાં મારો કિંમતી સમય કેમ વેડફો છો ? તમે પોતે તેને લઈ જઈને તમારી વ્યવસ્થા પ્રમાણે તેનો ન્યાય કરો."

કાયાફાસ ધીરજથી બોલ્યો, " અમને કોઈનો પ્રાણ લેવાનો અધિકાર ક્યાં છે ? "

" ઓહ ! તો તેણે મૃત્યુયોગ્ય અપરાધ કર્યો છે ? તો તો વાત ગંભીર છે. આ પુરુષે શું ગુનો કર્યો છે ? " પિલાતે પૂછ્યું.

મુખ્યયાજકે જવાબ આપ્યો, " તે લોકોને બહેકાવે છે અને કાઈસારને કર ન ભરવાનું કહેતાં અમે તેને સાંભળ્યો છે."

પિલાતે ઉત્સુકતાથી પુરુષ તરફ જોતાં પૂછ્યું, " પણ શા માટે ? "

આ પુરુષ તેના દોષ મૂકનારાઓ અને ન્યાય કરનાર વચ્ચે અસહાય ઊભો હતો; પરંતુ પિલાતનો પ્રશ્ન સાંભળીને તેણે નજર ઊંચી કરી. તેની કોમળ ભૂરી આંખો જોઈને હાકેમ વિસ્મિત થયો.

પિલાતે મનમાં વિચાર્યું, " નક્કી આ આંખો અપરાધી ન હોઈ શકે. એ બળવાખોર પણ જણાતો નથી."

કાયાફાસના શબ્દોએ તેનું ધ્યાન ખેંચ્યું, " તે પોતાને મસીહ કહેવડાવે છે."

" દોષ તો ગંભીર છે પણ તમારા સાક્ષી ક્યાં છે ? "

કાયાફાસે કહ્યું, " શું અમે સાક્ષીના રૂપમાં અહીં ઉપસ્થિત નથી ?"

પિલાતે કઠોરતાથી કહ્યું, " હા, કદાચ; પરંતુ જો તે અમારા રાજ્ય ઉપર હુમલો કરવા ચાહતો હોય, તો તેના સિપાઈઓ ક્યાં છે ? હથિયાર ક્યાં છે ? તેની સામે મને જે લેખિત આક્ષેપો મોકલવામાં આવ્યા છે તેમાં તેના બળવો કરવા વિષે કોઈપણ ઉલ્લેખ નથી. જો કોઈ પોતાને રાજા કહેવડાવતો હોય, તો તેની કોઈ પ્રજા તેને કેદમાંથી છોડાવવાનો પ્રયત્ન જરૂર કરે ! "

પિલાતના આ શબ્દોથી ક્રોધાયમાન થયેલ પ્રમુખયાજક પોતાનો ગુસ્સો રોકતાં બોલ્યો, " તેના એક સાથીએ તલવાર ખેંચીને મારા એક સાથીનો કાન કાપી નાંખ્યો."

" શું ? " પિલાતે બૂમ પાડીને કહ્યું. પછી સૂબેદાર તરફ ફરીને બોલ્યો, " ગાયસ, આપણે તેની સેનાથી સાવધાન રહેવું પડશે. એમ લાગે છે કે, તે આપણાથી વધુ શક્તિશાળી છે." પછી પ્રમુખયાજક તરફ ફરીને કહ્યું, "હા, તિતસે આ બાબતે કંઈ જરૂર કહ્યું હતું; પરંતુ સાથે સાથે તેણે આ પણ કહ્યું હતું કે, આ કેદીએ પોતાના સાથીને ઠપકો આપ્યો હતો, અને તમારા સાથીના કાપી નાખેલા કાનને સ્પર્શ કરીને સારો કર્યો હતો. અમારી સામે તેણે કોઈ બળવો પોકાર્યો

નથી, છતાં આ વ્યક્તિ ઈસુની હું તપાસ કરીશ," આમ કહીને તેણે કેદીને ન્યાયાલય તરફ આવવા ઇશારો કર્યો અને પોતે તેની પાછળ ચાલ્યો.

એ ન્યાયસભાના ઓરડામાં શું બન્યું તે કેવળ કેદી, પિલાત, કેદીનો અંગરક્ષક તથા સૂબેદાર જ જાણતા હતા.

જ્યારે પિલાત પાછો ફર્યો ત્યારે એમ લાગતું હતું કે, તેને જે કહેવામાં આવ્યું હતું તેથી તે બહુ પ્રભાવિત થયો હતો. તેના આવતાંની સાથે જ દોષારોપણ શરૂ થઈ ગયું.

છેવટે આ શોરબકોર તથા કેદીના મૌનથી તંગ આવી જઈને પિલાત બૂમ પાડી ઊઠ્યો, " શું તું કંઈ જ ઉત્તર આપતો નથી? જો તેઓ કેટલા બધા દોષ તારા ઉપર મૂકે છે ? "

કોઈ જવાબ ન મળ્યો.

પિલાતના મોં ઉપર એકાએક કોઈ નિશ્ચય જણાયો :

" હું આ મનુષ્યમાં કોઈ દોષ જોતો નથી," આમ કહીને પિલાત ઊઠવા લાગ્યો.

આ ફેંસલો સાંભળતાં જ લોકોની ભીડ હાકેમ તરફ આગળ વધી. રોમન સૈનિકો આગળ દોડી ગયા અને બધાને ધક્કા મારી પાછા હટાવ્યા. મુખ્યયાજકને પણ પાછળ ખસેડ્યો. જુવાન સૈનિક લુસિયસ પોતાના આ અધિકારથી ખુશ હતો.

" નહિ ! નહિ ! તમારે એની બાબતમાં બીજી ઘણી બાબતો સાંભળવી પડશે," ચારેતરફથી અવાજો આવ્યા. " તમે આ કેસ ઉપર ધ્યાન ક્યાં આપ્યું છે ? "

પિલાતે થાકેલા અવાજે કહ્યું, " આથી વિશેષ શું થઈ શકે ? "

" તે ગાલીલથી માંડીને અહીં આખા યહૂદિયા સુધી લોકોને ઉશ્કેરતો આવ્યો છે."

"શું આ માણસ ગાલીલનો છે ?" પિલાતે બચવાનો માર્ગ શોધ્યો.

કોઈએ જવાબ આપ્યો, “ હા, તે ગાલીલનો છે.”

પિલાતે આજ્ઞા આપી, “ તો તો તેને હેરોદની પાસે લઈ જાઓ. આ પુરુષ હેરોદની રાજ્યહદનો છે, અને હેરોદ પોતે પણ તમારી વ્યવસ્થા અને અંધવિશ્વાસ વિષે મારાથી વિશેષ જાણે છે. હેરોદનો ફેંસલો મારો ફેંસલો હશે એમ તેને કહેજો.” પિલાત ઊઠીને ત્યાંથી ચૂપચાપ ચાલ્યો ગયો.

જુવાન સૈનિક લુસિયસ આનંદિત હતો કે કેસ પત્યો હતો. તેને આ બધી બાબતોમાં કંઈ મજા ન પડી. આ તો ધાર્મિક પ્રશ્ન છે, અને તે હાકેમનો સમય બગાડવા જેવું છે. બળવો કરવાની વાત – એ તો આખા યહૂદિયામાં સામાન્ય બાબત થઈ પડી છે.

લુસિયસ પોતાના વિચારોમાં લીન થતાં બોલ્યો, “ અરે છોડો ! આ મારું કામ નથી, એ તો પિલાતનું કામ છે.” ●

# પ્રકરણ ૭

પિલાતને થયું કે હાશ ! હવે તો પેલા કેદીથી છૂટયો. તે તો તેને નિર્દોષ માનતો હતો, છતાં પ્રમુખયાજક તેને શિક્ષા કરવા ઘણો ઉત્સુક હતો. અમુક વ્યક્તિગત કારણોને લઈને તે પ્રમુખયાજક સાથે ઝઘડો ઉત્પન્ન કરવા ચાહતો ન હતો. એટલામાં જ તેને સંદેશો મળ્યો કે, હેરોદે પોતે ફેંસલો કર્યા વગર ફરીથી એ કેદીને તેની પાસે પાછો મોકલ્યો છે. લોકોના મોટા ટોળાનો અવાજ ફરીથી કાને અથડાવા લાગ્યો.

થોડીવાર તો તે ઘણો ચકિત થયો, પરંતુ પાછો સ્વસ્થ થઈ ગયો. તેણે પોતાના સૈનિકો પાસેથી જાણી લીધું હતું કે, લોકોના જયજયકાર સાથે જેણે યરૂશાલેમમાં થોડા દિવસ અગાઉ પ્રવેશ કર્યો હતો તે જ તે કેદી હતો. એ સરઘસ તો ધાર્મિક અને શાંતિમય હતું, અને કોઈ રાજકીય હેતુસર ન હતું; કારણ કે તેઓની પાસે કોઈ સૈનિકો કે શસ્ત્રો ન હતાં. એ તમામ ઝઘડો ધાર્મિક હતો. એ વ્યક્તિની પ્રશંસાને કારણે તમામ યાજકવર્ગ તેની ઈર્ષા કરતો હતો, અને આથી જ તેઓ આવી ક્રૂરતા બતાવતા હતા. એ વ્યક્તિ કાઈસારની નહિ, પરંતુ યાજકોની આપખુદ સત્તાનો નાશ ઇચ્છતી હતી.

પિલાત વિચારમાં ડૂબી ગયો. "એ વ્યક્તિ તો આ બધા કરતાં ભલી છે. હું તો તેની શાંત અને શાનદાર પ્રકૃતિનો પ્રશંસક છું. એ ગાંડી જાતિ ઉપર તો મને મુદ્દલે દયા નહિ આવે."

હવે આ મામલામાં તેને વિશેષ જાણકારી પ્રાપ્ત થઈ છે એવું સમજીને તે પોતાના રક્ષકોની સાથે બહાર આંગણામાં આવ્યો. તે કોઈ નિશ્ચય કરીને આવ્યો હતો, અને તેને ખાતરી હતી કે, તેમાંથી એક તો જરૂર સફળ થશે.

જ્યારે ઈસુને ન્યાયાલયમાં લાવી રહ્યા હતા ત્યારે પ્રમુખયાજકે એક સૈનિક જેની પાસે એક પત્ર હતો તેને ઇશારાથી પાસે બોલાવ્યો.

કાયાફાસ બોલ્યો, " હે નામદાર પિલાત, હેરોદ તરફથી આ એક પત્ર છે."

પિલાતે ધ્યાનથી પત્ર વાંચ્યો. પત્ર મૈત્રીપૂર્ણ લખાયો હતો. પિલાતના કામથી હેરોદ પ્રસન્ન હતો અને તે ન્યાય આપવાને યોગ્ય છે, માટે કેદીને તેની પાસે પાછો મોકલ્યો હતો. પત્ર પિલાતની પ્રશંસાથી ભરેલો હતો, અને તે વાંચી વાંચીને પિલાત ગર્વથી ફુલાતો હતો. આમ છતાં તેને લાગ્યું કે હેરોદે જ જો એને ન્યાય આપ્યો હોત, તો ઠીક થાત; કારણ કે હેરોદ યહૂદીઓના રીતરિવાજોથી વિશેષ જાણકાર હતો.

પિલાત આરોપ મૂકનારાઓની સામે ફરીને બોલ્યો, " તમે આ માણસ લોકોને બહેકાવે છે એમ કહીને મારી પાસે લાવ્યા છો અને મેં તમારી નજર સામે તેની તપાસ કરી છે; પરંતુ જે દોષ તમે તેના ઉપર મૂકો છો એવું તો મને કંઈ જ એનામાં જણાયું નથી. હેરોદને પણ કોઈ દોષ તેનામાં દેખાયો નથી, માટે તેને મારી પાસે પાછો મોકલ્યો છે. મરણ પામવા યોગ્ય તેણે કંઈ જ કર્યું નથી, માટે હું તેને ફટકા મરાવીને છોડી દઈશ."

આ વાત સાંભળીને શોરબકોર એટલો વધી ગયો કે કંઈજ સંભળાયું નહિ. મહામહેનતે જ્યારે સૈનિકોએ ટોળાને શાંત કર્યું ત્યારે યાજકોએ કહ્યું કે, તેઓ આ નિર્ણય સ્વીકારશે નહિ.

પિલાતે યાજકોને તેઓનો નિર્ણય બદલવા માટે છેલ્લી તક આપી, પરંતુ તેની યોજના સફળ ન થઈ. પ્રતિક્ષણ વધતી જતી મેદનીને તેણે કહ્યું, " તમારો એ રિવાજ છે કે પ્રતિવર્ષ પાસ્ખાપર્વ સમયે તમારા માટે એક કેદીને છૂટો કરું."

ભીડમાંથી અવાજ આવ્યો, "હા, હે દયાળુ પિલાત, એ રિવાજ અનુસાર એક કેદીને છુટકારો આપો."

એક સૈનિક કેદીને બહાર લાવ્યો. ખબર નથી કેમ; પણ તેને શ્વેત પોશાક પહેરાવવામાં આવ્યો હતો. કદાચ આ મશ્કરીરૂપ પણ હોય; કારણ કે રાજાઓ શ્વેત પોશાક પહેરતા હતા તે કારણથી કે પછી તેની નિર્દોષતાને કારણે હોય! ગમે તે કારણે હોય, પણ હેરોદે તથા લોકોએ આવી ચેષ્ટા–મશ્કરી કરી હતી.

કેદીને જોઈને લાગતું હતું કે, તેના ઉપર પુષ્કળ અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો. આમ છતાં તેના મુખ ઉપર એવી અદ્ભુત ચમક હતી કે, જોનારાઓ તેનો આદર કરતા હતા.

પિલાતે પૂછ્યું, "શું તમારી એવી ઇચ્છા છે કે, તમારે સારુ આ યહૂદીઓના રાજાને મુક્ત કરું?"

પિલાત ટોળાનો જવાબ સાંભળીને ચકિત બન્યો. આખો દરબાર ટોળાના ઘાંટાથી ભરાઈ ગયો. બધા જ એક સાથે બૂમ પાડી ઊઠ્યા, "એને વધસ્તંભે જડાવ; અને અમારે વાસ્તે બારાબાસને મુક્ત કરો."

પિલાત નવાઈ પામ્યો. તેણે યોગ્ય જ કહ્યું હતું કે, તે યહૂદીઓના રીતરિવાજથી માહિતગાર નથી. ઈસુએ જ્યારથી યરૂશાલેમમાં પ્રવેશ કર્યો હતો ત્યારથી યાજકોએ લોકોમાં પ્રચાર શરૂ કર્યો હતો કે, એ વ્યક્તિ તેમને રોમનોના હાથમાંથી તેઓને ઉગારી શકશે નહિ. લોકોને ઉશ્કેરવાનું કામ કંઈ સરળ તો ન હતું, પરંતુ ઈસુનો ઉપદેશ હતો કે, તે કોઈ નવું રાજ્ય સ્થાપન કરવા આવ્યો નથી. તેનો ઉપદેશ હતો..........

"હું તમને કહું છું કે, જે ભૂંડો હોય તેની સામા ન થાઓ: જે કોઈ તારા જમણા ગાલ ઉપર તમાચો મારે, તેની તરફ બીજો પણ ફેરવ." (માથ્થી ૫ : ૩૯).

શું ઇસ્રાએલનો કોઈ આગેવાન આવું કહી શકતો હતો? શું આ ઉપદેશ રોમની સત્તા સામે ઝૂકી જવાનું અને આધીન રહેવાનું સૂચવતો નથી?

"પરંતુ હું તમને કહું છું કે, તમે તમારા વૈરીઓ ઉપર પ્રેમ રાખો, અને જેઓ તમારી પૂઠે લાગે છે તેઓને સારુ પ્રાર્થના કરો." (માથ્થી ૫ : ૪૪).

શું કોઈ બળવાખોર એમ કહી શકે કે......

"આવતી કાલની ચિંતા ન કરો," (માથ્થી ૬ : ૩૪).

આવા વ્યવહારથી કોઈ બળવાખોર સફળ નહિ થાય. એને માટે તો સાવધાનીથી યોજના કરવી પડે.

કર ભરવા સંબંધીનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો. રોમન સરકારને કર આપવો તે યહૂદીઓ માટે ઘૃણાજનક હતું; કારણ કે, કર આપવો તે આધીનપણું હતું. આ વ્યક્તિએ પોતાનો કર આપતાં કહ્યું હતું કે, "જે કાઇસારનાં તે કાઇસારને, અને જે દેવનાં તે દેવને ભરી આપો." (માથ્થી ૨૨ : ૨૧).

શું આ જ તે મહાન આગેવાન, મસીહ છે? ભવિષ્યવાદીઓએ જણાવેલ એ સામર્થ્ય અને મહિમાવાન વ્યક્તિની તુલના આ નમ્ર યુવાન સાથે થઈ શકે? આ યુવાન ભવિષ્યવાણી પૂર્ણ કરી શકે?

ઘણા એવા હતા જેઓ આ નવી વ્યક્તિનો ઉપદેશ પસંદ કરતા હતા; પરંતુ તેઓએ જોયું કે કોઈપણ ધાર્મિક આગેવાન તેને સાથ આપતા નથી, અને યાજકોએ કહેલી બાબતો માનથી સ્વીકારી લેતા હતા.

જો યાજકો એમ માનતા હોય કે, આ વ્યક્તિ ધોકાબાજ છે, તો હું એક સામાન્ય મનુષ્ય તેઓથી ઊલટો વિચાર કેવી રીતે કરી શકું? શું એ લોકો ભવિષ્યવાણીઓથી પરિચિત નહિ હોય?

આ ભીડમાં મોટી સંખ્યામાં તો એવા લોકો હતા જેઓ ગુંડાગીરીમાં ભાગ લેવા તૈયાર હતા. તેઓને કોઈ ધાર્મિક નિયમ સાથે સંબંધ ન હતો. તેઓ બધા ઝઘડાખોર લોકો હતા અને જ્યારે કેદીને પિલાત પાસે પાછો લાવવામાં આવ્યો કે તરત એ ઝઘડાખોરો ભીડમાં સામેલ થઈ ગયા હતા. હકીકતમાં તેઓ તો ગરબડ અને ધાંધલ મચાવવા માટે જ તેડાવ્યા હતા. યાજકો જાણતા હતા કે પિલાતની કેદી તરફ કૃપાદૃષ્ટિ દેખાતી હતી, અને આથી જ તેઓએ જૂઠા સાક્ષીઓ તૈયાર રાખ્યા હતા.

ઈસુ ખ્રિસ્તના મુકદ્દમાની સાથે સાથે તેઓએ બારાબાસનો મુકદ્દમો પણ રજૂ કર્યો હતો. આ તે જ વ્યક્તિ હતી જેણે પોતાના લોકોને કડક રોમન સત્તામાંથી છોડાવવાનો પ્રયત્ન કર્યો હતો. શું તેણે પોતાના પ્રાણની પરવા કર્યા વગર પોતાની ટોળીની મદદથી પોતાના લોકોને રોમન સિપાઈઓના અત્યાચારથી બચાવ્યા ન હતા ? આજે તે જ વ્યક્તિ ઇસ્રાએલ પ્રજા તરફની પોતાની વિશ્વાસયોગ્યતાને કારણે દંડ ભોગવી રહી હતી.

અને આ વ્યક્તિ ઈસુ ? તેણે તો ઇસ્રાએલના બચાવને કારણે એક આંગળી સુદ્ધાં ઉઠાવી ન હતી ! આ બન્નેમાંથી ઇસ્રાએલ પ્રજાનો મિત્ર કોણ હતો ?

પ્રજાની આંખમાં યાજકોના પ્રચારે ધૂળ નાંખી, અને બધા જ પિલાતની વિરુદ્ધ થઈ ગયા હતા.

રોમન સૈનિકોને પણ નવાઈ લાગી કે આ બધા લોકો પોતાના હાકેમની વિરુદ્ધ થઈ ગયા છે. જુવાન લુસિયસના મનમાં આનંદી તરંગો દોડવા લાગ્યા. તેને એમ લાગ્યું કે હમણાં જ તેઓને હુકમ આપવામાં આવશે કે આ યહૂદીઓને ગમે તે ભોગે મહેલની બહાર કાઢી મૂકો. તે બતાવવા માંગતો હતો કે કોઈ રોમન પોતાના જાનના

જોખમે પણ કેવી રીતે લડી શકે છે! પરંતુ એ પ્રકારનો હુકમ સૈનિકોને આપવામાં ન આવ્યો.

પિલાત, લોકોનો શોરબકોર શાંત થાય તેની રાહ જોતો હતો. એટલામાં એક સંદેશવાહકે કચેરીમાં પ્રવેશ કર્યો. તેણે કંઈપણ બોલ્યા વગર એક પત્ર પિલાતના હાથમાં આપ્યો. પત્ર ઘણો જ ટૂંકો હતો.

પત્ર પિલાતની પત્ની (કલોડિયા પ્રોકુલા)નો હતો જેમાં લખ્યું હતું, "તે ન્યાયીને તું કંઈ કરતો ના, કેમ કે આજે મને સ્વપ્નમાં તેને લીધે ઘણું દુઃખ થયું છે." (માથ્થી ૨૭:૧૯).

પિલાતનું મોં ફીકું પડી ગયું. તેના હઠીલા મન ઉપર જાણે કે વાદળ છવાઈ ગયું. આ વાત તો માનવી પડે તેમ હતું કે હાકેમ આવો જ્ઞાની હતો છતાં તે અભણ લુસિયસ માફક અંધવિશ્વાસુ હતો. તે પ્રથમથી જ જાણતો હતો કે, આ કેસ સંબંધી તેના ગ્રહ બગડેલા છે.

પરંતુ તે શું કરી શકે એમ હતું? જે પ્રજા ઉપર તેને આશા હતી તેઓએ જ તેને નિરાશા અર્પી હતી. તેણે કેદી તરફ જોયું જે ઘણો ધીરજવાન, નમ્ર અને નિર્દોષ નજરે પડતો હતો. તે ફરીથી એકવાર આ કેદી સાથે વાત કરવા અંદર ગયો, અને થોડીવાર પછી પૂરા નિર્ણય સાથે બહાર આવ્યો કે કેદી નિર્દોષ છે. પરંતુ લોકોએ તો બારાબાસને માફી બક્ષીને મુક્ત કરાવવાનું નક્કી કરી મૂક્યું હતું.

લોકો બૂમ પાડી રહ્યા હતા, "બારાબાસને મુક્ત કરો."

પિલાતે કહ્યું, "તમે બારાબાસને છોડાવવા માંગતા હો તો તેમ કરી શકો છો; પણ સારી પેઠે જાણી લો કે, બારાબાસ રોમન સત્તા સામે લડે છે. તેણે યાત્રાળુઓને લૂંટીને તેઓ માટે મુસાફરી

કરવી મુશ્કેલ બનાવી દીધી છે. જો હું તેને છોડી દઉં તો એવી કઈ ખાતરી છે કે તે ફરીથી એવો ગુનો નહિ કરે? હવે રહી ઈસુની વાત. પણ મને તો તેનામાં કંઈ ગુનો જણાતો નથી. આથી ફરીથી એકવાર પૂછી લઉં છું કે, આ બન્નેમાંથી તમારે માટે કોને છોડી દઉં?"

ભીડમાંથી ફરીથી ઉત્તર આવ્યો, "બારાબ્બાસને."

"તો આ ઈસુને હું શું કરું?"

લોકોએ કઠોરતાથી જવાબ આપ્યો, "તેને વધસ્તંભે જડાવ, વધસ્તંભે જડાવ."

"પણ શા માટે?" પિલાતે કહ્યું. "તેણે શું ગુનો કર્યો છે? મૃત્યુદંડ આપવા જેવું તેણે કંઈ જ કર્યું નથી. હું તેને માત્ર ફટકાની સજા કરી છોડી દઈશ."

પિલાતે એમ માન્યું કે ફટકાની સજા સાંભળીને લોકોને સંતોષ થશે, કારણ કે ટોળામાંના ઘણા કોરડાની સજાથી પરિચિત હતા.

પિલાતના આ કમજોર શબ્દો સાંભળીને કોણ કહી શકે કે, આ તે જ અધિકારી છે જેની પાછળ આખા રોમની શક્તિ પડેલી છે.

રોમન ન્યાયશાસન પ્રમાણે કોઈ નિર્દોષને ફટકાની સજા તો શું પણ દંડ પણ થઈ શકતો ન હતો; છતાં તે બોલી બેઠો હતો કે, તે તેને ફટકાની શિક્ષા કરશે.

પરંતુ યાજકોના જૂઠા પ્રચાર અને ઉશ્કેરણીથી અને પોતાના હાકેમની નબળાઈ પારખી લઈને લોકોએ વધુ જોરથી પોકાર્યું કે, "તેને વધસ્તંભે જડાવ."

થોડી ક્ષણો પિલાતે પોતાનું મસ્તક નીચે ઝુકાવ્યું. એક તરફ આ નિર્દોષ કેદી હતો જેનાથી તે પ્રભાવિત થયો હતો, અને તેને

એમ લાગતું હતું કે, પરમેશ્વર તેને અન્યાયને બદલે ન્યાય કરવાની અને ભલાઈ બતાવવાની વારંવાર તક આપતો હતો, તો બીજી તરફ આ નિર્દય ટોળું હતું. આ ટોળું નિર્દયતા બતાવીને શુંનું શું કરી બેસે. એ લોકોએ કેવળ અત્યાચાર જ નહોતો કર્યો, પરંતુ પોતાની ફરિયાદ રોમ સુધી પહોંચાડી હતી. શું તે પોતાના હોદ્દાનો અધિકાર બતાવીને મૃત્યુદંડ રોકવાનું સાહસ કરી શકશે? કાઇસારનો છેલ્લો આદેશ હતો કે, આ લોકો તરફ વધુ ક્રોધ બતાવશો નહિ.

હું જો આ માણસને બચાવી શકું તો કેવું સારું! પરંતુ હું તે કરી શકતો નથી. હું મારો હોદ્દો પણ છોડવા તૈયાર નથી... પિલાત વિચારવમળમાં તણાયો.

નિરાશ થઈને તે બોલ્યો, "તેં પોતે જ તારો ન્યાય કર્યો છે." તેણે એક સૈનિકને વાસણમાં પાણી લાવવા જણાવ્યું. ઘણી નિરાશા અને ચિંતાથી તેણે પોતાના હાથ પાણીથી ધોઈને કહ્યું, "આ નિર્દોષ માણસના લોહી સંબંધી હું નિર્દોષ છું; હવે તમે જાણો." (માથ્થી ૨૭ : ૨૪).

આ સાંભળીને યાજકથી માંડીને તમામ લોકોએ મોટેથી બૂમ પાડીને કહ્યું કે, "તેનું લોહી રેડવાનો દોષ અમારી અને અમારાં સંતાનો ઉપર આવો!" (માથ્થી ૨૭ : ૨૫).

આ પોકાર પછી થોડી ક્ષણો શાંતિ છવાઈ. એવું લાગ્યું કે લોકોએ પોતે જ તેનો ન્યાય કરી લીધો છે. જે લોકોએ જોશમાં અને ઉન્માદમાં દોષ પોતાને માથે લેવાનું સ્વીકાર્યું હતું, તેઓની વિવેકબુદ્ધિ હવે તેમને ડંખવા લાગી, અને પોતાના શબ્દો માટે પસ્તાવો થયો. "તેના લોહીનો દોષ અમારાં સંતાનો ઉપર આવો" એ શબ્દો કાનમાં ગૂંજવા લાગ્યા. એ માણસ જો ખરેખર મસીહ હશે તો શું થશે?

ન્યાયની દંડાજ્ઞાના શબ્દોએ એક વ્યક્તિ જે યહૂદી ન હતી તેની ઉપર ઘણી ગંભીર અસર થઈ. એ મૂર્તિપૂજક સૈનિક રાહ જોઈ રહ્યો હતો કે, હમણાં જ હાકેમ એ યહૂદીઓને બહાર હાંકી કાઢવા તેઓ ઉપર તૂટી પડવા જણાવશે, પણ આ શું થયું?

તેને આ જોઈને આશ્ચર્ય થયું કે, શક્તિશાળી રોમનો એક અધિકારી એક તુચ્છ અને ઘૃણાજનક પ્રજાની વાતો આગળ ઝૂકી પડ્યો. નવાઈની વાત તો આ હતી કે, આ અધિકારી પેલા કેદીની નિર્દોષતાનો વારંવાર ઉલ્લેખ કરતો હતો. આમ છતાં તેણે શા માટે આવો ન્યાય કર્યો? કઈ બાબતે તેને અદલ ઇન્સાફ કરતાં રોક્યો?

એક રોમન, અને ડરપોક! લુસિયસ જાણતો હતો કે, મારકસ એક વીર પુરુષ હતો છતાં આ બાબત માટે તેણે તેને ટોણો માર્યો. પિલાત વીર હતો અને પોતાના સૈનિકો સમક્ષ તેણે વીરતાનો આદર્શ મૂકવાનો હતો, પરંતુ આજે તો તેનો વ્યવહાર કોઈપણ રોમન માટે શોભાસ્પદ ન હતો. આવું કદી ન બનવું જોઈએ. આ તો અસહ્ય છે. લુસિયસને લાગ્યું કે, કદાચ તેણે જોવા–સાંભળવામાં ભૂલ કરી હોય!

હા! સંભવ છે કે આ તમામ બાબતો...આ ટોળું, પિલાત, ઈસુનો ન્યાય વગેરે કેવળ એક સ્વપ્ન હોય!

ના, પણ એ સ્વપ્ન ન હતું. તમામ બાબતો તો સત્ય હકીકત હતી. લુસિયસને લાગ્યું કે, તેના પગ નીચેથી જમીન ખસી રહી છે. તે રોમ અને રોમનોનો આદર કરતો હતો. રોમન સામર્થ્ય જાણે કે તેનો પ્રેમ, તેનું જીવન, તેનો ઈશ્વર હતાં. પરંતુ હવે તેનો ઈશ્વર ડગમગી રહ્યો હતો—નીચે ગબડી રહ્યો હતો.

એકાદ ક્ષણ તો તેને લાગ્યું કે, પોતે સૈનિક-શિસ્તને એક બાજુ હડસેલી પિલાત આગળ પડીને કહે, "હે મહાન પિલાત, આ લોકોની

વાતો ઉપર વિશ્વાસ ન કર; અમને આજ્ઞા કર કે, અમે તમારા ઇન્સાફને ઊંચો કરીએ, અને તેમને બતાવીએ કે, અમે રોમનો શું કરી શકીએ છીએ." પરંતુ વહીવટી શિસ્તની ભારે બેડીઓમાં જકડાયેલો તે એવું કરી શકયો નહિ.

જ્યારે પિલાત પોતાના હાથ ધોઈને પોતાની નિર્દોષતા જાહેર કરતો હતો, ત્યારે એકાએક લુસિયસના સ્વભાવમાં પરિવર્તન આવ્યું. હવે જાણે કે તે શ્રમિત થયેલો, ધોખો ખાધેલો, નિરાશ તથા મરવા આતુર જણાયો; કારણ કે હવે તેના જીવનમાં કોઈ મતલબ કે આશય બાકી ન હતાં.

ભીડના પોકારોની સાથે તેને લાગ્યું કે, રોમ પણ ગબડી ગયું છે, અને હવે તેને જીવતા રહેવાની કોઈ ઇચ્છા રહી નથી.

## પ્રકરણ ૮

ચુકાદો આપી દીધો હોવાથી, પિલાત પોતાના કર્મચારીઓ સાથે ન્યાયસભાની બહાર આવ્યો. પોતાના કમરા તરફ જતાં અગાઉ તેણે ઘૃણા અને નિરાશાથી હુકમ આપ્યો કે, બારાબાસને છોડી મૂકવામાં આવે, અને ઈસુને કોરડા ફટકારવાની શિક્ષા કરવામાં આવે. સૈનિકો ઈસુને લઈ ને કિલ્લામાં પાછા આવ્યા.

સૂબેદારે હુકમ કર્યો, "કોરડા મારો." તેણે પાછળ ખસીને ચાલી ગયેલા મુકદ્દમા પર અને હવે બનનાર ઘટનાઓ સાથે પોતાની કામગીરી ઉપર ફિટકાર કર્યો.

આ મુકદ્દમાની શરૂઆતમાં ગાયસે વિચાર્યું હતું કે, આ એક ધાર્મિક પ્રશ્ન હતો, અને મંદિરના અધિકારીઓ તેનો નિર્ણય કરી શકે એમ હતું. સાક્ષીઓની જુબાનીઓ ઉપરથી એમ લાગતું હતું કે, તમામ સાક્ષીઓ જૂઠા હતા. બધા કર્મચારીઓ જાણતા હતા કે બધા લોકો તેમને રોમનોથી છોડાવવા માટે કોઈ અગ્રેસર શોધતા હતા. તો પછી આ વ્યક્તિ જે તેમની ઇચ્છા અનુસાર કાર્ય કરતી હતી તેનો દોષ શા માટે કાઢવો ? વાત ઘણી અજબ હતી.

સૂબેદારના મનમાં એક સંદેહ દઢ થતો જતો હતો કે, કેદી નિર્દોષ છે. ન્યાયસભામાં જ્યારે તેણે કેદીની સાક્ષી સાંભળી ત્યારે તેને કેદીની નિર્દોષતા વિષે અધિક ખાતરી થઈ. આ વ્યક્તિ કોઈ દુનિયાઈ સત્તા માટે તલસતી ન હતી. ઈસુની વાતો જે અગાઉ વિદ્રોહજનક લાગતી હતી, તે હવે જુદી રીતે સમજાવા લાગી. એ વ્યક્તિ કઈ બાબતની શોધમાં હતી, તે સૂબેદાર કહી શકે તેમ ન હતું; પરંતુ એટલું તો ચોક્કસ હતું કે, તે વ્યક્તિ રોમ ઉપર હુમલો કરવાની ન હતી.

મનમાં ને મનમાં ગાયસ લેપિડસે ઈસુનો પક્ષ લીધો હતો, અને હવે એ જ ગાયસને કેદી ઉપર આ અત્યાચાર ગુજારવાનું આવ્યું હતું. તેને માટે આ અસહ્ય બાબત હતી, અને તેના શરીરનો અણુએ અણુ આ અન્યાય સામે પોકાર પાડી રહ્યો હતો. પરંતુ, તેનું શું વળે? તેણે પોતાની લાંબી નોકરી દરમ્યાન એકપણ વાર પોતાના ઉપરીઓની આજ્ઞાઓનું ઉલ્લંઘન કર્યું ન હતું. પોતાના ઉપરીની આજ્ઞાની અવગણના તેના માટે સૌથી મોટું પાપ હતું. હવે શું થાય! આ ફરજ તો તેને બજાવવાની જ હતી.

બીજી તરફ જુવાન લુસિયસ જાણે કે ભાંગી પડેલો હોય તેવો પોતાની ઓરડીમાં આવ્યો. તેણે શરાબનો શીશો ખોલ્યો અને પીવાનું શરૂ કર્યું. જેમ જેમ શરાબની ગરમી તેના શરીરમાં ફેલાવા લાગી તેમ તેમ તેનું મન થોડું હલકું થવા લાગ્યું. તેણે વિચાર્યું કે, જિંદગી કંઈ એટલી ખરાબ તો નથી જ. જિંદગીનો છેવટનો મહિમા શું છે? શું કઠણ પરિશ્રમ કરવો અને દુઃખ ભોગવવું? પરંતુ દુનિયામાં એથી પણ વધારે ઉત્તમ વસ્તુઓ છે, અને શરાબ તથા ભોગવિલાસમાં તે બધું ભુલાવી દેશે. કોરડા મારવાની વાતનો જ વિચાર કરો ને! એ કેદી કંઈ એટલો શક્તિશાળી તો નથી અને કોરડાનો માર તે સહન કરી શકશે નહિ; અને છતાં તેના દુઃખમાં બીજાઓ આનંદ લૂંટશે.

લુસિયસ ફરીથી ઓરડી બહાર નીકળી ગયો. તેનો મિત્ર પોર્સિયસ જે કોરડા મારનારામાંનો એક હતો તે પણ કામથી પરવારીને બહાર નીકળ્યો હતો, અને અચાનક લુસિયસને તેનો ભેટો થયો.

લુસિયસે તેને કહ્યું, "મેં વિચાર્યું કે, ચાલો, પેલા રાજાને જોઈ આવું કે, તેની હાલત કેવી છે."

પોર્સિયસ જેણે કોરડા માર્યા હતા તેણે કહ્યું, "અરે, મને તો આ સમજાતું જ નથી; મને તો કંઈ મજા ન પડી. એ કેદી

દેખાવમાં તો કમજોર લાગે છે, અને મેં મારી પૂરી તાકાતથી તેને કોરડા ફટકાર્યા, પરંતુ તેના મુખમાંથી એક આહ સુદ્ધાં ન નીકળી. પેલા ક્વીન્ટસનું પણ કંઈ વળ્યું નહિ.

તમામ સૈનિકો ટોળે વળીને ત્યાં તમાશો જોવા ઊભા હતા કે કોરડાના મારથી તે કમજોરી, દુઃખ કે વિદ્રોહી સ્વભાવ બતાવે જેથી બધા ઠેકડી ઉડાવીને ટોણા મારે. બહુ જ ક્રૂરતાથી કોરડા વીંઝાતા હતા, અને પ્રત્યેક ફટકાને કારણે તેના શરીરમાંથી લોહીની શેરો ચારેતરફ ઊડતી હતી. તેનું શરીર ઝૂકી પડ્યું હતું. તેની લોહીલુહાણ પીઠ અને સફેદ પડી ગયેલું મોં જોઈને જોનારાઓને તેની દયા આવતી હતી, પરંતુ પશુ જેવા ક્રૂર સૈનિકો ઉપર તેની કોઈ અસર પડતી ન હતી; ઊલટું તેઓ લાગણીહીન પશુઓ માફક હસી રહ્યા હતા.

લુસિયસ કંઈક ગર્વથી બોલ્યો, "એવું લાગે છે કે, તે પણ પેલા મ્યુસિયસ જેવો બહાદુર છે જેણે પોતાના હાથ બળી ગયા ત્યાં સુધી અગ્નિની ઝાળમાં રાખ્યા હતા. પરંતુ, ના, આ કેદી એ મ્યુસિયસ જેવા વિદ્રોહી સ્વભાવનો નથી. એ તો એક ઘેટું, જે ભાગ્યને આધીન થઈને પોતાનો જીવ આપે છે તેના જેવો છે."

પોતાના મિત્રની વાત ન સમજીને પોર્સિયસે તેની મશ્કરી કરતાં કહ્યું, "શું તું એક સ્ત્રી છે કે તારા દિલમાં દયા આવી રહી છે?"

લુસિયસ મિત્ર તરફ ફરીને બોલ્યો, "પાગલ, શું આપણે કોઈનું દુઃખ જોઈને સમજી ન શકીએ?"

"હા! હા! હા!" પોર્સિયસ હસી પડ્યો; અને આ રીતે ચારેતરફથી હસવાના, ઠઠ્ઠા–મશ્કરીના અવાજો અથડાવા લાગ્યા.

"હે રાજા! તારા સૈનિકો ક્યાં છે? તને બચાવવા તેઓ આવતા નથી?"

"ફટકાઓના રાજાને નમસ્કાર!"

"લોહીલુહાણ પીઠના રાજા, નમસ્કાર! હા, હા, હા!"

"જે રોમની વિરુદ્ધ સત્તા ફેલાવા માંગે છે તેનો રોમન સરકાર આ રીતે જ સત્કાર કરે છે!"

"આપણે તેને વધસ્તંભે જડવાને બદલે, તેને સરઘસ આકારે રોમમાં ફેરવવો જોઈએ."

આ રીતે ચારેતરફથી ઠઠ્ઠા-મશ્કરી થતી રહી. એક એવી ભવિષ્યવાણી હતી કે,......

"નિંદાએ મને હૃદયભંગ કર્યો છે, અને હું મરણતોલ થયો છું; મેં કરુણા કરનારની વાટ જોઈ, પણ કોઈ જડચો નહિ; દિલાસો દેનારની રાહ જોઈ, પણ કોઈ મળ્યો નહિ." (ગી. શા. ૬૯ : ૨૦).

પરંતુ આ જોનારાઓમાં એક વ્યક્તિ હતી જેની ઉપર આ દશ્યનો પ્રભાવ પડતો હતો. જ્યારે મુકરર સંખ્યાથી અધિક કોરડા મારવા લાગ્યા ત્યારે સૂબેદારે તેને ગુસ્સાથી બૂમ પાડીને રોકચો, "બસ કરો." "શું તું મૂર્ખ છે કે પછી તને ગણતરી કરતાં આવડતું નથી? શું વધસ્તંભે જડાવવા માટે એક લાશ બાકી રહેવા દેશે? અને જો એવું બનશે તો પિલાત તારી અને મારી પીઠ પણ એના જેવી જ કરશે."

સૂબેદાર જાણતો હતો કે, સૈનિકોની મજાક-મશ્કરી હજુ અધૂરી જ હતી. બધા સૈનિકો તેને ઘસડીને રોમન ગવર્નર-ભવનમાં લઈ ગયા.

લુસિયસ હજુ પણ શરાબના નશામાં હતો, આથી તે પણ ઠઠ્ઠા-મશ્કરીમાં સામેલ થયો.

"મિત્રો," તેણે કહ્યું, "તમે લોકો નથી જાણતા કે, આજે આપણા ઉપર કેટલો મોટો ઉપકાર થયો છે! આજે આપણી વચમાં

એક રાજા ઉપસ્થિત છે! રાજાઓનો રાજા! યહૂદીઓનો રાજા!" આમ બોલીને ઢોંગી આદર બતાવીને તે કેદી આગળ નમ્યો.

બીજા સૈનિકો પણ બૂમ પાડી ઊઠયા, "હે રાજા, નમસ્કાર!" એક સૈનિક હાથ ઉઠાવીને જોરથી કેદીને મારવા લાગ્યો, અને મારના ભારથી કેદી ઝૂકી ગયો.

લુસિયસે આગળ બોલતાં કહ્યું, "અરે! મને નવાઇ લાગે છે કે, ઇસ્રાએલ જેવો મહાન દેશ પોતાના રાજાને ઉચિત પોશાક પહેરાવતો નથી, પરંતુ આપણે રોમનો તો મહેમાનગીરી કરી જાણીએ છીએ. જાઓ, તેને માટે એક સુંદર વણસીવેલો ઝભ્ભો લઈ આવો!"

બીજાઓએ પણ સૂર પુરાવ્યો, "હા, હા, એવો જ પોશાક લાવો."

કોઈએ એક ગંદો પરંતુ વણસીવેલો ઝભ્ભો શોધી કાઢ્યો. લુસિયસે તે લઈને ઈસુના શરીર ઉપર ફેંક્યો. અને જામો પણ લોહીથી ખરડાઈ ગયો.

લુસિયસે કહ્યું, "શાબાશ! આ રંગ તો રાજાઓના માટે યોગ્ય જ છે. ચાલો, સારું થયું કે આવો જામો આપણી પાસે હતો; પરંતુ થોભો! એક માથાના મુગટની પણ જરૂર લાગે છે. હું માનું છું કે, આ રાજાને મુગટ વિના તો તમે એક ક્ષણ પણ જોવા નહિ ચાહો, ખરું ને?" "મુગટ ન પહેરાવવો તે રાજકીય મહિમા વિરુદ્ધ છે. જાઓ, મૂલ્યવાન રત્નોથી જડિત એક મુગટ લઈ આવો!"

આ પ્રકારનો હુકમ કરવો તો સરળ હતું, પરંતુ તે અમલમાં મૂકવું મુશ્કેલ હતું. બહુ તપાસને અંતે પણ તેઓને એવી ચીજ પ્રાપ્ત ન થઈ જે મુગટનું કામ આપી શકે.

"ખેર! જવા દો." એ યુવાન સૈનિકે અફસોસ કરતાં કહ્યું. "હું એક મુગટ બનાવીને જ લઈ આવું છું. એક મુગટની જગ્યાએ

તેણે લીલા વેલામાંથી ગૂંથેલો તાજ પહેરવો પડશે ! પણ કંઈ નહિ. આવો તાજ પણ જીત મેળવવાનું પ્રતીક હોય છે !"

લુસિયસ એક વેલો તોડવા બહાર ગયો. જ્યાં તેણે એક કાંટાળી વેલ જોઈ. તે વેલ જોઈને આનંદથી પોકારી ઊઠ્યો, "અરે ! આ મળી ગઈ !" તેણે પોતાની તલવારથી એક લાંબી વેલ કાપીને તે પાછો આવ્યો. તેણે વેલ ગૂંથીને એક તાજ બનાવ્યો. વેલ ગૂંથતાં તેને પણ કાંટા વાગતા હતા, પરંતુ બડબડાટ સાથે તેણે છેવટે કામ પૂરું કર્યું.

તેણે વિજયવંત સ્વરોમાં કહ્યું, "જુઓ, હે મહાન રોમના શૂરવીરો, અહીં જુઓ ! આ રહ્યો તાજ ! ઇતિહાસનો સૌથી પ્રસિદ્ધ તાજ !"

આ યુવાન સૈનિક જે વાત અત્યારે મશ્કરીમાં કહી રહ્યો હતો, તે ખરેખર સાચી પડશે તેવું કોઈએ વિચાર્યું નહિ હોય ! એ તાજ કાઇસારના તાજથી પણ મહાન હતો.

"સાચાં રત્નોથી તે કેવો ઝળહળે છે" એમ બોલીને તેણે વેલ હલાવી અને વેલમાંથી ઝાકળનાં બિંદુઓ બહાર ટપકી પડ્યાં.

તેણે કાંટાના તાજને ઉઠાવ્યો અને બધા હસવા લાગ્યા, "ખરેખર, આ તાજ અતિ સુંદર છે !" હસવાનો ઘોંઘાટ ઓછો થયો એટલે તે બોલ્યો, "હવે આપણે તેનો એવો રાજ્યાભિષેક કરીશું જેવો કદી કોઈનો થયો નથી."

તે કેદી પાસે ગયો. કેદીનું મોં પીળું પડી ગયું હતું, અને તે એવો શાન્ત ઊભો હતો જાણે કે તેણે કોઈની મજાક-મશ્કરી સાંભળી નહિ હોય.

તાજ ઊંચો ઉઠાવીને તે બોલ્યો, "હે ઈસુ ! અમે તને યહૂદીઓનો રાજા બનાવીએ છીએ," આમ બોલીને તેણે પોતાની પૂરી

તાકાતથી કેદીને માથે એ તાજ પહેરાવી દીધો. તમામ જોનારાઓ જોરજોરથી હસવા લાગ્યા.

તાજના અણીદાર કાંટા એટલા જોરથી તેના માથામાં વાગ્યા કે એક ક્ષણ તો કેદી અસ્વસ્થ થઈ ગયો. જ્યાં જ્યાં કાંટા પેસી ગયા ત્યાં ત્યાં લોહી નીકળવા લાગ્યું.

સૈનિકે પોતાની શેતાનિયતથી ચમકતી આંખો કેદી તરફ તાકીને તેની આગળ ઘૂંટણ ટેકવ્યા અને બોલ્યો, "હે રાજા, પ્રણામ !" લુસિયસ આગળ બોલવા ગયો કે, "હું તને"...એટલામાં તેની કાળી આંખો કેદીની ઉદાસીન ભૂરી આંખો સાથે ટકરાઈ અને એકાએક એક અદ્‌ભુત ઘટના બની.

તેના મોં ઉપરના ઠઠ્ઠા–મશ્કરીના ભાવોને બદલે જાણે કે તેના મોં ઉપર ભય છવાઈ ગયો; કારણ કે જે પુરુષ તેની સામે ઊભો હતો તે સર્વથી શ્રેષ્ઠ હતો.

ધન્ય છે એ લોકોને જે આ સત્ય સ્વીકારે છે, અને તેને એ રીતે મહાન માને છે.

આ જુવાન સૈનિક આદરભાવથી લાંબા સમય સુધી તેની સામે ઝૂકી રહ્યો. થોડીવાર તો તેના મિત્રો ઠઠ્ઠા–મશ્કરીમાં ચાલુ રહ્યા, પરંતુ ધીમે ધીમે તેઓ ઉપર પણ અજબ ભાવ ફેલાવા લાગ્યો. થોડીવાર પછી એ જગ્યાએ શાંતિ છવાઈ ગઈ.

લુસિયસ સ્વપ્ન જોતો હોય તેમ બહુ જ ધીમા સ્વરે પોતાનું અધૂરું વાક્ય પૂરું કરતાં કહ્યું : "......મારી વિશ્વાસયુક્ત ભક્તિ અર્પણ કરું છું." એક દર્દભરી ચીસ નાખીને તે ઊભો થઈ ગયો, અને થોડે દૂર એક બારી પાસે ઊભો રહ્યો. તેનું મોં બહારની તરફ હતું, પરંતુ તેની આંખોએ ન તો બહારની ભીડ જોઈ, કે તેના કાનોએ બહારથી આવતા અવાજો કે અંદરથી તેના મિત્રોના તેને બોલાવતા

અવાજો સાંભળ્યા. હવે તેની આંખો સામે એક જ દશ્ય હતું, અને તે ઈસુ મસીહનું લોહીથી ખરડાયેલું મુખ, અને તેની નમ્ર આંખો જે અત્યારે તેને ભયાનક લાગી રહ્યાં હતાં. તેના દિમાગમાં અત્યારે એક અજબની હલચલ મચી રહી હતી જેને કારણે તે પોતાને તિરસ્કારવા લાગ્યો. ઈસુ મસીહની આંખો જાણે તેને ટોણા મારી રહી હતી. તેના કઠોર હૃદય ઉપર મોટો પ્રભાવ પડયો હતો.

બીજા સૈનિકો જેઓ પોતાના સાથીના વર્તન ઉપર ચકિત બન્યા હતા, તેઓ ફરીથી બધું ભૂલી જઈને પોતાની ક્રૂર મશ્કરીમાં સામેલ થયા.

સૂબેદાર આવી પહોંચ્યો. તેને ધારણા હતી તેવું જ દશ્ય તેણે નિહાળ્યું, અને તેનું હૃદય ઘૃણાથી ભરાઈ ગયું. તેનું ધ્યાન એક અજબ બાબત તરફ ખેંચાયું. તેણે જોયુ કે લુસિયસ જે આવાં તોફાનોમાં અગ્રેસર બનતો હતો, તે બારીની પાસે શાંત ચિત્તે બેઠેલો હતો.

સમય વહે જતો હતો અને મોડું થતું હતું. તેણે વિચાર્યું કે, આ બધું જલદી પતે તો ઠીક; કારણ કે હજુ તો ઘણાં અપમાનિત લાગે તેવાં કાર્ય કરવાનાં બાકી હતાં. તે જાણતો હતો કે, કામ જલદી પતાવવાનો શ્રેષ્ઠ માર્ગ તો આ હતો : કરવાનાં બાકી કામ વિષે ઓછું વિચારવામાં આવે, અને જે કરવાનું હોય તે જલદી પતાવવામાં આવે.

તે દરવાજે ઊભો રહ્યો, અને વધસ્તંભે જડવાની તૈયારી કરવાનો હુકમ આપવાની તૈયારીમાં હતો એટલામાં પિલાત તરફથી સંદેશો આવ્યો કે, તે કેદીને લઈને મહેલમાં આવે. પિલાતે કદાચ તેનો વિચાર બદલ્યો છે એમ માનીને તે આનંદિત બન્યો. છેવટે રોમ બદનામીથી બચી જશે, અને તેને આવું ભયાનક કામ નહિ કરવું પડે. થોડીવારમાં તે હેરોદના મહેલ તરફ જવા નીકળ્યો.

પિલાત, પોતાનો ફેંસલો આપી દીધા બાદ હવે તે ફરીથી આ મામલામાં હાથ ઘાલવા ઇચ્છતો ન હતો; છતાં તેની વિવેકબુદ્ધિએ

સૂબેદારે વિચાર્યું, "પરમેશ્વરનો પુત્ર!" "હવે મને સમજાયું કે, જ્યારે તેણે કહ્યું કે, મારું રાજ્ય આ જગતનું નથી ત્યારે તેનો શું અર્થ થતો હતો?"

જુવાન લુસિયસ પણ કંઈ આવું જ વિચારી રહ્યો હતો. "પરમેશ્વરનો પુત્ર! હવે મને ખબર પડે છે કે તે મને પ્રભાવિત કેમ કરે છે! હા, ઘણી વાર એવું બન્યું છે કે, દેવના પુત્રને દુઃખ વેઠવું પડ્યું છે. કેટલાક ઘેટાં ચરાવનારાઓએ મને કહેલી વાત યાદ આવે છે."

પિલાત કેદીની સાથે પૂછપરછ કરવા ફરીથી ન્યાયાલયમાં ગયો હતો. પાછા આવીને ઈસુને છોડાવવાનો તેણે અથાગ પ્રયત્ન કર્યો.

કાયાફાસે કહ્યું, "જો તું એને છોડી દેશે, તો તું કાઇસારનો વફાદાર નથી. જે કોઈ પોતાને રાજા બનાવે છે તે કાઇસારનો સામનો કરે છે."

હાકેમનું મોં પીળું પડી ગયું. આ લોકોની ડખલમાં હાથ ન ઘાલવાની તેને ચેતવણી મળી ચૂકી હતી. કોણ જાણે કદાચ ફરીથી તેઓ તેની સામે ફરિયાદ કરવા જાય. શહેનશાહ તાઇબેરિયસ તો તે જ વાત નહિ જ સાંભળે. ના, ના, આ વાત તો તેના કાને નહિ જ પહોંચવી જોઈએ.

તો પછી આ ઈસુનું શું? તે તો અદ્ભુત છે. કદાચ તે અવિનાશી છે; કારણ કે તેણે આશ્ચર્યજનક કામો કર્યાં છે. અને જો તે અવિનાશી નથી, તો પછી એના આ શબ્દોનો શું અર્થ કે, "મારું રાજ્ય આ જગતનું નથી." (યોહાન ૧૮ : ૩૬)... "ઉપરથી તને અપાયા વગર મારા પર તને કોઈપણ અધિકાર ન હોત." (યોહાન ૧૯ : ૧૧).

અફસોસ! "આ કેસ મારા હાથમાં કેમ આવ્યો?" પિલાતે વિચાર્યું. તે ઈસુને બહાર લાવ્યો અને તેના તરફ ઇશારો કરીને કહ્યું, "જુઓ! આ રહ્યો તમારો રાજા." (યોહાન ૧૯ : ૧૪).

લોકોએ ઘાંટો પાડીને કહ્યું, "તેને લઈ જા, અને વધસ્તંભે જડાવ."

પિલાત સમજી ગયો કે, તેની હાર થઈ છે. તેને આ કેદી પસંદ હતો, છતાં તેને કારણે તે નોકરી ગુમાવવા ઇચ્છતો ન હતો.

ટોળામાં એવું વાતાવરણ જામ્યું હતું કે, જો તક મળે તો તેઓ તેના અને તેના સૈનિકોના ટુકડેટુકડા કરી નાખે. સૂર સિવાય બીજું નજીકનું સ્થળ ન હતું જ્યાંથી તે લશ્કરની મદદ મેળવી શકે. ના, ના, જેનો કોઈ બેલી નથી તેને માટે પોતાનું બલિદાન આપવું તો વ્યર્થ છે.

પિલાતે નિર્દોષ કેદી તરફ જોયું. પોતાની સ્થિતિ તરફ તેને તિરસ્કાર આવ્યો, છતાં જો તે કેદી અવિનાશી હોય, તો તેની દૃષ્ટિમાં પોતાને નિર્દોષ બતાવવા તેણે છેલ્લો પ્રયત્ન કર્યો, અને ટોણો મારતો હોય તેમ ટોળાને પૂછ્યું, "શું, આ તમારા રાજાને વધસ્તંભે જડાવું?"

યાજકો જેઓ ગુપ્તમાં તો રોમની વિરુદ્ધ હતા તેઓએ બૂમ પાડીને કહ્યું, "કાઇસાર સિવાય અમારે કોઈ રાજા નથી." (યોહાન ૧૯ : ૧૫ ).

આ હાકેમ જે દેખાવમાં વીર હતો અને જાણતો હતો કે, પોતે ખોટું કામ કરી રહ્યો છે, તેણે એવી કાયરતા બતાવી જે સદા તેને બદનામ કરતી રહેશે!

હવે રહી લુસિયસની વાત...તેણે એક વિશ્વાસ ગુમાવીને બીજો વિશ્વાસ પ્રાપ્ત કર્યો હતો, જે તેને તેની ઇચ્છા કરતાં પણ વિશેષ મહાન બનાવવાનો હતો.

# પ્રકરણ ૯

**સૂબેદાર** ગાયસ લેપિડસ શ્રમિત હતો...શરીર અને આત્મામાં, કારણ કે દિવસભર કામમાં ડૂબેલો હતો. મોં ચઢાવીને તેણે સ્મરણ કર્યું કે, તેની કામગીરી તેને કદી પસંદ પડી ન હતી. તેને પોલીસ બનવાને બદલે સૈનિક બનવું પડ્યું હતું. આજે સૈનિકની ફરજો બજાવવા તે બિલકુલ ઉત્સુક ન હતો. આજે તેને કોણ જાણે શું થઈ ગયું હતું. સૈન્યમાં ભરતી સમયે જ્યારે તેને તેડું આવ્યું, ત્યારે પોતાના ઘરની અને ભવિષ્યમાં સંસાર માંડવાની તમામ ઇચ્છાઓને સેનાના પુકારે ભુલાવી દીધી હતી. આજે તેણે જાણ્યું કે, તેનો કોઈ પુત્ર નથી જે તેના મરણ બાદ દેવતાઓને પિંડ ચઢાવે. જો લડતાં લડતાં નહિ મરે તો એક દિવસ જરૂર તે...

"ખેર ! ભૂલી જાઓ આ સઘળી બાબતો"--તે મનમાં બબડ્યો અને ફરજ બાબતે વિચારવા લાગ્યો.

સૌપ્રથમ તો તેણે લુસિયસ અને એક બીજા સૈનિકને ફરજ સોંપી કે કિલ્લાના દ્વાર પર વિશેષ સૈનિકો ઊભા રાખવામાં આવે, જેથી દર મિનિટે વધતી જતી ભીડ અંદર પ્રવેશ ન કરી શકે.

ઇસુના શરીર ઉપરથી જામો ઉતારી લેવામાં આવ્યો, અને તેને પોતાનાં વસ્ત્રો પહેરાવ્યાં. નીચેના કેદખાનામાંથી બે કેદીઓને ઉપર લાવવામાં આવ્યા. આ બન્ને ડાકુ ટોળીના હતા. તેઓને કોરડાથી શિક્ષા કરવામાં આવી હતી. પોર્સિયસ જાતે જ કોરડો લઈ ને સાથે આવ્યો જેથી ચાલવામાં કોઈ આળસ ન કરે. થોડા મજબૂત સૈનિકોએ વધસ્તંભો બહાર કાઢ્યા. જ્યારે બધું તૈયાર થઈ ગયું ત્યારે આગળ વધવાનો હુકમ આપવામાં આવ્યો.

આ નાનું ઝુંડ બહાર નીકળ્યું કે તરત એવો શોર મચ્યો કે, કિલ્લાના પાયા હાલી ઊઠે. કેવળ રસ્તા ઉપર જ નહિ, પરંતુ દરેકે દરેક જગ્યાએ જ્યાં લોકો ઊભા રહી શકે તેમ હતું ત્યાં ભારે ભીડ હતી.

સૂબેદાર, તેના સૈનિકો અને કેદીઓને આગળ વધવા રસ્તો કરી આપવા થોડા ઘોડેસવારો એકદમ આગળ આવ્યા. એક ઘોડેસવાર ઝડપથી આગળ વધ્યો, અને લોકોએ ગભરાઈને તરત રસ્તો મોકળો કર્યો.

પાછળ સૂબેદાર ગંભીર મુખમુદ્રા સાથે આગળ વધ્યો, અને તેની પાછળ સૈનિકો તથા કેદીઓ. તમામ ભીડ ઈસુ ઉપર તૂટી પડી અને રક્ષકોના ભાલા પણ લોકોને હટાવવા કારગત ન નીવડ્યા. લોકોને પાછળ ધકેલ્યા. કોઈ કોઈ જગ્યાએ રસ્તો એટલો સાંકડો હતો કે, તલવાર–ભાલા લોકોને કાબૂમાં રાખવા અસમર્થ હતા. લોકો જ્યારે ધસી આવતા ત્યારે સૈનિકો પોતાની ઢાલો અને શરીરની ઓથ લઈને કેદીઓને સંભાળી લેતા. આ લોકો પેલા બે કેદીઓને જોવા એટલા ઉત્સુક ન હતા જેટલા તેઓ જેને તેઓ જૂઠા મસીહ તરીકે ઓળખતા હતા તે કેદીને જોવા ઉત્સુક હતા.

આટલા બધા લોકો ક્યાંથી આવી ગયા તે લુસિયસ સમજી શક્યો નહિ. એને એવું લાગ્યું કે સારી દુનિયા આજે અહીં ઊભરાઈ રહી છે. લોકો સાંકડી ગલીઓમાં દીવાલોને ચોંટીને ઊભા હતા. આખા રસ્તે સ્ત્રીઓ, બાળકો ઘરનાં છાપરાં ઉપરથી કે બારીમાંથી આ દૃશ્ય જોઈ રહ્યાં હતાં. આ લોકો પણ એકબીજાને ઇશારા કરી ઠઠ્ઠા–મશ્કરી કરી રહ્યાં હતાં.

લુસિયસ કામગીરીમાં વ્યસ્ત હતો, છતાં તેણે જોયું કે, કેટલીક સ્ત્રીઓ વિલાપ કરતી કરતી દુઃખ પ્રગટ કરી રહી હતી.

સરઘસ આગળ વધતું ગયું તેમ પાછળ ભીડ વધતી ગઈ. છેલ્લા સૈનિકોની પાછળ સુંદર વસ્ત્રોમાં સજ્જ મંદિરના કર્મચારીઓ,

સાદુકીઓ અને યહૂદી આગેવાનો ચાલતા હતા. ધીમે પગલે તેઓ ગંભીરતાથી ચાલી રહ્યા હતા. તેઓને બીક હતી કે કદાચ રોમન સરકાર છેલ્લી ઘડીએ ફેંસલો બદલે. પિલાતે પણ છેલ્લે છેલ્લે કહ્યું હતું કે, "હવે તમે જાણો." ( માથ્થી ૨૭ : ૨૪ ). તેઓ ઈસુને વધસ્તંભે લટકેલો જોવા આતુર હતા. તેઓને ઘેરીને મંદિરના પુષ્કળ કર્મચારીઓ ચાલતા હતા જેથી હલકા લોકો મંદિરના આગેવાનોને સ્પર્શીને અપવિત્ર ન કરે. તોફાનીઓ અને ગુંડાઓ પણ ટોળામાં સામેલ હતા, અને એકબીજાને ધક્કામુક્કી કરતા, લડતાઝઘડતા, ગાળાગાળી કરતા આગળ વધતા હતા.

છેલ્લા ન્યાય પછી લુસિયસમાં અજબ પરિવર્તન થયું હતું. ઈસુની થઈ રહેલી મશ્કરી અને ઠઠ્ઠા તેનો વિશ્વાસ વધારતાં જતાં હતાં. તે ટોળાને દૂર કરીને જાણે કે ઈસુની સેવા કરી રહ્યો હતો. કોઈ કોઈવાર તે ટોણા મારનારાઓને ગાળ પણ આપતો હતો, અને દાંત પીસીને કહેતો હતો, "એય યહૂદી કૂતરા, હટી જા."

એકાએક તેણે જોયું કે, સરઘસ અટકી ગયું છે, અને ફટકા મારવાનો અવાજ આવે છે. એ ફટકા કોની પીઠ પર પડતા હતા તે સમજી શકાય એવું હતું. તે આગળ વધી ગયો, ભાલો ડાબા હાથમાં પકડ્યો અને જમણા હાથે પોર્સિયસના હાથમાંથી કોરડો ઝૂંટવી લીધો. પોર્સિયસ ઈસુને બીજો ફટકો મારવાની તૈયારીમાં હતો.

પોર્સિયસે ચકિત થઈ પૂછ્યું, "લુસિયસ, આ તેં શું કર્યું ? આ કેદી ધીમે ધીમે ચાલતો હતો, અને આપણે જલદીથી કાલ્વરી પહોંચવાનું છે."

લુસિયસ ગુસ્સાથી લાલચોળ થઈ ગયો હતો. તેણે કહ્યું, "મૂર્ખ તને દેખાતું નથી કે આ કેદીમાં ચાલવાની પણ શક્તિ રહી નથી. તું તેની મદદ કેમ કરતો નથી ? મારવાથી શું વળે ! કેદી હજુ બેહોશ નહોતો થયો એ અજાયબ જેવું હતું."

પોર્સિયસને પોતાની આંખો અને કાન પર વિશ્વાસ ન બેઠ
આ નિષ્ઠુર હૃદયનો લુસિયસ પોતાના સાથીઓનો વિરોધ કરીને એક કે
પ્રત્યે પોતાની સહાનુભૂતિ બતાવતો હતો. તેને બન્ને જણ પાગલ લાગ્ય

સૂબેદારના ભારે અવાજે વાતાવરણ બદલી નાંખ્યું. તેણે પૂછ્યુ
"લુસિયસ, તું તારી જગ્યાએ કેમ નથી?"

લુસિયસે પોર્સિયસને કોરડો પાછો સોંપતાં બીક વિના કહ્યું
"કેદી ઈસુ શ્રમિત થઈ ગબડી પડ્યો છે. તેણે અત્યાર સુધી બહુ મા
વેઠ્યો છે. મેં પોર્સિયસને કહ્યું કે, મારવાથી કામ નહિ બને. અ
કેદીએ આપણી સામે બળવો કર્યો નથી. તે એટલો અશક્ત છે કે
આ ભારે વધસ્તંભ ઊંચકીને ચાલી શકતો નથી. સૂબેદાર મને રજ
આપે તો કોઈ વ્યક્તિ શોધી કાઢું, જે તેને વધસ્તંભ ઊંચકવામ
સહાયતા કરે."

આ છેલ્લું વાક્ય તે વિનંતીરૂપ બોલ્યો હતો. પણ તેને ખાતરી
હતી કે, સૂબેદાર આ વિનંતી નહિ સ્વીકારે; કારણ કે તેણે સૈનિક
શિસ્તનો ભંગ કર્યો હતો. તેની નજર ઈસુ પર પડી જે થાકને કારણે
બેસી જવાની તૈયારીમાં હતો.

ટેકરીનો ચઢાવ, પથ્થરનાં મોટાં પગથિયાં, અતિશય વજનદાર
વધસ્તંભ, સાંકડા રસ્તા, ઊંઘ વિનાની સળંગ રાત, અને અનેક પ્રકારની
અત્યાર સુધીની સતાવણી, આ બધું સૂબેદારની આંખ સામે ઝડપથી
પસાર થયું. તેને પણ લાગ્યું કે, આ બધો અન્યાય છે; અને તેનું
હૃદય પણ પીગળી ગયું.

તેણે કહ્યું, "લુસિયસ, તેં ઠીક કહ્યું છે. આ કેદીને આપણે
જીવતો કાલ્વરી સુધી પહોંચાડીશું તો નવાઈ લાગશે. જો કેદી મરણ
પામે તો તેને માટે સારું છે, પણ મારી તો ફરજ છે કે તેને જીવતો
પેલી ટેકરી પર પહોંચાડું; જા, કોઈ સશક્ત વ્યક્તિને બોલાવી લાવ."

જેવું સૂબેદારે આ કહ્યું કે તરત લુસિયસની આંખો ટોળા પર દોડી ગઈ, અને એક સશક્ત વ્યક્તિને શોધી કાઢી. તે તેને ખેંચીને ત્યાં લઈ આવ્યો.

તે વ્યક્તિ ગભરાઈને પોતે નિર્દોષ છે તેવો બચાવ કરવા લાગી. લુસિયસે તેને અટકાવીને કહ્યું, "તું જાણતો નથી કે આ સેવા તને સોંપવામાં આવી રહી છે તે તારા માટે કેટલી આદરણીય છે! આ ક્રૂસ ઉઠાવ, અને આ બધું પતે પછી કિલ્લામાં હું તને આ સેવાનો બદલો આપીશ. હું પોતે જ આ ક્રૂસ ઊંચકી લેત, પરંતુ મારી ફરજ અત્યારે મને બીજે બોલાવી રહી છે."

બીજા સૈનિકો પોતાના સાથીની આ વાત સાંભળીને ભયભીત બન્યા. સૂબેદારને પણ નવાઈ લાગી, છતાં તેણે પોતાની ફરજ સંભાળી લીધી, અને પેલી વ્યક્તિને ક્રૂસ ઊંચકવા હુકમ કર્યો.

સૂબેદાર આ જુવાન લુસિયસ તરફ આકર્ષાયો અને તેના વિષે વિચારવા લાગ્યો. સરઘસ આગળ વધતું ગયું, અને વારંવાર વાતાવરણમાં આ શબ્દો ગૂંજી ઊઠતા હતા:

"હે યહૂદીઓના રાજા! પ્રણામ!"

"અરે જુઓ, જુઓ; તેની સાથે તેનો ક્રૂસ ઊંચકનાર ચાલે છે! જુઓ, તેના માથા ઉપર તાજ પણ છે."

લુસિયસે આ સાંભળ્યું અને બોલનારને ભાલો ઘોંચીને કહ્યું, "ચૂપ મર, હટી જા!"

આજુબાજુના લોકોએ કહ્યું, "હે સૈનિક, તું નાહક ગુસ્સે થાય છે. એ શબ્દો તને ક્યાં કહ્યા છે?"

છેવટે સરઘસ કાલ્વરી પહોંચ્યું. ગાયસે પોતાના સૈનિકો વ્યવસ્થિત ગોઠવી દીધા જેથી ત્યાં ધક્કામુક્કી ન થાય. લુસિયસે જોયું કે લોકોની ઉત્સુકતા વધી હતી.

કેટલાક સૈનિકોએ પેલા બે ચોરનાં કપડાં ઉતાર્યાં. થોડી વાર સૈનિકો અને ચોરો વચ્ચે ગાળાગાળી થતી રહી. છેવટે બન્નેને પકડીને બાંધવામાં આવ્યા.

લુસિયસ લોકોને પાછળ ધકેલવાની ફરજ બજાવતો હતો. તે હથોડાથી ખીલા ઠોકવાનો અવાજ, બે ચોરોની ચીસના પોકાર અને વજનદાર ક્રૂસને ઘસડવાના અવાજો સાંભળી રહ્યો હતો. છેવટે બે ક્રૂસ ઊભા કરવામાં આવ્યા. અને પેલા બે ચોર દર્દભરી ચીસ નાંખી રહ્યા હતા.

લુસિયસનો ચહેરો ભયથી જાણે કાળો પડી ગયો. અત્યાર સુધીનો તેનો ગર્વ અને સાહસ અદૃશ્ય થઈ ગયાં હતાં. આજે તે ત્યાંથી ભાગી જવાનું વિચારતો હતો.

"આ બધું હું સહન કરી શકતો નથી" એમ બોલીને તે શાંત ઊભો રહી ગયો.

લોકોનું ટોળું બિલકુલ શાંત થઈ ગયું હતું. બધાની આંખ છેલ્લા ક્રૂસ ઉપર સ્થિર થઈ ગઈ હતી.

લુસિયસની પોતાની ફરજને કારણે આ દૃશ્ય તરફ પીઠ હતી તે તેને ગમ્યું.

સૈનિકોના ભારે બૂટના અવાજોની સાથે સાથે ખીલા ઠોકવાનો અવાજ આવવા લાગ્યો. દર્દભરી એક નાનીશી ચીસ વાતાવરણમાં ગુંજી ઊઠી. આ ચીસ લુસિયસના હૃદયને ચીરી રહી હતી. ફરીથી હથોડાનો અવાજ, ક્રૂસ ઘસડવાનો અવાજ અને દર્દભરી આહ સંભળાઈ. બધું હવે શાંત હતું.

સૂબેદાર અને લુસિયસ હજુ સુધી એકબીજાના અંતરના ભાવ જાણતા ન હતા, છતાં બન્નેના મગજમાં એક જ વાત વિચારાતી હતી :

"અરે ! કેટલી સાહસિક વ્યક્તિ છે !"

ક્રૂસ જમીન ઉપર ઊંચો થયો ત્યારે કેટલાક ગુંડાઓએ શોર મચાવ્યો. જો કોઈને આ કેદીના મરવાથી લાભ હતો તો તે યાજકોને

તથા તેમની ટોળકીને હતો; કારણ કે હવે તેઓ રોકટોક વગર પોતાનું બેઇમાની જીવન જીવી શકે એમ હતું. તેમની દુષ્ટતાને રોકવાવાળો તો ક્રૂસે લટકતો હતો.

આ બનાવ બધાને માટે દુઃખદ હતો છતાં ટોળું ખુશ હતું.

સૂબેદારની આજ્ઞાથી લુસિયસ ત્રણ ક્રૂસ તરફ વળ્યો. તેણે ત્રણે ક્રૂસ તરફ દૃષ્ટિ ફેંકી. વચલા ક્રૂસ તરફ જોવાનો તેણે પ્રયત્ન કર્યો. હવે સૈનિકો ત્રણે ક્રૂસ ઉપર નામનાં પાટિયાં લગાડી રહ્યા હતા. એ પાટિયા ઉપર શું લખવામાં આવ્યું હતું તે પણ તે જાણવા માંગતો ન હતો. જે કાંટાનો તાજ તેણે બનાવીને કેદીને પહેરાવ્યો હતો તે પણ તે ફરીથી જોવા ઇચ્છતો ન હતો. હવે જાણે કે તેના જીવનની તમામ ખુશીઓ ખતમ થઈ ચૂકી હતી. તે ગમે ત્યાં જુએ પરંતુ દરેક જગ્યાએ તેને ઈસુની આંખો દેખાતી હતી. કાંટાનો મુગટ પણ તેનો પીછો છોડતો ન હતો. શું આ દૃશ્ય એ પોતે જીવે ત્યાં સુધી તેના ઉપર દોષ મૂકીને તેને અશાંત રાખશે !

દર્દથી પીડાતા બન્ને ચોર બધાને શાપ આપી રહ્યા હતા. ટોળું ઈસુને પણ ટોણા મારી રહ્યું હતું :

"ઓ નિંદાખોર ! શું આ રીતે તું મંદિરનો નાશ કરશે ? સૂર્યનાં કિરણોથી પ્રકાશિત તેની સુંદરતા જો, અને તારા દુષ્ટ શબ્દો યાદ કર." આ શબ્દો એક યાજક જે ઈસુના શબ્દોનો અર્થ સમજ્યો ન હતો તેના મુખમાંથી નીકળ્યા.

"આ મંદિરને પાડી નાખો, તો હું એને ત્રણ દહાડામાં ઊભું કરીશ !" ( યોહાન ૨ : ૧૯ ).

એક ગુંડાને યાજકના ઉપરના શબ્દો સાંભળીને પુષ્કળ હસવું આવ્યું, અને ક્યાંય સુધી તે જોરજોરથી હસતો જ રહ્યો. "હા, ઠીક છે. મંદિરને તોડી પાડનાર અને ત્રણ દિવસમાં ફરીથી ઊભું કરનાર, તું પોતાને બચાવ !" ( માથ્થી ૨૭ : ૪૦ ).

"જો તું દેવનો પુત્ર છે તો ક્રૂસ ઉપરથી નીચે ઊતરી આવ !" (માથ્થી ૨૭ : ૪૦).

બીજાએ ટોણો માર્યો, "તેણે બીજાને બચાવ્યા; પણ પોતાને બચાવી શકતો નથી. એ તો ઇસ્રાએલનો રાજા છે. જો તે ક્રૂસ ઉપરથી ઊતરી આવે, તો અમે તેના પર વિશ્વાસ કરીએ." (માથ્થી ૨૭ : ૪૨).

"તેણે ઈશ્વર ઉપર ભરોસો રાખ્યો છે. જો ઈશ્વર તેના ઉપર પ્રેમ રાખતો હોય તો તેને બચાવી લે. તેણે તો કહ્યું હતું કે, 'હું દેવનો પુત્ર છું.'"

પ્રમુખયાજકે કહ્યું, "સૂબેદાર, આ લેખ અમને પસંદ નથી. અમે અધિકારીઓ અને પ્રજા તો તેને રાજા માનતા નથી. તમે એમ લખો કે, તેણે કહ્યું, 'હું યહૂદીઓનો રાજા છું.'"

સૂબેદારે ક્રોધથી કાયાફાસ તરફ જોયું. તે જાણતો હતો કે તેને કારણે જ આ અપમાનિત કામ કરવાની તેને ફરજ પડી હતી.

ગાયસ બોલ્યો, "આ મારું નહિ, પરંતુ હાકેમનું કામ છે. હું તો કેવળ તેની આજ્ઞા અનુસાર ફરજ બજાવી રહ્યો છું. જો તમારે તેમાં ફેરફાર કરવો હોય, તો પિલાતને જઈને મળો."

તમામ સૈનિકો કેદીઓનાં કપડાંનો ઢગલો કરીને વહેંચવા બેઠા હતા.

"આવ લુસિયસ, તારો ભાગ લઈ લે."

"મારે ભાગ જોઈતો નથી," લુસિયસે ઘૃણાથી કહ્યું. તેને ગુસ્સો આવી રહ્યો હતો કે, સૈનિકોના અપવિત્ર હાથ એ પવિત્ર પુરુષની વસ્તુઓને અપવિત્ર કરી રહ્યા હતા.

એકાએક ભીડના અવાજો દબાવી દેતી એક સ્પષ્ટ વાણી કાને અથડાઈ, "હે પિતા, તું તેઓને માફ કર; કેમ કે તેઓ જે કરે છે તે તેઓ જાણતા નથી." (લૂક ૨૩ : ૩૪).

લુસિયસને લાગ્યું કે, કોઈ અલૌકિક શક્તિ તેને ઉપર જોવા માટે પ્રેરે છે. ફરીથી તેની આંખો ઈસુની દયા અને ક્ષમા ભરેલી

આંખો સાથે ટકરાઈ. તેને લાગ્યું કે, તેણે સાંભળેલી વાણી તેને માટે જ છે. તેને એવો પણ ભાસ થયો કે, તેના ઉપરથી એક મોટો બોજો હટી ગયો છે. કાંટાનો તાજ જેને કારણે પવિત્ર લોહી વહ્યું હતું, તેને માટે પણ તેને માફી મળી હતી.

ક્ષમા આપનાર તરફ જોઈને તે સૈનિક બોલી ઊઠ્યો, “હા, મને પણ માફી મળી છે.” પોતાના એક મિત્રની કોઈ નિશાની પોતાની પાસે રાખવા તેને ઇચ્છા થઈ આવી, અને તે બીજા સૈનિકો તરફ દોડ્યો અને બોલ્યો, “મને પણ મારો ભાગ જોઈએ છે.”

સેકસટસે જવાબ આપ્યો, “લુસિયસ, ઘમંડમાં આવીને તેં તારો ભાગ જતો કર્યો છે. અમે તારો ભાગ ફ્લેવિયસને આપી દીધો છે. હા, એક ચીજ હવે બાકી છે. આ ઝભ્ભો.”

પોર્સિયસ બોલ્યો, “તે સુંદર છે; લાવ, પહેરી જોઉં કે, કેવો લાગે છે! મને લાગે છે કે તે ગરમ છે.”

લુસિયસે તલવાર પર હાથ મૂકીને કહ્યું, “ખબરદાર, જો તેને અડ્યો છે તો!”

કિવન્ટસે કહ્યું, “આ છોકરાને શું થઈ ગયું છે? જ્યારથી તેણે પેલા કેદીને કાંટાનો તાજ પહેરાવ્યો છે, ત્યારથી તે વિચિત્ર રીતે વર્તે છે. અગાઉ પણ ઘણી વાર તે ગુસ્સે થયો હતો, પણ આટલી બધી લાંબી વાર સુધી તે ગુસ્સે રહ્યો નથી.”

સેકસટસે મિત્રના બચાવમાં કહ્યું, “કદાચ તેને તાવ આવ્યો છે. મને યાદ છે કે એક વાર મને પણ તાવ ચઢી ગયો હતો અને મેં ઘણો બૂરો વર્તાવ કર્યો હતો. મને લાગે છે કે, આ ઝભ્ભાના ચાર ટુકડા કરવા ન જોઈએ. આપણે તેને એમ જ રાખીએ જેથી તેને વેચી શકીએ.”

“ચાલો, ચિઠ્ઠી નાખીએ કે કોને તે મળે છે.” પોર્સિયસ પાસા ફેંકવામાં એક્કો હતો.

લુસિયસે કહ્યું, "પણ મારા ભાગનું શું ?"

ક્વિન્ટસે કહ્યું, "બોલાવ્યો ત્યારે તું આવ્યો નહિ, છતાં અમે તને પાસો ફેંકવા દઈશું."

પોર્સિયસે પાસા કાઢ્યા. ક્વિન્ટસને પાસો આપતાં તે બોલ્યો, "મારું નસીબ તારા કરતાં ચઢિયાતું નીકળે તો કેવું સારું !"

ક્વિન્ટસે પ્રાર્થના કરતાં કહ્યું, "હે ભાગ્યવિધાતા, મારી મદદ કર....." તે હારી ગયો.

તેના પછી સેકસટસે બેખ્ખસ દેવતાને નામે પાસો ફેંક્યો, પણ લાચાર, લુસિયસ અને સેકસટસ સિવાય બધા હસી પડ્યા અને બોલ્યા, "હવે કોઈ દેવતાનું નામ લઈને પાસો ફેંકશો નહિ."

પાસો લુસિયસના હાથમાં આપ્યો. તે મનમાં બોલ્યો, "પરમેશ્વરના પુત્ર, પરંતુ કયા પરમેશ્વરનો પુત્ર ? મને નામ ખબર હોત તો કેવું સારું; કારણ કે તે જાણે છે કે, હું તેના પુત્ર ઉપર પ્રેમ રાખું છું; અને તેને કારણે જ આ વસ્ત્ર માગું છું." પરંતુ તેને કોઈ પરમેશ્વરનું નામ યાદ ન આવ્યું. તેને ખબર ન હતી કે, તેની અજ્ઞાનતામાં તે ધર્મની નિંદા કરી રહ્યો હતો. છતાં કોઈ રોમન દેવતાને નામે તે પાસો ફેંકવા માંગતો ન હતો, એટલે કંઈપણ બોલ્યા વગર તેણે પાસો ફેંક્યો. બીજાઓના આશ્ચર્યભર્યા ઉદ્ગારોની વચ્ચે તેણે જોયું કે, તેણે પાસો બરોબર ફેંક્યો હતો. પરંતુ પોર્સિયસ હજુ બાકી હતો, અને જો તેનો પાસો પણ બરોબર પડે, તો બન્નેને ફરીથી પાસો ફેંકવો પડે તેમ હતું.

પોર્સિયસ પાસાને ચૂમી લેતાં બોલ્યો, "હે તમામ રોમન દેવીઓ ! મારી સહાયતા કરો." તેણે પાસો ફેંક્યો. લુસિયસ શ્વાસ રોકતો ઊભો થઈ ગયો, પરંતુ બીજાઓ તો પરિણામ જોવા પાસા ઉપર ઝૂકી પડ્યા.

બધાએ વધાઈ આપતાં કહ્યું, "લુસિયસ તારી જીત થઈ."

લુસિયસે આદરભાવ સાથે વસ્ત્રની ગડી વાળી અને સાચવીને એક બાજુએ મૂકયું.

અહીં સૈનિકો જુગાર રમવામાં તલ્લીન હતા જ્યારે ત્યાં લોકોની છેડછાડ વધી રહી હતી. એના એ જ ભાવાર્થવાળાં મહેણાં જુદા જુદા શબ્દોમાં તેઓ સંભળાવી રહ્યા હતા.

"ઇસ્રાએલના રાજા, ક્રૂસથી નીચે ઉતર, અમે તારા પર વિશ્વાસ કરીશું."

"તું તારી જાતને પરમેશ્વરનો પુત્ર માને છે; ચમત્કાર બતાવ અને નીચે ઊતર."

"તેણે બીજાઓને બચાવ્યા. જો તે ઈશ્વરનો પસંદિત મસીહ હોય, તો તે પોતાની જાતને બચાવી લે." (માથ્થી ૨૭ : ૪૦–૪૨).

સૈનિકો પણ પોતાના પદની ચિંતા કર્યા વગર ભીડ સાથે ભળીને ઠઠ્ઠા કરી રહ્યા હતા. ક્રૂસની પાસે જઈને સરકો બતાવીને મશ્કરી કરવા લાગ્યા. ક્રૂસ પર જડેલા માટે સરકો રાહતરૂપ હતો, કારણ કે આ દુ:ખમાં તરસ ઘણી લાગે છે.

લુસિયસ તેઓને હટાવવા આગળ વધતો જ હતો, એટલામાં સૂબેદારે તેને પાછળ હટાવ્યો; કારણ કે લોકોની સમક્ષ સૈનિકો અંદરો-અંદર ઝઘડે તેવું તે ઇચ્છતો ન હતો. પરંતુ તેઓનાં અડપલાંથી તંગ આવી જઈને તેણે પોતે જ તેઓને દૂર હટાવ્યા.

પેલા બે ચોર પણ પોતાનું દુ:ખ ભૂલવા ઈસુની મશ્કરી કરવામાં જોડાયા.

દરોગાએ લુસિયસને કહ્યું, "ઈસુએ બોળ ભેળવેલો દ્રાક્ષારસ પીધો નથી, છતાં પેલા બે કરતાં વધારે શાંત છે."

એક ચોરે કહ્યું, "તું બહુ સારો રાજા છે. ડાકુઓની સાથે કોઈ રાજાને કદી ક્રૂસ ઉપર ચઢાવ્યો છે?"

બીજા ચોરે કહ્યું, "જો તું રાજા હોય, તો તારી પ્રજાને કહે કે, તેઓ તારી અને અમારી રક્ષા કરે!"

પહેલાએ કહ્યું, "શું તું મસીહ નથી? તારી જાતને અને અમને બચાવ."

મસીહ શબ્દ સાંભળીને બીજો ચોર ચોંકી ઊઠયો. અત્યારે તો તે એક ચોર-ડાકુ હતો, પરંતુ તેની જુવાનીમાં તેના બાપ પાસેથી પુષ્કળ ભવિષ્યવાણીઓ સાંભળી હતી, અને આટલું દુષ્ટ જીવન જીવ્યો છતાં હજુ તેને મસીહ શબ્દ માટે આદર હતો. મસીહ શબ્દ ઠઠ્ઠામાં વપરાય તે એને પસંદ ન પડયું. તેને કોઈ ભવિષ્યકથનો યાદ આવવા લાગ્યાં.

ગીતશાસ્ત્ર ૨૨ અને યશાયા ૫૩મા અધ્યાયમાં વર્ણવેલી બાબતો ઈસુના દુઃખસહન સાથે એટલી બધી મળતી આવતી હતી જેથી તેને ખાતરી થઈ કે એ જ મસીહ છે. તે અત્યાર સુધી તેની મશ્કરી કરતો હતો, અને હવે આ છેલ્લી ઘડીઓમાં તેની સાથે પોતાનો સંબંધ ન સુધારી લે, તો તે અનંતકાળના નાશમાં પ્રવેશશે.

પોતાના સાથી તરફ ફરીને તે બોલ્યો, "તું તે જ શિક્ષા ભોગવે છે તે છતાં શું તું દેવથી પણ બીતો નથી? આપણે તો વ્યાજબી રીતે યોગ્ય ફળ ભોગવી રહ્યા છીએ, પણ તેણે તો કંઈ જ ખોટું કર્યું નથી." (લૂક ૨૩ : ૪૦-૪૧). પછી ઈસુ તરફ મોં ફેરવીને નમ્રતાથી બોલ્યો, "હે ઈસુ, તું તારા રાજ્યમાં આવે ત્યારે મને સંભારજે." (લૂક ૨૩ : ૪૨).

ઈસુએ દયાભરી દૃષ્ટિ તેના તરફ ફેરવતાં કહ્યું, "હું તને ખચીત કહું છું કે, આજ તું મારી સાથે પારાદૈસમાં હોઈશ!" (લૂક ૨૩ : ૪૩).

આ ચોરે દેવના રાજ્ય સંબંધી જે વાત કરી તેથી એમ લાગ્યું કે, ઈસુનું રાજ્ય આ જગતનું નથી એ તે જાણતો હતો. ઈસુએ પિલાતને આ જ સમજાવ્યું હતું. આથી સૂબેદારે પૂછ્યું, "શું તેનો અર્થ સ્વર્ગીય રાજ્ય થાય છે?"

જુવાન સૈનિકે ઉત્તર આપ્યો, " આ તેની નિર્દોષતાનું પ્રમાણ છે," આ હકીકત જાણતો હોવા છતાં પિલાતે શા માટે તેને શિક્ષા કરી તે વિષે તે પોતાના મનમાં વિચારવા લાગ્યો.

ડૂસકાં ભરવાનો અવાજ સ્ત્રીઓની એક નાની ટોળીમાંથી આવવા લાગ્યો. તે તરફ સૈનિકનું ધ્યાન ગયું. તેઓને જોતાં એમ લાગતું હતું કે, તેઓ કેદીનાં આપ્તજનો કે મિત્રો હશે. કેટલાંકે આ ક્રૂર દશ્યથી ભયભીત બનીને આંખો હથેલીથી ઢાંકી હતી.

એક સુંદર સ્ત્રી વચલા ક્રૂસ તરફ જોઈ રહી હતી. તેની આંખોમાંથી આંસુ ટપકી રહ્યાં હતાં. ક્રૂસે જડેલા પુરુષનું દુઃખ-દર્દ આ સ્ત્રીના મોં ઉપરથી પ્રગટ થતું હતું.

લુસિયસે સૂબેદારને પૂછ્યું, " એ કોણ છે ? "

ઈસુ તરફ ઇશારો કરતાં સૂબેદારે જવાબ આપ્યો, " ઈસુની મા, અને તેના થોડા મિત્રો છે."

મા ! રોમન સૈનિક વિચારવા લાગ્યો. લુસિયસ હવે પોતાની મા સંબંધી વિચારવા લાગ્યો. હા, ચોક્કસ, પોતાની પણ મા હશે જ. પરંતુ તેણે કદી પોતાની માને જોઈ ન હતી. ઘણા સમય અગાઉ જ્યારે તે નાનો હતો ત્યારે તેણે ઘેટાં ચરાવનારાઓને પોતાની મા વિષે પૂછ્યું હતું. જ્યારે તેણે જાણવા માંગ્યું કે, શું તેની મા જીવતી હશે, ત્યારે બધાએ હસીને જણાવ્યું હતું, " તું તારી મા વિષે જેટલું ઓછું જાણે તેટલું જ સારું." પાછળથી તે તેઓના શબ્દોનો અર્થ સમજ્યો હતો.

આ સ્ત્રીનો પ્યાર અને દુઃખ જોઈને તેને લાગ્યું કે, તેનામાં કોઈ ચીજની કમી છે. તે વિચારમાં પડયો કે પોતાના દુઃખમાં કોણ તેની સહાયતા કરશે ? એના મિત્રો તો એની સહાયતા નહિ કરે.

સૂબેદાર ! એને હરેક સમયે સૈનિકના કામ પર જોઈને લુસિયસે કદી એવું વિચાર્યું ન હતું કે, એને પણ પોતાનું કહી શકાય એવું

કોઈ હશે. હા, સૂબેદારનાં કોઈ સંતાન ન હતાં; કારણ કે સૈનિકોને, સૂબેદારોને લગ્ન કરવાની મનાઈ હતી. નિવૃત્તિ બાદ તેઓને લગ્ન કરવાની છૂટ મળતી હતી. શું સૂબેદારને કોઈ માટે પ્રેમની લાગણી હતી ?

"શું તે મારી ચિંતા કરશે ? કદાચ નહિ–" તેણે મનમાં વિચાર્યું.

આમ વિચારતાં વિચારતાં તેની દૃષ્ટિ ઈસુની દયાભરી અને ક્ષમાવાન આંખો પર પડી. હા, આ એક વ્યક્તિ છે જે તેની ચિંતા કરશે. પરંતુ તે તો થોડા જ કલાકમાં મૃત્યુને ભેટશે.

જેટલી વાર લુસિયસે ઈસુની માનો વિચાર કર્યો તેટલી વાર તેને લાગ્યું કે, ઈસુને બાદ કરતાં આટલી બધી પવિત્રતા અન્ય કોઈમાં જોવામાં આવતી નથી. નવાઈની વાત છે કે, જે શિક્ષણ પોતાની કોમ તેને ન શીખવી શકી, તે હવે બીજી પ્રજામાંથી શીખી રહ્યો છે.

ફરી એક વાર ક્રૂસ ઉપરથી વાણી સંભળાઈ, "હે બાઈ !" રડતી માતાએ ભગ્ન હૃદયે પોતાના પુત્ર તરફ જોયું. "જો તારો દીકરો." ( યોહાન ૧૯ : ૨૬ ). લુસિયસે જોયું કે, તેની બાજુમાં એક જુવાન પણ ઊભો છે.

પછી ઈસુએ પેલા યુવાનને કહ્યું, "જો, તારી મા." (યોહાન ૧૯ : ૨૭).

જે જુવાનને સંબોધીને આ વાણી ઉચ્ચારાઈ હતી તે ઈસુની મા પાસે ગયો, અને કોમળતાથી તેના ઉપર હાથ મૂક્યો. જાણે કે તે તેને ત્યાંથી લઈ જઈ રહ્યો છે. જ્યાં સૂબેદાર ઊભો હતો તે તરફથી લુસિયસને કાને એક ડૂસકાનો અવાજ આવ્યો. જ્યારે તે જોવા માટે પાછળ ફર્યો ત્યારે તેણે સૂબેદારને પેલા યુવાન અને ઈસુની મા પાછળ જતાં જોયો.

સૂબેદારે પેલા યુવાનને કહ્યું, "આ બાઈ માટે આ જગ્યા સારી નથી. દુઃખ પુષ્કળ છે અને દૃશ્ય ભયાનક છે."

માતાએ રુંધાયેલા સ્વરે કહ્યું, "પણ એ મારો પુત્ર છે. હું તેને કેવી રીતે છોડી શકું ?"

સૂબેદારે ગળું ખંખેરીને કહ્યું, "તું તેની કોઈ મદદ કરી શકતી નથી; અને તને જોઈને તેનું દુઃખ વધી રહ્યું છે. મને લાગે છે કે આથી જ તેણે થોડી વાર ઉપર પેલા શબ્દો ઉચ્ચાર્યા હતા. જેથી આ જુવાન તને અહીંથી લઈ જાય."

સૂબેદારની આ વાત સાંભળીને પેલો યુવાન તેને પોતાને ઘેર લઈ ગયો.

આકાશ સ્વચ્છ હતું અને બપોરનો સૂર્ય તેજથી ચમકતો હતો. પરંતુ શું થયું કે એકાએક અંધારું થઈ ગયું. ત્રણે ક્રૂસ ઉપર અંધકાર છવાયો.

દૂર લોકોની ભીડ હતી, પરંતુ સૂબેદાર અને લુસિયસ ફક્ત પાસે ઊભેલાને જ જોઈ શકતા હતા. ખાસ કોઈ અવાજ આવતો ન હતો. હા, ક્રૂસ ઉપર ટીંગાયેલાના જોરથી ચાલતા શ્વાસનો અવાજ અને પહેલા ચોરનો શાપ દેવાનો અવાજ સંભળાતો હતો.

જેવી રીતે ભયથી ગભરાઈને બાળકો પિતા પાસે ભરાઈ જાય છે તે રીતે પેલા ક્રૂર અને કઠોર સૈનિકો પણ સૂબેદારની પાસે આવીને ઊભા રહી ગયા. તેઓને લાગ્યું કે, હવે કોઈ ભયંકર બનાવ બનવાનો છે. તેઓ બીકથી કાંપતા હતા એવામાં ક્રૂસ ઉપરથી વાણી સંભળાઈ :

"એલોઈ, એલોઈ, લામા સાબાખ્થાની !" (માર્ક ૧૫:૩૪).

આ કોઈ પ્રશ્ન ન હતો. આ તો એક કથન હતું જે દુનિયાની તમામ પ્રજા માટે હતું કે, એ દુઃખી પુરુષે ઉદ્ધારની કેટલી મોટી કિંમત ચૂકવી છે ! એક ક્ષણ કોઈને ખ્યાલ ન હતો કે હવે શું થશે, અને બધા જ ભયથી શાંત બની ઊભા હતા.

ગુંડાઓનું એક ટોળું પાસે આવ્યું. "એ તો એલિયાહને પુકારે છે." તેઓમાંથી એક દોડીને એક વાદળી સરકાથી ભરીને

લાકડી પર બાંધી તેને ચૂસવા આપી. (માથ્થી ૨૭:૪૮; માર્ક ૧૫:૩૬; યોહાન ૧૯:૨૯).

બીજાઓએ કહ્યું, "થોભો! આપણે જોઈએ કે એલિયાહ તેને બચાવવા આવે છે કે નહિ?" (માથ્થી ૨૭:૪૯; માર્ક ૧૫:૩૬). લોકોની ભીડ ભયભીત બની આ બધું જોઈ રહી હતી. અલબત્ત, આ હસવાનો–મશ્કરીનો સમય ન હતો.

સૂબેદારે ઘૃણાથી કહ્યું, "મૂર્ખો, તે એલિયાહને પોકારતો નથી;" તે કહે છે, "હે મારા દેવ! મારા દેવ! તેં મને કેમ મૂકી દીધો છે?" (માથ્થી ૨૭:૪૬; માર્ક ૧૫:૩૪). "શું તેઓ પોતાની ભાષા સમજી શકતા નથી, અને આવા સમયે પણ મજાક સૂઝે છે?"

પોતાની અજ્ઞાનતાને કારણે લુસિયસે કહ્યું, "કદાચ એવું હોય કે તેનો પિતા કોઈ દેવતા હોય અને તેને બચાવવા આવતો નથી; કારણ કે કોઈ બીજો દેવતા તેને સતાવી રહ્યો છે."

સૂબેદારે જવાબ આપ્યો, "હા, કદાચ એવું હોય."

થોડા સમય બાદ અંધકારમાંથી ફરીથી ઈસુનો અવાજ આવ્યો: "મને તરસ લાગી છે." (યોહાન ૧૯:૨૮).

આ પુકારે જુવાનનું દિલ ભંગિત કર્યું. તેણે મનમાં કહ્યું કે, મેં આ બાબતનો શા માટે પહેલેથી વિચાર ન કર્યો? તે જાણતો હતો કે, ક્રૂસ ઉપર સજા ભોગવનારને બહુ તરસ લાગે છે.

જેવું આજે તેના સાથીઓ કરતા હતા તેવું જ તેણે પણ બીજાઓ માટે કર્યું હતું, અને આજે તે એમ કરી શકતો ન હતો.

તેણે દોડીને સરકામાં બોળીને વાદળી તેના મોં આગળ ધરી. ઈસુએ તે સરકો ચૂસ્યો કે નહિ તે લુસિયસ અંધારામાં જોઈ શક્યો નહિ; છતાં આ સેવાથી તેના મન ઉપરનો બોજો હલકો થયો.

એકાએક અંધારું દૂર થયું. વચલા ક્રૂસનો કેદી લટકતો હોય તેવું દેખાતું ન હતું. તેનું માથું સીધું હતું. તેનો મહિમાવંત ચહેરો

આકાશ તરફ ઊંચકાયો હતો. એવું લાગતું હતું કે, તેનું આખું શરીર ખીલા સહિત સ્વર્ગ તરફ જવાનું હોય ! લુસિયસ અને બીજા લોકો વિચારવા લાગ્યા કે, શું આવું ખરેખર થશે ?

"સંપૂર્ણ થયું." (યોહાન ૧૯:૩૦).

લુસિયસ અને અન્ય લોકોનાં હૃદયોમાંથી આનંદનો વિજય-પુકાર નીકળ્યો. યુદ્ધમાં ફતેહ મેળવ્યા બાદ પણ લશ્કર આ જ શબ્દો ઉચ્ચારે છે. કોઈ અદ્દભુત કાર્યની સમાપ્તિમાં પણ લોકો આવો જ નાદ ઉઠાવે છે.

આ દિવસે તમામ યુગોનું સૌથી મહાન કાર્ય સંપૂર્ણ થયું. પાપનો દંડ અને જગતનો ઉદ્ધાર એ એક મહાન કાર્ય હતું. તેમાં કેવળ શારીરિક દુઃખ જ ન હતું, પરંતુ સમગ્ર કાર્ય તેથી પણ વધુ દુઃખજનક હતું. આ કાર્ય એવું ભયજનક હતું કે, તે અંધારામાં જ થાય તે આવશ્યક હતું. આ એક એવું કાર્ય હતું કે, કોઈ સામાન્ય મનુષ્ય તે કરી શકે એમ હતું જ નહિ. એ કેવળ ઈશ્વર પોતે જ મનુષ્યરૂપમાં કરી શકે એમ હતું.

એક ક્ષણ ઈસુનું શરીર આ પ્રમાણે સીધું રહ્યું પછી ફરીથી માથું નીચે નમ્યું અને બહુ જ ધીમા સ્વરે તેના મુખમાંથી આ શબ્દો નીકળ્યા, "હે પિતા, હું મારો આત્મા તારા હાથમાં સોંપું છું." (લૂક ૨૩:૪૬). એક લાંબી આહ સાથે તેનું શરીર ઢીલું પડ્યું અને તેણે પ્રાણ છોડી દીધો.

બધા શાન્ત ઊભા હતા. લુસિયસ દર્દભર્યા અવાજે બોલ્યો, "હે મહાન ગાયસ, તે મરી ગયો છે; તે મરણ પામ્યો છે."

સૂબેદારે ઉદાસીનતાથી કહ્યું, "હા, મારા પુત્ર, તે મરણ પામ્યો છે."

આ સાથે જ મોટી ગર્જના સહિત ધરતીકંપ થયો. આખી પૃથ્વી ડોલી ઊઠી અને જેમ તોફાનમાં વહાણ સમુદ્રમાં આમતેમ ઝોલા ખાય છે તેવી રીતે તમામ ચીજો હાલવા-ડોલવા લાગી.

બન્ને ચોર બેહોશી જેવી હાલતમાં હતા, પરંતુ તેમના વધસ્તંભો ડોલવાથી તેઓ ભાનમાં આવી ગયા. તેઓની ભયજનક ચીસો, ત્યાં ઊભેલાં બાળકો અને સ્ત્રીઓની ચીસો સાથે ભળી ગઈ. "સંપૂર્ણ થયું" એ વાણી પછી સૂર્ય જે ફરીથી બહાર નીકળ્યો હતો તે હવે એક ફિક્કો પીળો પ્રકાશ ફેંકવા લાગ્યો. સ્ત્રીઓની સાથે પુરુષોએ પણ ચીસો પાડવાનું શરૂ કર્યું.

"મને હાય હાય! શું થયું? આવું કેમ બન્યું?"

એ અંધકાર, ધરતીકંપ અને દિવસની તમામ ઘટનાઓ એ લોકો માટે ડરામણી હતી. બધા જ ભયભીત થઈ છાતી કૂટતા હતા, અને એકબીજાની સાથે અથડાતા, કુટાતા, અફળાતા પવિત્ર યરુશાલેમ તરફ ભાગી રહ્યા હતા.

થોડી જ વારમાં તમામ ભીડ ઓછી થઈ ગઈ. ફક્ત ભયભીત બનેલ રોમન સૈનિકો અને ઈસુના કેટલાક મિત્રો ત્યાં હતા. એટલામાં પ્રમુખયાજકનો ચાકર કાંપતો અને ધ્રૂજતો ત્યાં આવ્યો.

"હે સૂબેદાર! પ્રમુખયાજક ક્યાં છે?" તેણે થોથરાતા અવાજે પૂછ્યું. "ફિનિયસે મને આ સંદેશો આપવા મોકલ્યો છે કે, એક ભયાનક ઘટના બની છે. તે જ્યારે વેદી ઉપર બલિદાનનું લોહી છાંટવા ગયો ત્યારે તેણે જોયું કે, મંદિરનો પડદો ઉપરથી નીચે સુધી ફાટી ગયો છે. વિચારી તો જુઓ, પવિત્ર સ્થાન બધાને માટે જાણે કે ખૂલી ગયું છે. મને હાય હાય! શું પરમેશ્વર હવે તમામને મારી નાખશે?"

સૂબેદારે ચિઢાઈને કહ્યું, "મને ખબર નથી કે તારો પ્રમુખયાજક ક્યાં છે, પણ એટલું જાણું છું કે, જો તમારા પ્રમુખયાજકે તેના ઉપર જૂઠાં તહોમતો ન મૂક્યાં હોત, તો આજે એ ધર્મી પુરુષ ક્રૂસ ઉપર મોતને ન ભેટત. તે ખરેખર ઈશ્વરનો પુત્ર હતો.

હું વિચારી રહ્યો છું કે, આજે તમારો પરમેશ્વર આપણા બધા ઉપર ક્રોધે ભરાયો છે."

લુસિયસ વિચારવા લાગ્યો, "પરમેશ્વરનો પુત્ર!" "હા, અમારો સૂબેદાર જ્ઞાની અને અનુભવી છે અને તે પણ માને છે કે, 'ઈસુ દેવનો પુત્ર હતો'; હા, પરંતુ કયા પરમેશ્વરનો?"

જો લુસિયસે સૂબેદારને આ પ્રશ્ન પૂછ્યો હોત તો જરૂર જ્ઞાન પ્રાપ્ત થયું હોત; કારણ કે સૂબેદારે ઈસુ સંબંધી ઘણું ઘણું સાંભળ્યું હતું, અને પોતે પણ હવે કંઈક કંઈક સમજવા લાગ્યો હતો.

ઈસુએ ન્યાયસભામાં કહ્યું હતું કે, તેનું રાજ્ય આ જગતનું નથી. 'રાજ્ય' શબ્દે ફરીથી તેને એક વાતનું સ્મરણ કરાવ્યું કે, યરદન નદીના કિનારે યોહાન બાપ્તિસ્ટે પણ એવો ઉપદેશ આપ્યો હતો કે, "પસ્તાવો કરો; કેમ કે આકાશનું રાજ્ય પાસે આવ્યું છે... પ્રભુનો માર્ગ તૈયાર કરો, તેના રસ્તા સીધા કરો...પસ્તાવાને સારુ હું પાણીએ તમારું બાપ્તિસ્મા કરું છું ખરો, પણ જે મારી પાછળ આવનાર છે તે મારા કરતાં સમર્થ છે, ને તેનાં ચંપલ હું ઊંચકવા યોગ્ય નથી." ( માથ્થી ૩ : ૨, ૩, ૧૧ ).

ગાયસના હૃદયમાં પ્રભુનું કામ જરૂર થયું હતું, પરંતુ તેણે બાપ્તિસ્મા લીધું ન હતું. તેણે પોતાને કઠોર સૈનિક–શિસ્તમાં જકડાયેલો રાખ્યો. યોહાન બાપ્તિસ્ટનો ઉપદેશ પથ્થરવાળી ભોંય ઉપર પડ્યો હતો, પરંતુ જે રીતે પથ્થરમાં પણ થોડી જગ્યા મેળવીને એક નાનું બી મોટું વૃક્ષ બની જાય છે એ પ્રમાણે આ રોમન સૂબેદારના હૃદયમાં પણ પેલો ઉપદેશ ઘર કરી રહ્યો હતો.

હવે તે યોહાન બાપ્તિસ્ટના ઉપદેશનું 'આકાશનું રાજ્ય,'– મસીહનું રાજ્ય જે આ જગતનું નથી, અને જેમાં પ્રવેશ મેળવવાની ક્રૂસ ઉપરના ચોરે અનુમતિ માંગી હતી, તે સંબંધી સમજવા લાગ્યો. ચોક્કસ લાગે છે કે, તે એ જ રાજ્ય હશે. અને પ્રભુ ઈસુ જેનાં

ચંપલ ઊંચકવાને પણ યોહાન પોતાને લાયક ગણતો ન હતો, તે એ જ ઈસુ હતો જે હમણાં જ ક્રૂસે જડાયો હતો.

હવે સૂબેદારના મનમાં પસ્તાવાનો અનુભવ થવા લાગ્યો. તેને લાગ્યું કે, તેણે અન્યાય કર્યો હતો. હા, હે ગાયસ લેપિડસ, તું પસ્તાવો કર; કારણ કે તેં ભયંકર પાપ કર્યું છે. જેને તેં ક્રૂસ ઉપર જડ્યો તે કોઈ ગુનેગાર ન હતો. તેનું મન કહેવા લાગ્યું કે, "હે ગાયસ! તેં જ, હા, તેં જ, મહિમાવંત દેવના પુત્રને થંભે જડાવ્યો છે જે અત્યારે પણ સ્તંભે લટકેલો જ છે. તેના મોતમાં તારા માટે પણ આશા છે. તેને તું ધન્યવાદ આપ કે, તેણે અસહ્ય દુઃખોમાં પણ કહ્યું, "બાપ, તેઓને માફ કર." (લૂક ૨૩ : ૩૪).

લુસિયસે પણ સૂબેદારની માફક ઘણું ઘણું વિચારવાનું હતું. પરંતુ જે તેના પુત્ર ઉપર પ્રેમ રાખે છે, તેનો પરમેશ્વર આદર કરે છે. એવો સમય આવશે જ્યારે તે તેના સંબંધી ઘણું શીખશે. ●

# પ્રકરણ ૧૦

**સૂબેદારનું** કાર્ય હવે પૂરું થયું હતું. આ એક એવો દિવસ હતો જેમાં થયેલ અનુભવ તે ભવિષ્યમાં કદી પણ કરવા માંગતો ન હતો. થોડા વિલાપ કરનારા સિવાય બીજા બધા ચાલી ગયા હતા. સૂબેદાર તેના સૈનિકો સાથે પહેરો ભરી રહ્યો હતો ત્યાં જ એક ઘોડેસવાર તેની પાસે આવી પહોંચ્યો.

" હે સૂબેદાર," ઘોડેસવારે કહ્યું, " પિલાતે સંદેશો મોકલ્યો છે કે, દિવસ આથમે તે અગાઉ લાશો નીચે ઉતારી દાટી દેવામાં આવે; કારણ કે તેમનો પવિત્ર દિવસ આવે છે. વિશ્રામવારના દિવસે મુડદાં વધસ્તંભ ઉપર ન રહેવાં જોઈએ; કારણ કે તે અપવિત્ર બાબત છે."

" હાકેમની આજ્ઞા પ્રમાણે થશે." ગાયસે જવાબ આપ્યો. પછી સૈનિકો તરફ ફરીને તેણે પેલા અપસ્તાવિક ચોર તરફ ઇશારો કરતાં કહ્યું, " ક્વિન્ટસ, એના પગ ભાંગ."

ભારે હથોડાના એ જ ઘાથી તેના પગ ભાંગી ગયા. પહેલા જ ફટકાથી ચોરની બેહોશી દૂર થઈ, અને બીજા ફટકા સાથે તેના મોંમાંથી શાપ નીકળ્યો. પછી તેના ગળામાંથી ભયાનક અવાજ નીકળ્યો, અને તે મૃત્યુ પામ્યો.

ગાયસ બીજા ચોર પાસે જઈ ઊભો. તે પણ બેહોશ હતો. પરંતુ તેના મોં ઉપર શાંતિ છવાયેલી હતી.

સૂબેદાર એક ક્ષણ માટે તો ખમચાયો, પરંતુ પછી તુરત પોતાની જાતને સ્વસ્થ બનાવતાં બોલ્યો, " ક્વિન્ટસ, તેના પણ પગ ભાંગો."

જેવું પહેલા ચોર સાથે બન્યુ તેવું જ તેની સાથે પણ બન્યું. ફરક માત્ર એટલો જ પડચો કે, તેના મુખમાંથી શાપ ઝરવાને બદલે એક ચીસ નીકળી.

હવે આગળની ક્ષણો માટે સૂબેદાર ડરી ગયો. તેણે દાવો કર્યો હતો કે, તે ‘દેવનો પુત્ર’ છે. તેના પગ ભાંગવા એ તો પરમેશ્વરની નિંદા કરવા બરાબર ગણાશે. ગાયસ ગભરાઈ ગયો. તે આજ્ઞા આપી શકચો નહિ. જીવનમાં પહેલી જ વાર તે પોતાની ફરજ બજાવતાં પાછો પડચો. આ વ્યક્તિ તો મરણ પામી છે. થોડી વાર રોકાઈ જવાથી કોઈને હાનિ થવાની નથી.

છેવટે તે બોલી ઊઠચો, “આ પુરુષ તો કેટલી વારથી મૃત્યુ પામ્યો છે. ક્વિન્ટસ, તેના પગ ભાંગવાની જરૂર નથી.”

એટલામાં એક અદ્‌ભુત બીના બની. કંઈ વિચાર્યા–સમજ્યા વગર ક્વિન્ટસે એક એવું કાર્ય કરી નાંખ્યું જેથી વર્ષો પૂર્વે ઉચ્ચારાયેલી એક ભવિષ્યવાણી સાચી પડી.... “જેને તેઓએ વીંધ્યો છે, તેની તરફ તેઓ જોશે.” (ઝખા. ૧૨ : ૧૦; પ્રક. ૧ : ૭).

ક્વિન્ટસ બોલ્યો, “મને જોવા દો.” અને કોઈ તેને રોકે તે અગાઉ તેણે ભાલાથી ઈસુની કૂખ વીંધી. લુસિયસ ભયથી ધ્રૂજતો અને ઘાંટા પાડતો આગળ દોડચો કે ભાલાને પકડી લે, પરંતુ તે મોડો પડચો. તેનો ભય આશ્ચર્યમાં બદલાઈ ગયો. તેણે જોયું કે કૂખમાંથી તરત લોહી તથા પાણી નીકળ્યાં.

“જુઓ, સૂબેદાર જુઓ!” તે બૂમ પાડી ઊઠચો, “આવું કદી કોઈના સંબંધમાં બન્યું છે? જેમ તમે કહ્યું તેમ, તે દેવનો પુત્ર છે.”

સૂબેદારે કહ્યું, “લુસિયસ, તેના સંબંધમાં તો ઘણી અદ્‌ભુત બીનાઓ બની છે. મેં હજારોને મરતા જોયા છે, પરંતુ આના જેવુ તો કદી જોવામાં આવ્યું નથી.”

એક બીજું મોટું કામ બાકી હતું. પરંતુ તે અગાઉ એક ઘોડેસવાર એક ખાલી ઘોડો દોરીને આવ્યો, અને સૂબેદારને નમન કરતાં તે બોલ્યો, "મહાન પિલાત આપને અત્યારે જ મળવા ચાહે છે. આ ખાલી ઘોડો આપને માટે છે."

પોતાની ગેરહાજરીમાં સૈનિકો ઈસુની લાશ સ્તંભેથી ઉતારે તેવું ગાયસ ઇચ્છતો ન હતો; આથી જતાં અગાઉ તેણે આજ્ઞા આપી કે, "ધરતીકંપને કારણે જે લાશો જમીનમાંથી બહાર નીકળી આવી હોય, તેને પહેલાં દાટો."

મહેલમાં પહોંચતાં જ સૂબેદારને પિલાત સમક્ષ લઈ જવામાં આવ્યો.

પિલાતની સાથે એક યહૂદી હતા જેઓ દેખાવમાં આગેવાન જેવા લાગતા હતા. પોતાના હાકેમને સલામ ભરતાં સૂબેદારનું પેલા યહૂદી તરફ જાણે કે વેર વધી ગયું.

પિલાતે પૂછ્યું, "ઈસુને મરી ગયાને કેટલો વખત થયો ?"

ગાયસે વિચાર્યું કે, યહૂદી ઈસુના કારણે અહીં ઉપસ્થિત છે. કદાચ તે એ ધર્મી પુરુષના મૃત્યુથી આનંદિત છે. સૂબેદારે જોરથી કહ્યું, "તેને મરી ગયાને બે કલાક થઈ ગયા છે."

પિલાતે ફરીથી પૂછ્યું, "શું તને ખાતરી છે? શું તે એટલો જલદી મરી ગયો હતો ?"

"હા," તેણે જાણ્યું કે તેનો અંત નજીક છે ત્યારે તેણે કહ્યું, "હે પિતા, હું તારા હાથમાં મારો આત્મા સોંપું છું. આમ કહીને તેણે માથું નમાવીને પ્રાણ છોડ્યો." (લૂક ૨૩ : ૪૬). બધાએ તેને મરતાં જોયો. આમ છતાં ચોકસાઈ કરવા ક્વિન્ટસે તેની કૂખમાં ભાલો માર્યો.

આ સાંભળીને યહૂદી ચકિત થયો. તેણે નિસાસો નાંખીને પોતાનું મસ્તક નીચે નમાવ્યું.

પિલાતે કહ્યું, "યૂસફ, તમે જે કહ્યું તે ખરું છે. ગાયસ આવી ઘટનાઓનો અનુભવી છે. હું નવાઈ પામું છું કે, તે આટલો જલદી મૃત્યુ પામ્યો. હું તમારી માંગણીનો સ્વીકાર કરું છું. ગાયસ, તમે પાછા જાઓ ત્યારે ઈસુની લાશ દાટવા માટે આ વ્યક્તિને આપી દેજો. હું ખુશ છું કે તે દફનાવવામાં આવશે. હું જાણતો હતો કે તે નિર્દોષ છે, છતાં હું તમારા લોકોની વાતમાં આવી ગયો."

યહૂદીએ દુઃખથી માથું નીચે નમાવી દીધું. ગાયસનું હૃદય પણ આ વ્યક્તિ તરફ દયાથી ઊભરાઈ આવ્યું હોય એમ લાગ્યું. તેને લાગ્યું કે, આ વ્યક્તિ ઈસુની દુશ્મન નહિ, પણ મિત્ર હતી.

હાકેમે બન્નેને જવાની રજા આપી.

બહાર આવીને ગાયસે જોયું કે, એ યહૂદીની પાસે એક ઘણો સુંદર અરબી ઘોડો છે જે તેના માલિક ઉપર પુષ્કળ પ્રેમ રાખે છે.

બન્ને પોતાના ઘોડાઓ ઉપર સવાર થઈને ચાલી નીકળ્યા. બન્ને શાંત હતા એમાં નવાઈ ન હતી; કારણ કે શ્રીમંત યહૂદીઓ રોમન સૈનિકોને તુચ્છ સમજે છે, છતાં ગાયસે શાંતિનો ભંગ કરતાં કહ્યું, "હું ખુશ છું કે તેનું સારી રીતે દફન થઈ રહ્યું છે."

યૂસફ આશ્ચર્યની લાગણીથી સૈનિક તરફ જોવા લાગ્યો. સૈનિકની વાતથી તેને અચંબો થયો. તેને એમ હતું કે, આવા લોકોના વિચારો પણ તુચ્છ હોય છે. યહૂદીએ પોતાના સાથીદાર તરફ ધ્યાનથી જોયું. તે બીજા રોમન સૈનિક જેવો જ દેખાતો હતો છતાં ગંભીર હતો.

થોડી વારમાં બન્ને કાલ્વરી પહોંચ્યા. યહૂદીને બીજો એક શ્રીમંત યહૂદી આવી મળ્યો. બન્નેએ સૈનિકોના દેખતાં ઈસુની લાશ નીચે ઉતારી. બન્નેએ બહુ જ દુઃખ અને આદરથી પોતાના સ્વામીના ચહેરા તરફ જોયું. જો તેઓ પોતાના દુઃખમાં એટલા ગરકાવ ન હોત, તો તેઓએ જોયું હોત કે, સૂબેદાર તથા તેના જુવાન સૈનિકના મોં પર પણ એવું જ દુઃખ અને આદર હતાં; જાણે કે તેઓ પણ પોતાના

પ્રિય મિત્રનો ચહેરો જોઈ રહ્યા હોય. ઈસુનું મોં ખરેખર જોવા-લાયક હતું.

કાંટાના તાજને કારણે ટપકેલું લોહી ગાલ ઉપર સુકાઈ ગયું હતું. લોકોએ મશ્કરીમાં તેની દાઢી ખેંચી હતી ત્યાં પણ લોહી જામી ગયું હતું, અને લોકોના થૂંકને કારણે દાઢીના વાળ હજુ ભીના હતા. આ બધું હોવા છતાં તેના ચહેરા પર શાંતિ અને વિજયના ભાવ તરી આવતા હતા. આ બધું જોઈને લુસિયસના મોંમાંથી એક આહ નીકળી ગઈ.

કેટલીક સ્ત્રીઓ જે પહેલાં પણ ત્યાં જોવામાં આવી હતી તે ત્યાં આવીને વિલાપ કરવા લાગી. સૈનિકો પણ થોડી શરમિંદગી અનુભવવા લાગ્યા. પોતાનાં આંસુ છુપાવવા લુસિયસે મોં બીજી તરફ ફેરવી લીધું. સૂબેદાર પણ પોતાનાં ડૂસકાંને ખાંસી થાય છે તેમ બતાવવાની કોશિશ કરતો હતો. તે હવે વધુ સહન કરી શકે એમ ન હતું, એટલે જૂઠો ક્રોધ બતાવવા સૈનિકોને કહ્યું, "મૂર્ખાઓ, અહીં કેમ ઊભા છો? શું ભલા માણસોનું દુઃખ જોવાનો રોમ તમને પગાર આપે છે? તમને દુઃખ સાથે કોઈ સહાનુભૂતિ નથી. કોણ જાણે રોમ ફક્ત છોકરીઓ જેવા વિલાસી અને આળસુ તથા કમજોર સૈનિકો કેમ આપે છે?"

"ચાલો, કામ કરો. તમારા પવિત્ર હાથને થોડા અપવિત્ર બનાવો. આ બે લાશો અને ભૂકંપથી બહાર નીકળી આવેલી તમામ લાશોને ખાડા ખોદી દાટી દો. જલદીથી કામની શરૂઆત કરો, જેથી યાજકો આવીને શિકાયત ન કરે કે, તેમના પવિત્ર દિવસને અપવિત્ર બનાવી દીધો."

બધા સૈનિકો સ્મિત કરતા કરતા ચાલી નીકળ્યા અને કબર ખોદવાનું શરૂ કર્યું.

## પ્રકરણ ૧૧

**ગાયસ** અને સૈનિકો થાકયાપાકયા લશ્કરી મથકમાં પાછા આવ્યા. પોતાના અધિકારીને તમામ બાબતોનો હેવાલ આપીને ગાયસ જયારે પોતાની કોટડીમાં આવ્યો ત્યારે એને લાગ્યું કે, તે એકદમ બહુ જ વૃદ્ધ થઈ ગયો છે. તેને એવું લાગ્યું કે, સવારથી અત્યાર સુધીમાં કેટલાય યુગ પસાર થઈ ગયા હોય. તેનામાં પણ પરિવર્તન થયું હતું. તેને લાગ્યું કે, તે એક બદલાઈ ગયેલી વ્યક્તિ છે.

પેલા પુરુષ ઈસુને આજે થંભે જડાવ્યો હતો. ગાયસે અગાઉ પણ તેના વિષે સાંભળ્યું હતું; તેને જોયો પણ હતો. પરંતુ તે વખતે તે એક અજાણ્યો હતો. હવે તો એમ લાગતું હતું કે, તે અહીં પણ ઉપસ્થિત છે, અને તેનો મિત્ર છે. તેને કેમ આવી લાગણી થાય છે તે તેની સમજમાં ન આવ્યું.

અને પેલો જુવાન લુસિયસ! બપોરે તેના પ્રત્યે સૂબેદારને લાગણીનો જે ઊભરો આવી ગયો હતો, તેવું ફરીથી તેને થવા લાગ્યું. જો તેને પણ કોઈ પુત્ર હોત તો કેવું! લુસિયસ જેવો જ પુત્ર હોત તો? પરંતુ એ તો કોઈ બીજાનો પુત્ર છે, પોતાનો નહિ.

કોઈકોઈવાર લુસિયસની આદતો અને તેની શિકલ–સૂરત તેને વિચારતો કરી દેતી હતી. કાલ્વરી ઉપર એ બેની વચ્ચે કોઈ સંબંધ બંધાયો હતો, પરંતુ સૂબેદાર અને સૈનિક એ સિવાય તેમની વચ્ચે બીજો સંબંધ હોઈ શકે! તમામ સૈનિકોમાંથી ફક્ત લુસિયસને જ ઈસુનું મહત્ત્વ સમજાયું હતું.

સૂબેદારે ભોજન કરતાં કરતાં મનોમન વિચાર્યું કે, એ યુવાનની સંભાળ એ પોતે રાખશે.

સૈનિકો પોતાને સ્થાને જમવામાં અને શરાબ પીવામાં મશગૂલ હતા. લુસિયસ પોતાના મશ્કરા સ્વભાવને બદલે પોતાની જગ્યાએ શાન્ત બેઠો હતો. તે પણ સૂબેદારની માફક વીતેલી બીનાઓનું સ્મરણ કરી રહ્યો હતો.

ઈસુને કાંટાનો તાજ પહેરાવવાનું એ સમયે તો તેને સારું લાગ્યું હતું, પરંતુ અત્યારે જો તે સમય તે પાછો લઈ શકતો હોય, તો તેમ કરવા પોતાનો જીવ આપવા પણ તે તૈયાર હતો.

ક્રૂસ ઉપરથી ક્ષમાનો પોકાર! લુસિયસને તે સમયે ખબર ન હતી કે તે બધાને માટે છે. તેણે તો એ ક્ષમા તેને મળી છે એમ જાણ્યું હતું, અને આથી તો તેના આત્માને શાંતિ મળી હતી. તે ઈસુ સંબંધી હજુ વધારે જાણવા ઇચ્છતો હતો. તેને લાગ્યું કે પેલો જુવાન શિષ્ય જે ઈસુની માતાને પોતાને ઘેર લઈ ગયો હતો, તે તેને વધારે જ્ઞાન આપી શકશે, અને પોતે તેને શોધી કાઢશે; કારણ કે એ જ્ઞાન કોઈ યાજક કે બીજી વ્યક્તિ તેને આપી શકે એમ ન હતું.

તેને ઈસુ અને તેની મા પ્રત્યે પ્રેમ અને લાગણી પણ હતાં. તેણે પોતાના આત્મામાં એવી કોમળતા અને પવિત્રતાની લાગણી અનુભવી જેવી અગાઉ કદી તેણે અનુભવી ન હતી. તેને લાગ્યું કે, તેનું નવું જીવન આજથી જ શરૂ થયું છે. પોતાની આટલી ઉંમરમાં જે તે શીખી શક્યો નહિ, તે ફક્ત એક જ દિવસમાં શીખી ગયો.

અને પેલા સૂબેદાર! એ પણ તેને માટે પિતા સમાન હતા. તેને જણાયું કે, માતાઓ અને પિતાઓ વિષે તે કંઈ જ જાણતો નથી. સૂબેદારે પણ ઈસુ સંબંધી થોડો વિશ્વાસ પ્રગટ કર્યો હતો અને તેની મા પ્રત્યે પણ પ્રેમ અને દયા બતાવ્યાં હતાં.

સૂબેદાર ખોટી ખોટી ખાંસી ખાઈને પોતાની લાગણી સંતાડવા માંગતો હતો, પણ લુસિયસને તેની જાણ હતી. લુસિયસને સમજાવવા

લાગ્યું હતું કે, એ કઠોર પુરુષની અંદર તો એક કોમળ હૃદય છુપાઈને પડ્યું હતું. તેની નજરમાં સૂબેદારનું સ્થાન ઘણું ઊંચું થયું.

લુસિયસ હવે સૂબેદારનો પિતા જેવો વ્યવહાર યાદ કરવા લાગ્યો. તે કેટલો સારો પિતા હોત ! તે સૂબેદારને પોતાના પિતાના રૂપમાં પામીને ગૌરવ અનુભવત.

લુસિયસ વિચારવા લાગ્યો કે, જો સૂબેદાર પોતાના જન્મ સંબંધીની સાચી હકીકત જાણે, તો તે તેને પુત્ર બનાવવા ન જ ચાહે.

આ બધી હકીકત હોવા છતાં એટલું તો ચોક્કસ હતું કે, તેની અને ઈસુની વચ્ચે, ઈસુ અને સૂબેદારની વચ્ચે અને સૂબેદાર અને તેની વચ્ચે આજે એવો સંબંધ બંધાયો હતો જે એ ત્રણેને એક બંધનમાં બાંધી રહ્યો હતો.

લુસિયસનું મગજ ગૂંચવણમાં પડ્યું. તેણે વિચાર્યું કે, જો આ બધી બાબતોનો ભેદ તે સમજી શકે તો કેવું સારું !

## પ્રકરણ ૧૨

કેટલાક દિવસો પસાર થઈ ગયા. એક દિવસે કોઈએ ફરિયાદ કરી કે, ઈસુ મસીહના શિષ્યોએ તેની લાશ ચોરી લીધી છે. શિષ્યો! જુવાન સૈનિકે પેલી બે વ્યક્તિઓ જેઓએ ઈસુની લાશ દફનાવી હતી તે ઉપરાંત એક જ વ્યક્તિ જોઈ હતી, જે ઈસુના મૃત્યુ સમયે તેની પાસે હતી. જરૂર ઈસુના બીજા શિષ્યો પણ હોવા જોઈએ.

લુસિયસે પેલા જુવાનને શોધી કાઢવા પ્રયત્ન કર્યો, પરંતુ તેનું નામ ન જાણવાથી તે તેને શોધી શકયો નહિ. યરુશાલેમના એ પર્વમાં લગભગ તમામ યહૂદીઓ ભાગ લે છે, પરંતુ પેલો જુવાન તો બીજી વાર દેખાયો જ નહિ.

અગાઉના ભોગવિલાસમાં લુસિયસને કોઈ રસ રહ્યો ન હતો. તે ફક્ત એક જ બાબત ઝંખતો હતો અને તે ઈસુ વિષેનું જ્ઞાન! આ તેની ધૂન તેની ભૂખ બની ગઈ હતી. તેનું જીવન બદલાઈ ગયું. મિત્રો–સોબતીઓ સાથે મજાક–મશ્કરીમાં હિસ્સો લેવાને બદલે એકાંતમાં બેસીને તે ઈસુ વિષે વિચારતો રહેતો.

ઈસુનું પ્રત્યેક સ્મરણ તેને પ્રિય બની ચૂકયું હતું. ઈસુનું જે વસ્ત્ર તે જુગારમાં જીત્યો હતો, તે અવારનવાર બહાર કાઢીને તેનો સ્પર્શ કરી, તેના માલિકને યાદ કરતો હતો. એ વસ્ત્ર પોતે પહેરી લેવું તો તેની નિંદા કરવા જેવું હતું.

સૂબેદાર પ્રયત્નમાં હતો કે, કઈ રીતે લુસિયસ સાથે મિત્રતા વધે, પરંતુ તેની સૈનિક–શાસનની શિસ્ત એટલી દઢ હતી કે, એક સાધારણ સૈનિક સાથે એવો સંબંધ રાખવો અસંભવિત હતું. ઈસુના મૃત્યુ સમયે જે રીતે તેઓ બન્ને એકબીજાની સમીપ આવી ગયા

હતા તેવો અવસર બીજી વાર ન આવ્યો, અને આથી તેઓ પોતપોતાની રાહ પર ચાલતા રહ્યા. સૂબેદારને પોતાના જીવનના માર્ગ ઉપર એકલા એકલા ચાલવાનું ઘણું ખરાબ લાગ્યું.

પરંતુ એક સાંજ આવી પહોંચી જ્યારે લુસિયસને તેના એક સૈનિક–સાથીનો સાથ પસંદ પડ્યો. એવું લાગતું હતું કે, એ સૈનિકે તેના મનમાં કોઈ રહસ્ય ભરી મૂક્યું હતું, અને જ્યારે વધારે સમય તે છૂપું રાખી શક્યો નહિ, ત્યારે તે લુસિયસ પાસે આવીને બોલ્યો, "ઈસુ નામની કોઈ વ્યક્તિને વધસ્તંભે જડનારાઓમાં શું તું પણ સામેલ હતો ?"

લુસિયસે દુ:ખી અવાજે કહ્યું, "હા, હું તેઓમાંનો એક હતો."

પેલા સૈનિકે વાત આગળ વધારતાં કહ્યું કે, "બીજા સૈનિકો સાથે હું પણ કબરની ચોકી કરતો હતો. તેના મૃત્યુ સમયે બનેલ અજબ ઘટનાઓ ઉપર શું તેં ધ્યાન આપ્યું હતું ?"

આ સૈનિકે જ્યારે જાણ્યું કે, લુસિયસ ઈસુના વિષયમાં તેની સાથે ખુલ્લી વાત કરી શકે છે, ત્યારે તેને આનંદ થયો. લુસિયસે આ સૈનિકને ઈસુના મૃત્યુ સમયે જે જે બન્યું તે તમામ વિસ્તારથી કહી સંભળાવ્યું, અને અંતમાં કહ્યું. સૂબેદારે કહ્યું કે, "તે પરમેશ્વરનો પુત્ર છે, અને હું તેના ઉપર વિશ્વાસ કરું છું. પરંતુ તે કયા પરમેશ્વરનો પુત્ર છે તે હજુ સુધી હું જાણી શક્યો નથી."

"તમારો સૂબેદાર ઠીક કહે છે," સૈનિકે કહ્યું. લુસિયસે ઉત્સુક થઈ પૂછ્યું, "શું તું જાણે છે કે એ કયા પરમેશ્વરનો પુત્ર છે ?"

"હું ઇચ્છું છું કે હું તે જાણતો હોત, પણ હું તે જાણતો નથી. પણ હું ખાતરીથી માનું છું કે, 'તે પરમેશ્વરનો પુત્ર' હતો. લુસિયસ ! શું તું એક બાબત ખાનગી રાખી શકશે ?"

લુસિયસનું હૃદય આનંદવિભોર બન્યું. તેને લાગ્યું કે, હવે કંઈ પત્તો લાગશે.

"જરૂર," તેણે જવાબ આપ્યો.

બીજાએ આગ્રહ કર્યો, "પહેલાં વચન આપ કે, ખાનગી રાખશે."

લુસિયસે ગંભીરતાથી કહ્યું, "હું વચન આપું છું કે, કોઈને કંઈ જ નહિ કહું."

સૈનિકે ચેતવણી આપતાં કહ્યું, "હું એક ખતરનાક બાબત તને જણાવું છું. જો કોઈને ખબર પડશે તો મારે જિંદગીથી હાથ ધોવા પડશે."

લુસિયસે આશ્વાસન આપી કહ્યું, "તું મારા ઉપર વિશ્વાસ મૂકી શકે છે."

પોતાનું સ્ટૂલ નજદીક લેતાં તેણે બહુ ધીમા અવાજે કહ્યું, "તેના શિષ્યોએ ઈસુની લાશ ચોરી લીધી એ વાત તદ્દન જૂઠી છે. યાજકોએ આ જૂઠાણું કહેવા અમને લાચાર બનાવ્યા હતા."

લુસિયસ ઉત્સાહથી બોલી ઊઠયો, "મને પહેલેથી જ તેની શંકા હતી."

"ચૂપ," ચેતવણી મળી. "આગળ વાત તો સાંભળ, બહુ અદ્દભુત છે. હા... તો હું કહી રહ્યો હતો તેમ એની કબર ઉપર અમારે પહેરો ભરવાનો હતો. અમારામાંથી બે જણ પહેરો ભરી રહ્યા હતા, અને બીજાઓ દૂર બેસીને જુગાર રમી રહ્યા હતા. પરંતુ કંઈ પણ બને તો તેઓ લડવા તૈયાર હતા.

"જયારે આ ઘટના બની ત્યારે મરકુસ અને સિકંદર કબરના મુખ પાસે પહેરો ભરી રહ્યા હતા. એટલામાં એક મોટી જયોતિ પ્રકટી અને જમીન પર ઊતરી આવી. અમે જયારે ધ્યાનથી જોયું તો જણાયું કે, તેમાં એક પુરુષ છે.

"અમે એટલા ભયભીત બન્યા હતા કે, હાલીચાલી શકયા નહિ. જયોતિ એટલી પ્રકાશિત હતી કે, અમારે આંખો સામે હાથ ધરવા પડયા.

"ત્યારબાદ એક પુરુષ કે ઈશ્વર, જે હોય તે, મરકુસ અને સિકંદરની પાસે આવ્યો અને બન્નેને અડકયો. બન્ને મરેલી વ્યક્તિ સમાન જમીન ઉપર ગબડી પડયા.

"એક મોટા અવાજ સાથે કબર ઉપર મૂકેલો પથ્થર ધીમે ધીમે બહાર ખસવા લાગ્યો. પછી પહેલા પુરુષના જેવો જ બીજો પુરુષ નીચે ઊતરી આવ્યો, અને પછી બન્ને કબરની બે બાજુએ ઊભા રહી ગયા, જાણે કે તેઓ પોતાના સ્વામીનો સત્કાર કરવા ઊભા છે.

"તે પછી કબરમાં પગલાંનો અવાજ આવ્યો. પછી શું થયું તે અમે જાણ્યું નહિ, અને કદી જાણી શકીશું પણ નહિ; કારણ કે અમે બધા બેહોશ થઈ ગયા હતા. અમે જયારે હોશમાં આવ્યા ત્યારે સવાર થઈ ચૂકી હતી.

"શું તમે કલ્પના કરી શકો છો કે અમે જ્યારે ભાનમાં આવ્યા ત્યારે કેટલા વિશેષ ભયભીત બન્યા હોઈશું! જો પિલાતને કાને આ વાત જાય તો અમને બધાને ફાંસી જ મળે. સૂબેદાર ઊઠયા અને એવી આશા સાથે કબરમાં ડોકિયું કર્યું કે લાશ કબરમાં જ હોવી જોઈએ; પણ જોયું તો લાશ ગાયબ! જયાં લાશ મૂકી હતી ત્યાં ફક્ત વસ્ત્ર જ પડેલું હતું.

"હવે અમે શું કરીએ? અમે નાસી જવાની સ્થિતિમાં પણ ન હતા. જો નાસીએ તો ઘોડેસવાર અમને પકડીને મારી જ નાખે. અમે ગમે તે કરીએ પરંતુ અમારી સામે બદનામી અને મોત સિવાય કંઈ જ દેખાતું ન હતું.

"છેવટે સૂબેદારે પ્રમુખયાજક પાસે જઈને જે બન્યું તે તમામ કહી દેવાનો નિશ્ચય કર્યો; કારણ કે તેના કહેવાથી જ અમને કબરની ચોકી સોંપવામાં આવી હતી.

"અમે કાયાફાસના મહેલે પહોંચ્યા અને તેની સન્મુખ ઊભા કરવામાં આવ્યા.

"'સૂબેદાર! મને શું કહેવા આવ્યા છો?' પ્રમુખયાજકે ગંભીરતાથી પૂછ્યું. પરંતુ મેં જોયું કે, તેના ચહેરાનો રંગ ઊડી ગયો હતો; કદાચ અમે તેને કંઈ કહીએ તે પહેલાં જ તેને ખબર પડી ગઈ હશે કે, શું બન્યું હશે."

કાંપતાં કાંપતાં સૂબેદારે તમામ વર્ણન કર્યું.

પ્રમુખયાજક જૂઠો ક્રોધ કરતાં તડૂકી ઊઠયો, "'શું? ખાલી કબર?' તમે લોકો જૂઠું બોલો છો. તમે અને તમારા મૂર્તિપૂજક સિપાઇઓ બધા જ તેની તરફ થઈ ગયા છો." (તેનો ઇશારો ઈસુ તરફ હતો) "જે સૂબેદાર તેને થંભે જડી રહ્યો હતો, તેણે મારા જેવા પ્રમુખયાજક સાથે બૂરો વર્તાવ કર્યો હતો. પણ એક વાત ભૂલશો નહિ કે, કાઇસારના દરબારમાં મારા અનેક મિત્રો છે. જો મારી વાત માનશો તો તમારું અને તમારા મૂર્તિપૂજક હાકેમનું ભલું થશે; અને જો મારા કહ્યા પ્રમાણે નહિ કરો, તો યાદ રાખજો કે, એ સમય દૂર નથી જયારે તમે તમારી નોકરી અને જાન બન્ને ગુમાવશો."

"અમારો સૂબેદાર રડતાં રડતાં બોલ્યો, 'જુઓ, મેં આવી જ આશા રાખી હતી.'

"પ્રમુખયાજક આ સાંભળીને બોલ્યો, 'જયાં સુધી હું પાછો ન ફરું કે તમને બોલાવું, ત્યાં સુધી તમે અને તમારા સિપાઈઓ અહીંજ થાભો.'

"અમે ઘણી વાર ત્યાં રોકાયા પછી એક ચાકરે આવીને અમને કહ્યું, 'તમને અને તમારા સિપાઈઓને પ્રમુખયાજક અંદર બોલાવે છે.'

"અમને એક મોટા ઓરડામાં લઈ ગયા જયાં બીજા ઘણા લોકો બેઠા હતા. તેઓએ પ્રથમ સૂબેદારને અને પછી દરેક સિપાઈને અલગ અલગ પ્રશ્નો પૂછ્યા. ત્યારબાદ અમને ફરીથી બહાર થોભવાનું કહેવામાં આવ્યું.

"થોડી વાર પછી ફરીથી અંદરનું તેડું આવ્યું. મેજ ઉપર એક મોટો થેલો મૂકવામાં આવ્યો હતો. અમને તરત સમજાઈ ગયું કે તેમાં શું છે.

"'અમને ખાતરી છે કે, આ બાબતમાં તમારામાંનો કોઈ દોષિત નથી,' પ્રમુખયાજકે કહ્યું, 'આ પૈસા લઈ જાઓ, અને તમામ લોકોને એ કહેજો કે, રાત્રે અમે જ્યારે સૂતા હતા ત્યારે તેના શિષ્યો આવીને લાશ ચોરી ગયા. જો તમે ખરી વાત કહેશો તો ઘણી ગરબડ મચી જશે.'

"'પણ અમારા હાકેમ અને ન્યાયાધીશનું શું?' સૂબેદારે ચકિત થઈને કહ્યું, 'તમે તમારા રોમન કાયદાઓ જાણો છો કે, અમે તેમ કરી શકતા નથી.'

"પ્રમુખયાજક હસતાં હસતાં બોલ્યો, 'હું તમારા હાકેમને સારી પેઠે ઓળખું છું. અગાઉ પણ તેણે મારી જ ઇચ્છા પૂરી કરી છે, અને આ વખતે પણ તેમ જ કરશે. કાઇસાર તરફથી તેને ચેતવવામાં આવ્યો છે કે, તે અમને ન સતાવે, અને તે એવું નહિ જ કરે. તમારે બિલકુલ ગભરાવાની જરૂર નથી. જો અમે ભયભીત બન્યા હોત તો ક્યારના કેદમાં હોત.'"

આ વૃત્તાંત સાંભળીને લુસિયસના મુખ ઉપર આનંદની લહેરો દોડી ગઈ. તેણે થોથરાતાં છતાં ઉત્સુકતાથી કહ્યું, "મિત્ર, અમારા સૂબેદાર બુદ્ધિમાન છે છતાં તેણે અપરાધ કર્યો છે. તે પુરુષ કેવળ પરમેશ્વરનો પુત્ર જ નહિ, પરંતુ પોતે જ પરમેશ્વર હતો."

અત્યાર સુધી લુસિયસ પોતાના ધર્મના અંધ વિશ્વાસરૂપી અંધકારમાં હતો, પરંતુ હવે તેણે પ્રકાશ તરફ વધવા એક કદમ ઉઠાવ્યું હતું.

## પ્રકરણ ૧૩

ઘણી વાર સાથીના શબ્દોથી લુસિયસનુ મન સંતુષ્ટ રહ્યું. દરેક શબ્દ, દરેક બીના તેણે મનમાં છુપાવેલી રાખી. જેને તે પરમેશ્વર સમજતો હતો તેના તરફ ભક્તિભાવ વધતો ગયો. પેલો યુવાન જે ક્રૂસની પાસે જોવામાં આવ્યો હતો, તેની તપાસ તેણે ચાલુ જ રાખી. તેણે પેલી સ્ત્રીઓ જે વધસ્તંભની પાસે હતી, અને પેલો ધનવાન જેણે ઈસુની લાશ દફનાવી હતી તેમની તપાસ કરી; કારણ કે તેઓ બધા જ ઈશ્વરના ભક્ત હતા, પરંતુ શોધ નિષ્ફળ નીવડી.

એક મહિનો વીત્યો અને શોધ ચાલુ હતી. પોતાના નવરાશના સમયે એ જુવાન સૈનિક બજારમાં કે દરવાજે ઊભેલો દેખાતો અને આવતી-જતી ભીડ ઉપર તેની દૃષ્ટિ ચોંટી રહેતી જેથી પરમેશ્વરના ભક્તોમાંથી એકાદનો તો ભેટો થઈ જાય; પરંતુ લાચાર.

એક વાર તેની ટોળીને ડાકુઓનો પીછો પકડવા બોલાવવામાં આવી. પોતાની નોકરીમાં પ્રથમ વાર ગાયસે પોતાની ટુકડીને કેદીઓને વધસ્તંભે જડવાની શિક્ષા કરવામાંથી છોડાવી. હવે તેઓ બીજી કામગીરી કરવા છૂટા હતા. લુસિયસને પણ પોતાની ટોળીની સાથે બહાર મોકલવામાં આવ્યો હતો; પરંતુ તે જ્યારે પાછો ફર્યો ત્યારે તેણે જાણ્યું કે, તેણે એ અમૂલ્ય અવસર ગુમાવ્યા હતા.

જે જુવાનને તે આટલા દિવસ સુધી શોધતો હતો તે પોતાના બીજા મિત્રની સાથે બે વાર પકડાઈ ગયો હતો. લુસિયસ પાછો ફર્યો એટલામાં તો તેઓને છોડી મૂકવામાં આવ્યા હતા, પરંતુ તેની ગેર-ગેરહાજરીમાં બે મોટાં પ્રગટ કાર્યો થયાં હતાં, અને ૫,૦૦૦ લોકોએ જેમાંના ઘણા તો ઈસુને વધસ્તંભે જડાવવામાં સામેલ હતા તેઓએ ઈસુનો પોતાના પરમેશ્વર અને તારનાર તરીકે સ્વીકાર કર્યો હતો.

લુસિયસના પાછા આવ્યા બાદ એક દિવસે સૈનિકો આમતેમ આરામ કરી રહ્યા હતા. તેઓ કિલ્લાની પાસે એક રસ્તા પર હતા જેમાં લુસિયસ પણ હતો. પરંતુ બીજા સૈનિકોથી અલગ બેઠો હતો. જે પરમેશ્વર વિષે તે બહુ જાણતો ન હતો, છતાં જેના ઉપર તે બહુ જ પ્રેમ કરતો હતો, તેના સંબંધી તે વિચારમગ્ન હતો. આ અવસ્થામાં રસ્તા ઉપરથી એક બાર વર્ષની નાની છોકરીને આવતી તે જોઈ શક્યો નહિ. તે પાસે આવી કે પોર્સિયસ ઊઠીને તેની તરફ આગળ વધ્યો.

તેણે છોકરીને શું કહ્યું તેની ખબર ન પડી, પણ તેણે જે કહ્યું તે એ બાળાને ભયભીત કરવા પૂરતું હતું; કારણ કે તે તરત બીજી દિશામાં નાસવા લાગી. પોર્સિયસે દોડીને તેને પકડી લીધી, અને ઊંચકીને કિલ્લા તરફ વળ્યો.

બાળા ચીસો પાડવા લાગી કે કોઈ તેની મદદમાં આવે, પરંતુ કોઈ આવ્યું નહિ. ઊલટું, બીજાઓ હસવા લાગ્યા અને તેમના મિત્રને સાથ આપવા લાગ્યા. બાળાને થોડો સામનો કરવામાં જ જણાયું કે, એ પશુ જેવી બળવાન વ્યક્તિ સામે તેનો કોઈ હિસાબ ન હતો.

તેણે નિરાશાથી ઘેરાઈને આકાશ તરફ આંખો ઊંચી કરતાં કહ્યું, "હે પ્રભુ ઈસુ, મારી રક્ષા કરો."

જ્યાં તેણે આશા છોડી દીધી હતી ત્યાંથી જ તેને તાત્કાલિક ઉત્તર મળી ગયો. લુસિયસ પોતાના પરમેશ્વરનું નામ સાંભળીને એકદમ ઊભો થઈ ગયો અને તલવાર મ્યાનમાંથી બહાર કાઢીને બરાડ્યો, "આ છોકરીને મૂકી દઈને તારી પોતાની રક્ષા કર."

બાળાને એકદમ એક તરફ ફેંકીને પોર્સિયસ પોતાની તલવાર તાણીને પોતાની રક્ષા કરવા લુસિયસ તરફ ફર્યો. બાળા નાસી જવાને બદલે ત્યાં જ ઊભી રહી.

એક સત્તાધારી અવાજે બન્ને સૈનિકોને યુદ્ધ આરંભતાં અટકાવી દીધા.

"બંધ કરો !" અવાજ પાસેથી આવ્યો, અને સત્તાધારી અવાજ હોવાથી બાળાએ જાણ્યું કે, તે કોઈ અમલદાર હોવો જોઈએ. બન્ને સૈનિકોએ પોતાના સૂબેદારના અવાજને ઓળખ્યો.

સૂબેદારે પૂછ્યું, "અહીં શું થઈ રહ્યું છે ?"

પોર્સિયસે કહ્યું, "લુસિયસે પોતાની તલવાર તાણીને મને પોતાની રક્ષા કરવા પડકાર ફેંક્યો."

ગાયસ લેપિડસે લુસિયસને પૂછ્યું, "તારે આ બાબતમાં શું કહેવું છે ?"

લુસિયસે કહ્યું, "તેણે આ બાળા ઉપર હુમલો કર્યો હતો, અને બાળાએ મદદ માટે બૂમ પાડી હતી."

સૈનિકોનું ટોળું હસી પડ્યું અને બોલ્યું, "હા ! હા ! હા !... તેણે તને નહિ પણ ઈસુને મદદ માટે બૂમ પાડી હતી... શું લુસિયસે પોતાનું નામ બદલી નાખ્યું છે ?"

સૂબેદારે ગુસ્સાથી બૂમ પાડી કહ્યું, "ચૂપ રહો," અને બધા ડરી ગયા.

સૂબેદાર ભયભીત બાળા તરફ ફરીને બોલ્યો, "બેટા, તું આ વરૂઓના ટોળામાં ક્યાંથી આવી ચઢી ? તને ખબર નથી કે, એ લોકો તારા જેવી છોકરીનું બિલકુલ માન જાળવતા નથી."

બાળા ભયને કારણે જવાબ આપી શકી નહિ.

સૂબેદારે કોમળ અવાજે કહ્યું, "તારે મારાથી ડરવાની જરૂર નથી. અત્યારે તો ફક્ત હું જ તારો રક્ષક છું; કારણ કે આ તમામ છોકરાઓ મારા તાબામાં છે, અને મારી આજ્ઞા પાળે છે." પછી પોર્સિયસ તરફ ફરીને બોલ્યો, "પોર્સિયસ, ભવિષ્યમાં તારી બહાદુરી બીજી જગ્યાએ બતાવજે. આવી નાની બાળાઓની છેડતી કરીશ નહિ. તને શરમ લાગવી જોઈએ કે, આવી નાની બાળા ઉપર હુમલો કરે છે."

જો કે અત્યાર સુધી સૂબેદારનો અવાજ એવો નમ્ર ન હતો, છતાં બાળાએ તેના મુખ ઉપર એવો ભાવ જોયો જેથી તેને વધુ આશ્વાસન મળ્યું.

ઈસુને ક્રૂસ ઉપર જડચા ત્યારથી જ સૂબેદારના હૃદયમાં કોઈ ફેરફાર થઈ રહ્યો હતો. તેણે ફરીથી એ બાળાને પૂછ્યું કે, તે ત્યાં કેવી રીતે આવી પહોંચી. ત્યારે તેણે ધીમા અવાજે જણાવ્યું, "અમે હમણાં જ શહેરમાંથી અહીં આવ્યાં છીએ. મારા મામાના મૃત્યુ બાદ મારા પિતાશ્રીને એમની જમીન ઉપર અધિકાર મળ્યો. મને થયું, અહીંનું સુંદર મંદિર જોઈ લઉં. પરંતુ આ તરફ હું અગાઉ એકલી આવી ન હતી એટલે ભૂલી પડી."

થોડી વાર સુધી સૂબેદાર દ્વિધામાં રહ્યો. તે પોતે આ સ્થાન છોડીને જઈ શકતો ન હતો, અને પોતાના સૈનિકોને પણ આ જવાબદારી સોંપવા તૈયાર ન હતો. લુસિયસે તેની ચિંતા દૂર કરતાં કહ્યું, "હું આ બાળાને તેને ઘેર પહોંચાડી આવું ?"

સૂબેદારે થોડા સંદેહ સાથે આ જુવાન સૈનિક તરફ દૃષ્ટિ ફેરવી. ગાયસ રોમન સૈનિકોની હરકતો બહુ સારી પેઠે જાણતો હતો. લાગ મળતાં જ તેઓ પરિસ્થિતિનો લાભ લેવાનું ચૂકતા નહિ. તેના પોતાના જીવનમાં પણ એવી ઘટના બની હતી જેને કારણે આજે તે શરમિંદો હતો. તેણે જોયું કે, લુસિયસ બીજા સૈનિકોથી કંઈ જુદો ન હતો.

પણ હવે સૂબેદારના મનમાં આશાનું કિરણ પ્રગટ્યું. હમણાં હમણાં લુસિયસના જીવનમાં મોટું પરિવર્તન આવ્યું હતું. શું આ બાળાના રક્ષણની જવાબદારી તેને સોંપી શકશે ? ખરું પૂછો તો તેણે જ આ બાળાને પોર્સિયસની પકડમાંથી બચાવી હતી. સૂબેદાર જાણતો હતો કે, લુસિયસ તેનું ઘણું માન જાળવે છે. તેણે લુસિયસને પૂછ્યું, "શું, આ બાળા તારી મિત્ર છે ?"

લુસિયસે સૂબેદારની સામે નિર્ભયતાથી જોતાં કહ્યું, “ના જી, અત્યાર અગાઉ મેં કદી તેને જોઈ નથી.”

સૂબેદારે લુસિયસની આંખોના ભાવ વાંચીને ખાતરી કરી કે, તે તેના ઉપર વિશ્વાસ મૂકી શકે છે. બાળા તેના હાથમાં સુરક્ષિત રહેશે.

સૂબેદાર કહ્યું, “સારું, તું બાળાને મૂકવા જઈ શકે છે, પરંતુ યાદ રાખજે કે, આ બાળાને કોઈપણ પ્રકારની આંચ ન આવવી જોઈએ.”

પોતાના ઘર તરફ આંગળી બતાવતાં બાળા પાછી ફરી, અને સૈનિક તેની પાછળ પાછળ ચાલવા લાગ્યો.

બહુ વાર સુધી એમાંથી કોઈ કંઈ બોલ્યું નહિ. બાળા હજુ સુધી બનેલ બનાવથી ભયભીત હતી. લુસિયસ વિચારતો હતો કે, તેને કોઈ પ્રશ્ન પૂછવો કે નહિ. છેવટે તેણે પૂછી જ નાંખ્યું, “તેં ઈસુને પોકાર કર્યો હતો. એ તારો કોણ થાય?”

બાળા ગભરાઈ ગઈ, અને એક ક્ષણ માટે તેનો ભય વધી ગયો. તેને ભયભીત થવાનું કારણ હતું; કારણ કે આવા જ રોમન સૈનિકોએ ઈસુને ક્રૂસ ઉપર જડયા હતા. જયારે તેઓએ ઈસુની સાથે આવો વ્યવહાર કર્યો તો તેઓ તેના શિષ્યો સાથે શું નહિ કરે? ઈસુના શિષ્યો બહાદુર હતા છતાં થોડો સમય તેઓ છુપાઈને રહેતા હતા. કદાચ તેમને પકડવા માટેની આ કોઈ ચાલ હોય.

અચાનક તેના હૃદયમાં એક સાહસની લાગણી ઊભરાઈ આવી. એ એવી લાગણી હતી જે ફક્ત બહાદુરોમાં જ નહિ, પરંતુ નમ્ર અને નિર્બળોમાં પણ જન્મે છે. તેણે વિચાર્યું કે, સૈનિક તેને ભલે જે કરવું હોય તે કરે, પણ તે ઈસુની ખાતર દુઃખ સહન કરશે.

તેણે સરળતાથી જવાબ આપ્યો, “તે મારો ઉદ્ધારક છે; મારો પરમેશ્વર છે.”

લુસિયસે અધીરાઈથી પૂછ્યું, "પણ કયો પરમેશ્વર? હું પણ તે જ શોધવાની કોશિશ કરી રહ્યો છું. હા, હું ઘણા સમયથી જાણું છું કે, તે પરમેશ્વરોમાંનો એક છે."

બાળા ચકિત બની ગઈ, અને સ્થિરતાથી તેના તરફ જોઈ કહ્યું, "પરમેશ્વર કેવળ એક જ છે."

"એક જ પરમેશ્વર?" લુસિયસને વિશ્વાસ ન આવ્યો. "તેં હમણાં તો કહ્યું કે, ઈસુ પરમેશ્વર છે. શું એ જ તે એકલો ઈશ્વર છે?"

"ઈશ્વર એક જ છે, પણ તેનામાં ત્રણ જુદી વ્યક્તિ રહેલી છે. મારા પિતાજી અને બીજાઓ જેઓ મારે ઘેર આવે છે, તેઓ કહે છે કે, આ ત્રણ વ્યક્તિઓ તો ઈશ્વરપિતા, ઈશ્વરપુત્ર અને ઈશ્વર પવિત્ર આત્મા છે. પિતાને સૂર્ય સાથે સરખાવી શકાય. દિવસે જે પ્રકાશિત ગોળો આકાશમાં આપણે જોઈએ છીએ, તેને આપણે સૂર્ય કહીએ છીએ. બપોરે જ્યારે તાપ લાગે છે ત્યારે કહીએ છીએ કે, સૂર્ય કેટલો ગરમ છે; અને આપણે તેની ગરમી વિષે સમજીએ છીએ. આપણે પ્રકાશને પણ સૂર્ય કહીએ છીએ. આ તમામ જુદાં જુદાં સ્વરૂપો એક જ પદાર્થનાં છે. ઈસુ પણ પરમેશ્વરનું એક રૂપ છે, અને હવે તે ફરીથી સ્વર્ગમાં ચઢી ગયા છે."

"આ બધી સમજવા જેવી બાબતો છે, પણ મને જુદી જ બાબતો શીખવવામાં આવી હતી. અમારા તો ઘણા પરમેશ્વરો છે, અને દરેકને કંઈ ને કંઈ કામ સોંપવામાં આવ્યું છે. પરંતુ તેઓ અંદરોઅંદર પુષ્કળ લડે છે. હવે મને લાગે છે કે, એ લોકોથી કંઈ લાભ થતો નથી. તારો આ વિચાર કે, ઈશ્વર કેવળ એક જ છે, તે બહુ સુંદર વિચાર છે."

બાળાએ જવાબ આપ્યો, "મેં તમારા ઈશ્વર વિષે સાંભળ્યું છે. અમારે ઘેર એક પુરુષ આવે છે જે પિતાજી સાથે આ વિષે

ઘણી ચર્ચા કરે છે અને હું તેમની વાતો સમજી પણ શકું છું. તેઓ કહે છે કે, તેમને કિલ્લાના સૈનિકો માટે દયા આવે છે; કારણ કે તેઓ જીવંત ઈશ્વર વિષે કંઈ જ જાણતા હોતા નથી. તે પુરુષ ઘણો જ્ઞાની છે અને યુનાની ભાષા પણ વાંચી–લખી શકે છે. મારા પિતા કરતાં પણ તેઓ જ્ઞાની છે; હું તેમના ઉપર ઘણો પ્રેમ રાખું છું.

"તેઓ કહે છે કે, તમારા ઈશ્વર તો માણસોએ બનાવેલા છે. તેઓ એમ પણ કહે છે કે, તેઓ પાપ કરે છે. તમે તો સારી પેઠે સમજી શકો છો કે, ઈશ્વર પાપ કરે જ નહિ. મને કહોને કે, તમારો ઈશ્વર પાપ કરે છે એ શું ખરું છે?"

લુસિયસે બાળા તરફ જોતાં કહ્યું, "પાપ!" "મને ખબર નથી; હા, પણ મેં સાંભળ્યું છે કે, તેઓ પણ મનુષ્ય માફક પાપ કરે છે. જો તારો પરમેશ્વર મનુષ્ય નથી, તો તે કેવો ઈશ્વર છે?"

"તે પવિત્ર છે; પણ કદાચ તમે પવિત્રનો અર્થ નહિ જાણતા હો."

લુસિયસે શરમાતાં કહ્યું, "હા, હું તેનો અર્થ જાણતો નથી."

બાળાએ કહ્યું," કદાચ હું તમને એનો અર્થ સમજાવી શકું! અમારા ઈશ્વરે જે પુસ્તકો અમારા મહાન આગેવાન મૂસાને આપ્યાં તેમાં વારંવાર આ ઉલ્લેખ છે કે, તે પવિત્ર છે. ભવિષ્યવાદીઓને પણ આ જ કહેવામાં આવ્યું. પરમેશ્વરે અમારા લોકોની વ્યવસ્થા કરી જેથી અમે તેને માટે એક પવિત્ર પ્રજા બની રહીએ, અને બીજી જાતિઓનાં પાપથી અમારી જાતને સુરક્ષિત રાખીએ. જ્યારે અમે મંદિરમાં ભક્તિ કરીએ છીએ, ત્યારે અમારે કોઈ બલિદાન આપવું પડે છે. આ એટલા માટે કરવું પડે છે કે, અમારો પરમેશ્વર એટલો પવિત્ર છે કે, નાનામાં નાના પાપ પ્રત્યે પણ તેને ઘૃણા થાય છે."

લુસિયસે પૂછ્યું, "પરંતુ પાપ એ શું છે? અરે હા, યાદ આવ્યું," આમ કહેતાં તેના ચહેરા ઉપર દુઃખનો ભાવ ઊપસી આવ્યો.

"અરેરે ! મેં કેમ આવું કર્યું ? એ તો પાપ હતું. તેને કાંટાનો મુગટ પહેરાવવો એ તો પાપ હતું. ઈસુને ક્રૂસ ઉપર ચઢાવનારાઓમાં હું પણ એક હતો......પણ જ્યારે તેણે કહ્યું, 'બાપ, તેઓને માફ કર, ત્યારે જ તેણે મારાં પાપની ક્ષમા બક્ષી હતી." સૈનિકનું ગળું ભરાઈ આવ્યું અને તેણે હાથથી પોતાનું મોં ઢાંક્યું.

બાળાએ ભયભીત થઈને સૈનિક તરફ જોયું; પરંતુ એટલામાં તો તેણે સ્વસ્થ થઈ ને કહ્યું, "જે કામ મેં કર્યું તેને બાદ કરતાં, બીજી કઈ બાબત પાપ ગણાય ?"

બાળાએ સમજાવ્યું, "પરમેશ્વરે પાપ સમજાવવા અમારા પૂર્વજોને ઘણા નિયમો આપ્યા હતા. એ એટલા બધા નિયમો છે કે, આખું પુસ્તક ભરાઈ ગયું છે, અને જેઓ વિદ્વાન છે તેઓ જ તે સારી પેઠે સમજી શકે; પરંતુ જે વિશેષ આજ્ઞાઓ આપી છે, તે તો દરેક ભલો યહૂદી જાણે છે. શું તમારે તે સાંભળવી છે ?"

લુસિયસે પૂરા હૃદયથી કહ્યું, "હા, હા, જરૂર." બાળાએ આજ્ઞા ગણાવવા માંડી.

"'મારા સિવાય તારે કોઈ અન્ય દેવો ન હોય."

"'તું પોતાને માટે કોઈ કોરેલી મૂર્તિ ન કર; પૃથ્વી ઉપર, આકાશમાંની કે નીચે ભૂમિમાંની કે ભૂમિની તળે પાણીમાંની કોઈ ચીજની પ્રતિમા ન કર.'" (નિર્ગ. ૨૦ : ૩–૪; પુન. ૫ : ૭–૮).

સૈનિક ચકિત બન્યો. આવી વાતો તેણે કદી અગાઉ સાંભળી ન હતી. શરમથી તેણે મસ્તક ઝુકાવ્યું; કારણ કે રોમમાં તેણે કેટલી જુદી જુદી મૂર્તિઓ, પ્રતિમાઓ જોઈ હતી.

બાળા આગળ કહેતી ગઈ : "'તું આ મૂર્તિઓ આગળ ન નમ, ને તેઓની સેવા ન કર; કેમ કે હું યહોવા તારો આવેશી દેવ છું. જેઓ મારો દ્વેષ કરે છે તેઓના દીકરા, દીકરીઓ, પૌત્રોને હું

શિક્ષા કરીશ. અને જેઓ મારી ઉપર પ્રેમ રાખે છે, અને મારી આજ્ઞાઓ પાળે છે, તેઓ ઉપર મારી દયા ચાલુ રહે છે.

" 'તું તારા પરમેશ્વરનું નામ વૃથા ન લે; કારણ કે જે કોઈ તેનું નામ વૃથા લે છે, તે નિર્દોષ ગણાશે નહિ.' "

લુસિયસને યાદ આવ્યું કે, તે તથા તેના મિત્રો કેવા વાત-વાતમાં પરમેશ્વરનું નામ લેતા હતા. અવશ્ય જો રોમન ઈશ્વર હોય તોપણ તે એટલો પવિત્ર તો નહિ જ હોય; એટલે તેઓનાં નામ વારંવાર લીધાં તેની તેને ચિંતા ન હતી.

શરૂઆતથી જ લુસિયસને એ દેવદેવીઓ ઉપર વિશ્વાસ ન હતો, અને જે કંઈ થોડો હતો તે પણ હવે ઓછો થતો જતો હતો.

" 'તું વિશ્રામવાર પવિત્ર પાળ.

" 'છ દિવસ તું ઉદ્યોગ કર, ને તારું સઘળું કામ કર; પણ સાતમો દિવસ તારા દેવ યહોવાનો સાબ્બાથ છે; તેમાં તું કંઈ કામ ન કર. તું કે તારો દીકરો કે તારી દીકરી કે તારો દાસ કે તારી દાસી, કે તારો બળદ કે તારું ગધેડું કે તારું કોઈપણ ઢોર, કે તારા દરવાજા અંદર વસનાર પરદેશી; 'કેમ કે છ દિવસમાં યહોવાએ આકાશ તથા પૃથ્વી, સમુદ્ર તથા તેઓમાંનાં જે કંઈ છે તે સઘળું બનાવ્યું, અને સાતમે દિવસે વિશ્રામ લીધો. આ જ કારણથી યહોવાએ સાબ્બાથ દિવસને આશીર્વાદ આપીને પવિત્ર ઠરાવ્યો.' " (નિર્ગ. ૨૦ : ૮-૧૧; પુન. ૫ : ૧૨-૧૫).

આ જુવાન સૈનિક અને તેના મિત્રોએ સાબ્બાથવાર સંબંધી જે મજાક-મશ્કરી કરી હતી તે યાદ આવી. તેઓને એમ લાગતું હતું કે, આ દિવસ પાળવો તે યહૂદી લોકોનું એક પાગલપણ હતું. લુસિયસ પણ મિત્રો સાથે આ ઠઠ્ઠા-મશ્કરીમાં જોડાયો હતો. ખાસ કરીને લશ્કર માટે તો સાબ્બાથવાર પાળવો તે ઘણું મુશ્કેલ કાર્ય

છે. માની લો કે, સાબ્બાથ દિવસે જ શત્રુઓનો હુમલો આવ્યો ત્યારે શું કરશો ?

લુસિયસે વિચાર્યું કે, જો લોકો ઈશ્વરની આજ્ઞાનું પાલન કરે તો ઈશ્વર પણ તેઓની રક્ષા કરશે.

"'તું તારાં માબાપનું સન્માન કર; જેથી જે દેશ યહોવા તારો દેવ તને આપે છે તેમાં તારું આયુષ્ય લાંબુ થાય.'" (નિર્ગ. ૨૦:૧૨; પુન. ૫:૧૬).

માતાપિતા ! ફરીથી જાણે તેઓની નજર સમક્ષ આવી ઊભાં. જ્યારથી તેણે એક દુઃખી માતાને પોતાના પુત્રના મૃત્યુ સમયે વિલાપ કરતી જોઈ હતી, ત્યારથી તે પોતાનાં માબાપ વિષે ઘણું વિચારવા લાગ્યો હતો. તે દિવસથી તેને લાગ્યું હતું કે, તે કોઈના ઉપર પ્રેમ કરે, અને સામો પ્રેમ મેળવે. માતાપિતાની ખોટ મનમાં સાલવા લાગી. પોતાને પણ માતાપિતા હોય જેઓ ઉપર તે પુષ્કળ પ્રેમ કરે, તેવી તીવ્ર લાલસા તેના મનમાં જન્મી.

બાળાની વાતને અધવચ્ચે અટકાવતાં તેણે પૂછ્યું, "તેં તારા પિતા વિષે તો બતાવ્યું, પણ શું તારી મા પણ છે ?"

બાળાએ આશ્ચર્યથી તેના તરફ જોયું અને બોલી, "જરૂર ! આ કેવો વિચિત્ર પ્રશ્ન છે ? મા તો દરેકને હોય......હા, એવું બની શકે કે......તેના મનમાં આ સૈનિક માટે દયાભાવ જાગ્યો. તે તેનાં સગાંવહાલાં, મિત્રોથી ઘણો દૂર હતો, અને મા પણ કદાચ મૃત્યુ પામી હોય. સૈનિકનું ધ્યાન માના વિચારોમાંથી દૂર કરવા તેણે આગળ કહેવા માંડ્યું.

"'તું ખૂન ન કર !'" (નિર્ગ. ૨૦:૧૩; પુન. ૫:૧૭).

"આહ !" લુસિયસે કહ્યું, "એક સૈનિક આ આજ્ઞાનું પાલન કેવી રીતે કરે ? ખાસ કરીને જ્યારે માર્ગમાં પુષ્કળ ડાકુઓ હોય જેમને મૃત્યુ-ઘાટ પહોંચાડવાની જરૂર હોય."

બાળાએ સમજાવ્યું, "આને માટે પણ ઈશ્વરે ઉપાય યોજ્યો છે. અમારી વ્યવસ્થા કહે છે કે, અપરાધો માટે મનુષ્યનો દંડ થવો જ જોઈએ. અમારા કંઈ કેટલાયે વીર લડવૈયા થઈ ગયા, જેઓની દેખભાળ યુદ્ધોમાં ખુદ પરમેશ્વરે કરી હતી."

લુસિયસને વધુ સમજાયું. તે આ લોકોનો એટલા માટે તિરસ્કાર કરતો હતો કે તેઓ લડાયક પ્રજા ન હતી.

બાળા આગળ બોલતી ગઈ.

"'તું વ્યભિચાર ન કર.

"'તું ચોરી ન કર.

"'તું જૂઠી સાક્ષી ન પૂર.

"'તું લોભ ન રાખ. તું તારા પાડોશીની પત્ની પર લોભ ન રાખ; અને તું તારા પાડોશીનું ઘર, તેનું ખેતર, કે તેનો દાસ કે તેની દાસી, તેનો બળદ કે તેનું ગધેડું કે તારા પાડોશીનું જે કંઈ હોય, તે પર તું લોભ ન રાખ.'" (નિર્ગ. ૨૦:૧૪–૧૭; પુન. ૫:૧૮–૨૧).

ચોરી! લશ્કરમાં તો લુસિયસ પોતાના હોદ્દાનો લાભ ઉઠાવીને વેપારીઓને લૂંટતો હતો. તેઓની છેડતી કરીને સતાવતો હતો; કારણ કે તે જાણતો હતો કે, તેઓ તેની વિરુદ્ધ ફરિયાદ નહિ કરે. એ તમામ દુષ્ટ કામોની નીચતા તેને હવે ડંખવા લાગી. હવે રહી વ્યભિચાર અને પારકી સ્ત્રીની લાલચ. શું દેવતાઓના રાજા જોવને પોતે જ આવા કાર્યમાં નમૂનો નથી આપ્યો? લુસિયસને સમજાયું કે, જેને તેના લોક ઈશ્વર કહે છે, તે કેવળ તેમના પાપી વિચારોનું સર્જન છે, જેઓને તેમણે પોતાના આકાર પ્રમાણે બનાવીને પોતાનાં પાપોને માટે બહાનાં શોધી કાઢ્યાં. હવે તેને જે કંઈ થોડો વિશ્વાસ આ દેવતાઓ ઉપર હતો તે પણ ગયો. પરંતુ એ પાપ.........

"તારો ઈશ્વર પાપનો દંડ કરશે, તો એ દંડ શું છે?" લુસિયસે બાળાને આતુરતાથી પૂછ્યું.

બાળાએ ઉદાસીનતાથી જવાબ આપ્યો, "ઈશ્વરની સન્મુખથી દૂર થઈ જવું, અને મરણ બાદ અનંતકાળની શિક્ષા ભોગવવી એ જ પાપનો દંડ છે."

"પરંતુ અમારા જેવા જેઓએ ઈશ્વરની વ્યવસ્થા જાણી નહિ તેઓનું શું થશે? મારી માન્યતા પ્રમાણે તો અમે જેઓ અજ્ઞાન હતા, તેઓને પણ આવો દંડ ભોગવવો તે તો એક અન્યાય છે." લુસિયસે થોડા ગુસ્સાથી કહ્યું.

"પરમેશ્વરે તેનો પણ ઉપાય કર્યો છે. આ જ કારણથી તો ઈસુએ બલિદાન આપ્યું. તેણે તમામ પાપનો ભાર ઉઠાવ્યો." બાળાએ કહ્યું. તેણે વધુમાં કહ્યું, "એક વ્યક્તિ જે ઈસુની શિષ્ય હતી, તે અમારે ઘેર આવે છે. તેમણે એક સાંજે સમજાવ્યું કે, ઈસુએ જગતની શરૂઆતથી થતાં આવેલાં પાપ અને પૃથ્વીના અંત સુધી થનાર પાપનો ભાર પોતે ઊંચક્યો. જરા વિચારો...... તે આ જ પાપોને લીધે મૃત્યુ પામ્યા."

લુસિયસ વિચારવા લાગ્યો : "બિચારી બાળા, તે પાપ સંબંધી શું જાણે." લુસિયસ તો દરેક પાપ સારી રીતે સમજતો હતો. દરેક જાતનાં અનિષ્ટો તે અને તેના મિત્રો ખુલ્લી રીતે કરતા હતા. જો કોઈ નવા સૈનિકની ભરતી થતી, તો તે પણ આ પાપીષ્ટોમાં ભળી જતો જેથી તેની કોઈ મજાક-મશ્કરી ન કરે.

જેમ જેમ લુસિયસે આ બાબતનો વિચાર કર્યો, તેમ તેમ તેણે આ જગતનાં પાપની ભયંકરતા પિછાણી, અને ક્રૂર શિક્ષાની ભયંકરતા પણ ઓળખી; જેને કારણે એક દર્દભરી ચીસ નીકળી કે, "હે મારા બાપ, મારા બાપ; તેં મને કેમ મૂકી દીધો છે?"

"આ ઇસુ કેટલો અદ્‌ભુત છે." તેણે પ્રશંસા કરી. "હવે હું સમજું છું કે, તારા કહેવાનો શું અર્થ હતો, જ્યારે તેં કહ્યું કે, તે તારો પરમેશ્વર તથા ઉદ્ધારક છે. તારા કહેવાનો આ અર્થ છે કે, તેણે તને તારાં પાપથી બચાવી લીધો છે."

"હા, પરંતુ તમારે પોતે પણ તેને તમારો ઉદ્ધારક માનવો પડશે, નહિ તો તમારો બચાવ નથી. યોહાન બાપ્તસ્ટે કહ્યુ છે કે, "પુત્ર ઉપર જે વિશ્વાસ કરે છે, તેને અનંતજીવન છે; પરંતુ પુત્રનું જે માનતો નથી, તે જીવન નહિ જોશે, પણ ઈશ્વરનો કોપ તેના ઉપર ઊતરશે." (યોહાન ૩:૩૬).

લુસિયસે પૂછ્યું, "શું અનંતજીવનનો અર્થ એવો નીકળે છે કે, વિશ્વાસ કરનાર કદી મરતા નથી, અને સદાય જીવે છે?"

બાળાએ જવાબ આપ્યો, "ના, મૃત્યુ તો બધા જ પામે છે; પરંતુ જે ઇસુ ઉપર વિશ્વાસ કરે છે, તે તેની સાથે સ્વર્ગમાં નિવાસ કરે છે."

લુસિયસ બોલ્યો, "હા, હવે હું સમજ્યો. જ્યારે ઇસુ ક્રૂસ ઉપર લટકતા હતા, ત્યારે તેમની સાથે જડાયેલા એક ચોરે કહ્યું હતું કે, જ્યારે ઇસુ પોતાના રાજ્યમાં જાય ત્યારે તેને સંભારે. આનો અર્થ, સ્વર્ગનું રાજ્ય છે ખરું ને?"

"હા," જવાબ મળ્યો.

"ત્યારે તો હું પણ પેલા ચોરની માફક ત્યાં જ જવા ચાહું છું. પરંતુ તું કોઈ વાર ઇસુ કહે છે, અને કોઈ વાર ખ્રિસ્ત કહે છે. તેના મુકદ્દમા વખતે પણ યાજકોએ એવો દોષ મૂક્યો હતો કે, તે પોતાને એક રાજા ખ્રિસ્ત જાહેર કરે છે. રસ્તામાં અમે લોકોના મોંથી મસીહ નામ સાંભળતા હતા. અમારા અધિકારી કહે છે કે, એક એવો આગેવાન થશે જે પોતાનું રાજ્ય સ્થાપન કરશે. એમ

લાગે છે કે, ખ્રિસ્ત અને મસીહ એક જ વ્યક્તિ છે. શું યાજકોની આટલી બધી હિંમત કે એક પરમેશ્વર ઉપર દોષ ઓઢાળ્યો ! એમ લાગે છે કે, મંદિરમાં એ લોકો તેના પર વિશ્વાસ કરતા નથી.

બાળાએ કહ્યું, "અમારા યાજકો અને બીજા યહૂદીઓની માફક તમારા અધિકારીઓને પણ ગેરસમજ થઈ છે.

મારા પિતા અને તેમના કેટલાય મિત્રોનો એવો વિશ્વાસ છે કે, ઈસુ અથવા યુનાની ભાષામાં જે ખ્રિસ્ત કહેવાય છે તે ઘણી જ નમ્રતાથી દુ:ખ ભોગવશે. ઈસુનો એક શિષ્ય જેને અમે સારી રીતે ઓળખીએ છીએ, તે કહે છે કે, તેને ઈસુએ કહ્યું હતું કે, તે ફરીથી આવશે, અને ત્યારે તે પૂરા સામર્થ્યથી આવશે. મેં ઈસુને તમારી આગળ ખ્રિસ્ત કહ્યા, કારણ કે રોમનો યુનાની ભાષા સારી પેઠે જાણે છે. એટલા માટે યાજકોએ પિલાત આગળ આ જ નામ કહ્યું હતું.

"અમારા પવિત્ર પુસ્તકમાં કંઈ કેટલીયે વાત છે જે મારા પિતાના વિચારોનું સમર્થન કરે છે. એક તો ક્રૂસની ઘટના જે બહુ સ્પષ્ટ છે. શું તમે તે સાંભળવા ઇચ્છો છો ?"

લુસિયસે ઉત્સુકતાથી જવાબ આપ્યો, "જરૂર."

બાળાએ કહેવાનું શરૂ કર્યું, "'હે મારા બાપ, મારા બાપ, તેં મને કેમ મૂકી દીધો છે ?'"

"અરે, આ તો એ જ શબ્દો છે જે ઈસુએ ક્રૂસ ઉપરથી ઉચ્ચાર્યા હતા." લુસિયસે આશ્ચર્યથી કહ્યું.

બાળાએ કહ્યું, "હા, પણ તેની આગળ બીજા પણ શબ્દો છે. સાંભળો."

"'તું મારા પોકારથી અને મારી સહાયતા કરવાથી કેમ દૂર રહે છે ?

"'હે મારા પરમેશ્વર, હું દિવસે પોકારું છું, પણ તું ઉત્તર આપતો નથી, અને રાત્રે પણ હું ચૂપ રહેતો નથી.

"'પરંતુ હું તો કીડો છું, મનુષ્ય નથી. મનુષ્યો મારી બૂરાઈ કરે છે અને લોકો મારું અપમાન કરે છે.

"'જેઓ મને જુએ છે તે મારી ઠઠ્ઠા–મશ્કરી કરે છે, અને હોઠ મચકોડતાં કહે છે, તું તારી જાત યહોવાને સોંપ; તે જ તને છોડાવે અને બચાવે; કારણ કે તે તેના ઉપર પ્રસન્ન છે.'"

બાળા આગળ બોલતી ગઈ...

"'મારાથી દૂર ન જા; કારણ કે સંકટ પાસે છે, અને સહાયક કોઈ નથી.

"'ગોધાઓએ મને ઘેરી લીધો છે. બાશાનના બળવાન ગોધાઓ મારી આસપાસ ફરી વળ્યા છે.

"'ફાડી ખાનાર તથા ગર્જનાર સિંહની પેઠે તેઓ મારી સામે પોતાનું મોં વિકાસે છે. હું પાણીના પ્રવાહની માફક વહી ગયો છું. મારાં તમામ હાડકાંના સાંધા તૂટી ગયા છે. મારું હૃદય મીણ બનીને ઓગળી ગયું છે.

"'મારું બળ તૂટી ગયું છે. હું ઠીકરું બની ગયો છું. મારી જીભ મારા તાળવે ચોંટી ગઈ છે, અને તું મને મારીને માટીમાં મેળવી દે છે.

"'કૂતરાઓએ મને ઘેરી લીધો છે. કુકર્મીઓની ટુકડીએ મને ચારેતરફ ઘેરી લીધો છે. તેઓ મારા હાથ અને પગ છેદે છે.

"'હું મારાં તમામ હાડકાં ગણી શકું છું.

"'તેઓ મારાં વસ્ત્રો માંહોમાંહે ચિઠ્ઠી નાંખીને વહેંચી લે છે.'"

(ગી. શા. ૨૨ : ૧–૧૮).

લુસિયસની એક દર્દભરી આહ સાંભળીને બાળા ચૂપ થઈ ગઈ.

"કેમ? શું થયું તમને?" બાળાએ પૂછ્યું

"કંઈ નહિ," લુસિયસે ઉત્તર આપ્યો. આ વાતો જે વર્ષો પૂર્વે લખાઈ હતી જેમાં તેનો શો હિસ્સો છે તે જાણીને લુસિયસ દુઃખથી કણસતો હતો.

"જે રાજાએ આ લખ્યું હતું તે સેંકડો વર્ષો અગાઉ થઈ ગયો હતો."

લુસિયસે કહ્યું, "આ ઘણું અદ્ભુત કહેવાય."

"બીજી એક વાત છે," બાળાએ કહ્યું, "મારા પિતા કહેતા હતા કે, જ્યારે ઈસુ મરણ પામ્યા ત્યારે જે સૈનિકે પેલા બે ચોરના પગ ભાંગ્યા હતા, તેવી રીતે ઈસુના પગ ભાંગ્યા ન હતા, પરંતુ તેની કૂખમાં ભાલો માર્યો હતો.

જે રાજાએ ઉપરની વાત લખી છે, તેણે બીજું એક ગીત પણ લખ્યું છે કે, 'તેનું એક પણ હાડકું તોડવામાં નહિ આવે.'" (ગી. શા. ૩૪ : ૨૦).

"વળી ઝખાર્યા ભવિષ્યવાદીએ કહ્યું છે, 'જેઓએ તેને વીંધ્યો છે તેઓ તેને જોશે.' (ઝખા. ૧૨ : ૧૦). શું આ બાબતો અદ્ભુત નથી કે, આ ઘટનાઓ બન્યા પહેલાં કેટલાયે વર્ષો અગાઉ આ બાબતો લખવામાં આવી હતી!"

લુસિયસે કહ્યું, "પેલો ક્વિન્ટસ, જેને હું મારવા માગતો હતો, પરંતુ હું એટલો ચકિત થયો હતો કે, તમામ ભૂલી બેઠો હતો. મારા સૂબેદારે તેને સખત ઠપકો આપ્યો, કારણ કે તેણે કડક હુકમ આપ્યો હતો કે, ઈસુના શરીર સાથે કોઈ ચેષ્ટા કરવામાં ન આવે. અમે અમારા સૂબેદારની સામે કંઈ કરી શકતા નથી; પરંતુ એવું લાગે છે કે, આ તમામ ઘટનાઓ એવી રીતે બની છે જેવું વર્ષો અગાઉ કહેવામાં આવ્યું હતું."

"બાળાને શાંતિ વળી; કારણ કે પેલી છેલ્લી વાત કહેતી વખતે તે થોડી ડરી ગઈ હતી. આ સૈનિક ઈસુ ઉપર પ્રેમ રાખે છે એવું

જાણ્યા છતાં તે કાલ્વરી આગળ હાજર હતો, અને તેના ભાલાએ તો મારા પ્રભુને વીંધ્યો નહિ હોય-ને એવું તે વિચારવા લાગી હતી.

"ના, ના; મારા પ્રભુની કૂખ ભાલાથી વીંધવાવાળો એ નથી!" જ્યારે બાળાએ જાણ્યું કે, કોઈ ક્વિન્ટસ નામના સૈનિકે તે કર્યું ત્યારે તેને શાંતિ થઈ.

"અમારા ધર્મપુસ્તકમાં એક એવો ભાગ છે જે ઈસુના જન્મનાં ઘણાં વર્ષો અગાઉ લખવામાં આવ્યો હતો. એ વાત મારા પિતાની વાતને ટેકો આપે છે કે, ઈસુ ખ્રિસ્ત પરમેશ્વરનો પુત્ર છે. શું તમારે એ વાત પણ સાંભળવી છે?"

લુસિયસે વિનંતી સાથે હ્યું, "કશું, તું એ મને કહી શકે છે? હું ઈસુના સંબંધી જાણવા એટલો બધો ઉત્સુક છું કે જેટલું પણ તું કહેશે એટલું ઓછું છે."

બાળાના મોં ઉપર હર્ષની લાલી છાઈ ઊઠી. આવો સાંભળનાર ક્યાં મળશે?

"'આપણે તેને જોયો ત્યારે તેનું સ્વરૂપ એવું ન હતું કે, આપણે તેને ચાહીએ.'" (યશા. ૫૩ : ૨).

લુસિયસે પોતાનું મોં ઢાંકી દીધું; કારણ કે તેની આંખો સામે એક દશ્ય ખડું થયું હતું. અને તે દશ્ય તો ક્રૂસ ઉપરથી ઉતારવામાં આવી રહેલી એક લાશનું હતું.

બાળા આગળ બોલતી ગઈ.

"'તે માણસોથી ધિક્કારાયેલો તથા તજાયેલો હતો; દુઃખી પુરુષ ને દરદનો અનુભવી, ને જેને જોઈને આપણે મુખ અવળું ફેરવીએ, એવો તે ધિક્કાર પામેલો હતો, ને આપણે તેની કદર બૂજી નહિ.

"'ખચીત તેણે આપણાં દરદ માથે લીધાં છે, ને આપણાં દુઃખ વેઠયાં છે; પણ આપણે તો તેને હણાયેલો, દેવથી માર પામેલો,

તથા પીડિત થયેલો માન્યો. પણ આપણા અપરાધોને લીધે તે વીંધાયો, આપણાં પાપોને લીધે તે કચડાયો, આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેને શિક્ષા થઈ, ને તેના સોળથી આપણને સાજાપણું મળ્યું છે.'" (યશા. ૫૩ : ૩–૫).

કોરડાના મારથી જ્યારે ઈસુનો દેહ ઝૂકી પડ્યો હતો તે બધું લુસિયસને યાદ આવ્યું. કોઈએ દયાના એ શબ્દો પણ કહ્યા નહિ; ફક્ત સૈનિકોની ઠઠ્ઠા–મશ્કરીના અવાજો આવતા હતા.

"'આપણે સર્વ ઘેટાંની પેઠે ભટકી ગયાં છીએ, દરેક પોતપોતાને માર્ગે વળી ગયો છે, અને યહોવાએ તેના પર આપણા સર્વનાં પાપનો ભાર મૂકયો છે.

"'તેના પર જુલમ ગુજારવામાં આવ્યો તોપણ તેણે નમ્ર થઈને મોં ઉઘાડ્યું નહિ; હલવાન વધ કરવા માટે લઈ જવામાં આવે છે તેના જેવો, અને ઘેટી પોતાના કાતરનારની આગળ મૂંગી રહે છે, તેના જેવો તે હતો.'" (યશા. ૫૩ : ૬–૭).

લુસિયસે કહ્યું, "હા એવુંજ બન્યું હતું. અમારો હાકેમ ઘણો ક્રોધાયમાન બન્યો હતો, કારણ કે તેણે બચાવ માટે પોતાનું મોં ઉઘાડ્યું નહિ."

લુસિયસ વાતોમાં એટલો તલ્લીન થઈ ગયો હતો કે, તેઓ ત્યાં કેટલી વાર ઊભા રહી ગયા હતા તેનું પણ ભાન ન હતું.

"બસ, હવે આગળ વધશો નહિ." બાળાએ ચેતવણી આપી. "પેલું રહ્યું મારું ઘર. મારા ઘરના લોકો મને એક રોમન સૈનિક સાથે જોઈને ભયભીત બની જશે. તેઓ તમારા જેવા રોમન સૈનિકો જેઓ બદનામ થઈ ચૂક્યા છે તેમના ઉપર વિશ્વાસ મૂકતા નથી.

"હા, પણ તમે તો એ બધાથી નિરાળા છો. તમારો ઉપકાર માનું છું કે, તમે મારું રક્ષણ કર્યું અને સહીસલામત મારે ઘેર પહોંચાડી."

લુસિયસે કહ્યું, "જતાં પહેલાં મને એક વચન આપતી જા." અને ગભરાઈને જલદી જલદી ઉમેર્યું, "શું તારા પિતાજી અને બીજા લોકો મને ઈસુ સંબંધી વધુ જ્ઞાન નહિ આપી શકે?"

બાળાએ આશ્વાસન આપીને કહ્યું, "હું પૂછીશ."

લુસિયસે કહ્યું, "કાલે મને કામ નથી, પણ તું કિલ્લા બાજુ આવીશ નહિ. પણ હું તારો જવાબ લેવા ક્યાં મળું?"

થોડી ક્ષણો વિચાર કર્યા પછી તે બોલી, "માછલી બજારમાં આવજો." તેણે સૈનિકના ચહેરા તરફ જોયું. આંખો સાથે આંખો મળી. તેની આંખોમાં જાણે કે બહેનનો પ્રેમ ભર્યો હતો, અને સૈનિકની આંખોમાં જાણે કે મોટાભાઈનું હેત હતું. એ બન્ને થોડા જ સમયમાં એકબીજાની સમીપ આવી ગયાં હતાં.

બાળાએ વિદાય આપતાં કહ્યું, "ઈશ્વરની શાંતિ તમારી સાથે રહો."

સૈનિકે કહ્યું, "તેની શાંતિ તારી સાથે પણ હો."

જ્યાં સુધી બાળા ઘરમાં દાખલ ન થઈ ત્યાં સુધી તે તેને જોતો જ રહ્યો. તેણે પોતાના જીવનમાં મીઠાશ અનુભવી. તેને લાગ્યું કે, એ બાળા સાંસારિક જ્ઞાનમાં તેનાથી ઊતરતી છે અને તેનાથી કમજોર પણ છે; છતાં તેણી તેના કરતાં ઘણી ગુણવંતી છે. ●

## પ્રકરણ ૧૪

લુસિયસનું મન પ્રફુલ્લિત હતું. તેણે જે કંઈ સાંભળ્યું તેનું સ્મરણ કરતાં ખુશી જાણે તેની નસેનસમાં વહેતી હતી. તે સંતુષ્ટ હતો, છતાં વધુ જ્ઞાન મેળવવા ઉત્સુક હતો.

તે જેવો પોતાના ઓરડામાં દાખલ થયો કે એક સિપાઈએ આવીને કહ્યું કે, "તું જ્યારથી ગયો ત્યારથી સૂબેદાર તારી રાહ જોઈ રહ્યો હતો."

"શું અત્યારે જ સૂબેદારને મળવા જઈ શકું ?" સૂબેદારના ઓરડા તરફ આંગળી કરતાં લુસિયસે પૂછ્યું.

"જરૂર જઈ શકે છે, મૂર્ખ," સિપાઈએ ગુસ્સાથી કહ્યું.

એક જુવાને દ્વાર ખોલ્યું અને લુસિયસ દાખલ થયો.

મેજ આગળ એક સશક્ત વ્યક્તિ બેઠી હતી જેણે થોડા સમય પહેલાં તેને અને તેના મિત્રને ધમકાવ્યા હતા.

લુસિયસને આમ છતાં એ જોઈને નવાઈ લાગી કે, એ વ્યક્તિની આંખોમાં પેલી ગંભીરતા કે કઠોરતા દેખાતી ન હતી. એથી ઊલટું એ આંખોમાં પિતાનો પ્રેમ ઊભરાતો હતો.

સૂબેદારે નમ્રતાથી પૂછ્યું, "પેલી બાળાને તું સુરક્ષિત પહોંચાડી આવ્યો ?"

જુવાને ઉત્સાહથી કહ્યું, "હા, મેં તેને ઘરમાં પ્રવેશ કરતાં જોઈ."

જુવાનની આંખોમાં ઝળકતી ચમક જોઈને સૂબેદારને પણ એક ક્ષણ તો દ્વેષની લાગણી સ્પર્શી ગઈ.

તેણે પ્રશ્ન પૂછ્યો, "શું તું એ છોકરીને ચાહે છે ?"

જુવાને વિચાર કર્યો, "પ્રેમ... હું તેને?... હા, પ્રેમ જરૂર કરું છું; પણ, એક ભાઈ તેની બહેન ઉપર દર્શાવે તેવો પ્રેમ." પછી ઘણી નમ્રતાથી તેણે ઉમેર્યું, "તેણે મને ઈસુ વિષે ઘણી બાબતો સંભળાવી."

ગાયસે કહ્યું, "એટલા માટે તો હું તારી સાથે વાત કરવા ચાહું છું. મને એવું લાગે છે કે, મને જેવો ઈસુ સાથે સંબંધ છે તેવો જ સંબંધ તને પણ ઈસુ સાથે છે. જ્યારે પેલા પાગલ સૈનિકોએ પેલી છોકરીની સુરક્ષા તારા નામ સાથે જોડી હતી ત્યારથી જ મને આ બાબતની ખાતરી થઈ ગઈ હતી."

લુસિયસે ગંભીરતાથી કહ્યું, "હા, તેની અને મારી વચ્ચે ગાઢ સંબંધ છે; કારણ કે તે મારો પરમેશ્વર, મારો ઉદ્ધારક છે." આ શબ્દો બોલીને લુસિયસ અક્કડ બન્યો; કારણ કે સૂબેદાર તેના આ શબ્દો કેવી રીતે ગ્રહણ કરશે, તેની તેને ખબર ન હતી. પરંતુ સૂબેદાર ગંભીર જ રહ્યો.

"તારો પરમેશ્વર ... હા ... આ સમજવું સરળ છે. કારણ કે તે મારો પણ પરમેશ્વર છે. પરંતુ ઉદ્ધારકનો તું શું અર્થ કરે છે?"

"છોકરીએ મને તે જ સમજાવ્યું હતું... પાપથી છોડાવનાર." જુવાને જવાબ આપ્યો. બાદમાં તેણે છોકરીએ કહેલી તમામ વાતો અને પુનરુત્થાનની વાત સંભળાવી.

"ઓહ!" ગાયસે કહ્યું, "આ વાતો મને યરદનને કિનારે ઉપદેશ કરનાર યોહાન બાપ્તિસ્તનું સ્મરણ કરાવે છે. તે કહેતો હતો કે, પોતાનાં પાપનું પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ; કારણ કે આકાશનું રાજ્ય પાસે છે. પછી તેણે એવી વ્યક્તિ વિષે કહ્યું જેનાં ચંપલ ઊંચકવા તે યોગ્ય ન હતો. એ વ્યક્તિ ઈસુ જ હોવી જોઈએ. તેણે વાંકાચૂંકા રસ્તા સીધા કરવા માટે પણ કહ્યું. ખરેખર, પવિત્ર

પરમેશ્વરની વ્યવસ્થા પ્રમાણે આપણે અન્ય પ્રજાજનો કેટલાં વાંકાં છીએ. પહેલાં મને લાગતું હતું કે, મારે પસ્તાવાની અગત્ય નથી. પરંતુ હવે એટલી બધી બાબતો બની ચૂકી છે કે, મને તેનો બોજો લાગે છે. યોહાને ઈશ્વરના ઉદ્ધાર વિષે પણ સમજાવ્યું હતું. તે વખતે તો હું કંઈ સમજતો ન હતો; પણ હવે જાણું છું કે, તેનો ઇશારો ઈસુ તરફ હતો.

"હું તો એમ સમજતો હતો કે, યહૂદી ધર્મ કેવળ યહૂદીઓ માટે જ છે, અને પેલા યાજકોએ પણ આ જ બાબતમાં ભૂલ કરી. તેઓએ તો એમ માન્યું હતું કે, તેમનો મસીહ તેમને પાપથી નહિ, પણ દેશને દુશ્મનથી છોડાવશે. જો તેઓ તેને ઉદ્ધારક તરીકે સ્વીકારત તો તેઓ તેમની બેઇમાનીમાં આગળ વધત નહિ.

"હા, પણ હું તેમને ભૂંડા કેમ કહી રહ્યો છું? આપણો પોતાનો ધર્મ પણ આપણાં દેવદેવીઓ સાથે કેવો છે? આપણો ધર્મ તો રોમનો નાશ કરી રહ્યો છે. સાંભળ્યું હતું કે, રોમનોનો ધર્મ અગાઉ તો ઘણો કઠોર હતો, પરંતુ પાછળથી તેઓએ યુનાનીઓનો ધર્મ સ્વીકાર્યો અને ત્યારથી ધર્મ બદનામ થવા લાગ્યો.

"રોમમાં આજકાલ શું બની રહ્યું છે! રોમનો ઘરમાં રહીને શાંતિથી જીવન જીવવા ચાહે છે, અને યુદ્ધમાં ભાગ લેવા ઇચ્છતા નથી. તને નથી ખબર કે આજે આપણા સૈન્યમાં રોમનો કરતાં બીનરોમનો વિશેષ છે. ખરેખર, આ દેશનું ભાવિ ઉજ્જવળ નથી." પછી તે ઊભો થઈને બોલ્યો, "તું મારા દીકરા જેવો છે જેને હું પ્યાર કરવા ઇચ્છતો હતો; પરંતુ મારી ઇચ્છા કદી બર ન આવી, અને મારે કોઈ પુત્ર હોય તો તે પણ બદનામ હશે. ખરેખર, જુવાનીનાં પાપ વૃદ્ધાવસ્થાને સતાવે છે. હું તને મારો દત્તકપુત્ર બનાવવા ચાહું છું, પણ વિચારું છું કે, તું તારા ઘરનું ગૌરવ છે; અને તારાં માતાપિતા તારા જેવા નવયુવાનને મને સોંપવા ન પણ ચાહે. છતાં જો તું એક બૂઢા

પાપીના આત્માને ખુશ કરવા ચાહતો હોય, તો મને રજા આપ કે, હું તને મારા પુત્ર તરીકે સંબોધું, અને તું મને પિતા તરીકે ગણે."

લુસિયસે માથું નીચે નમાવી દીધું. તે બોલ્યો, "હે સૂબેદાર! તમે ઇચ્છો છો તેવું હું કરી શકતો હોઉં તો ઘણું સારું. પરંતુ હું જાણતો નથી કે, હું ક્યાંનો છું, અને મારા જન્મ વિષેની જે વાતો મેં સાંભળી છે તે શરમજનક છે."

"તું"... સૂબેદાર બૂમ પાડી ઊઠ્યો, "તું એની ચિંતા ન કર. હવે તને મારો પુત્ર બનાવવામાં કોઈપણ રુકાવટ નથી. જો તું તૈયાર હોય તો હું તને મારો પુત્ર બનાવીશ; કારણ કે હું શરૂઆતથી જ તારી ઉપર મારા પુત્ર જેવો પ્રેમ રાખું છું."

જુવાનની કાળી આંખોમાં ચમક આવી. તેણે કહ્યું, "હું આ વાતને મારા ઉપર થયેલો ઉપકાર ગણીશ."

બન્નેએ એકબીજાના હાથમાં હાથ મૂકીને પહેલેથી જે સંબંધ તેઓનાં હૃદયોમાં સ્થાપિત થઈ ચૂક્યો હતો તે દૃઢ કર્યો. ●

## પ્રકરણ ૧૫

**સાંજ** પડી ચૂકી હતી, અને લોકોની અવરજવર મંદ પડી હતી. મચ્છી માર્કેટ પાસે એક દુકાન આગળ એક રોમન સૈનિક ઊભો હતો. એમ લાગતું હતું કે, તે જુવાન કોઈની રાહ જોઈ રહ્યો હતો.

એકાએક તે ટટાર થયો અને તેના મુખ ઉપર ખુશીની છાયા ઝળકી ઊઠી. સ્પષ્ટ લાગવા માંડયું કે તે જેની રાહ જોઈ રહ્યો હતો તે વ્યક્તિ આવી પહોંચી હશે. તેણે આગળ વધીને એક બાર વર્ષની બાળાને સલામ ભરી. આ બાળા સાથે એક ૩૦ વર્ષની ઉંમરનો એક પુરુષ પણ હતો. લુસિયસે નમ્રતા દાખવતાં કહ્યું, "તો તું મને ભૂલી ગઈ નથી કેમ ?"

બાળાએ આનંદથી કહ્યું, "હા, અને મેં મારી પ્રતિજ્ઞા પૂરી કરી છે. અને જુઓ, અમારા ઘરમાં રહેતા સ્તેફનને પણ હું સાથે લાવી છું. સ્તેફન તમને ઈસુ સંબંધી વધુ શિક્ષણ આપવા તૈયાર છે."

"આને માટે તારો મોટો આભાર," લુસિયસે કહ્યું, "ખરેખર, આ એક અતિ ઉત્તમ કાર્ય તેં કર્યું છે."

સ્તેફને કહ્યું, "હા, રૂથે તમારા વિષે વાત કરી છે, અને તમે પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો છે તે પણ કહ્યું છે. અમારા બધાનો એવો મત છે કે, પ્રભુ ઈસુ વિષે વધારે શિક્ષણ મેળવવાને હું તમારી સહાયતા કરું. જો તમને સમય હોય તો ચાલો, આપણે રૂથને ઘેર જઈએ."

લુસિયસે કહ્યું, "જરૂર, ચાલો જઈએ."

રૂથનું ઘર અગાઉ લુસિયસે જોયું હતું. તે શહેરની બહાર આવેલું એક સામાન્ય ઘર હતું.

સ્તેફન પોતે જે ઓરડામાં રહેતો હતો ત્યાં લુસિયસને લઈ ગયો. અંદર દાખલ થતાં જ લુસિયસે ચારેતરફ દષ્ટિ ફેરવી. તેની નજર એક મેજ પર પડી જેના ઉપર થોડા હસ્તલિખિત લેખો પડેલા હતા જે ઉપરથી એમ લાગતું હતું કે, આ વ્યક્તિ ખૂબ જ જ્ઞાની છે.

બન્ને ખુરશી પર બેઠા. લુસિયસનો સાથી એક પિતા સમાન લાગતો હતો, અને તેનામાં જે ગંભીરતા અને આત્મિકતા દેખાતી હતી તે પેલા સૈનિકમાં દેખાતી ન હતી.

સ્તેફન બન્નેમાં મોટી વયનો હતો. તેણે શાંતિનો ભંગ કરતાં કહ્યું, "રૂથે મને તમારા સંબંધી બધું જ કહ્યું છે, અને એ બધું હું તમારા મુખથી સાંભળવા ચાહું છું. તમે ઈસુ ઉપર વિશ્વાસ કરો છો ?"

રોમન સૈનિકનો જવાબ પૂર્ણ મક્કમતા બતાવતો હતો. તેણે કહ્યું, "હું વિશ્વાસ કરું છું કે, પરમેશ્વર કેવળ એક જ છે અને ઈસુ તેનું પ્રકટીકરણ છે જે લોકોએ નજરે નિહાળ્યું છે. મારા તમામ અનુભવોમાંથી સૌથી વિશેષ મૂલ્યવાન આ બાબત સમજું છું કે, મેં ઈસુને જોયા છે. હું એ પણ વિશ્વાસ કરું છું કે, મારાં પાપોને લીધે ઈસુ વધસ્તંભે જડાયા. તેઓ અત્યારે જીવે છે, અને સ્વર્ગમાં બિરાજમાન છે, તેની મને ખાતરી છે. હું ઈસુ સંબંધી વધુ જાણવા ચાહું છું. આ એવી ભૂખ છે જે કદી તૃપ્ત થતી નથી. તમે તેમના વિષે શું જણાવી શકો છો ?"

સ્તેફને કહ્યું, "તેમના સંબંધી પુષ્કળ બાબતો છે, અને આપણે બધા કંઈ જ જાણતા નથી. ઉદ્ધાર માટે જે આવશ્યક છે તે એટલું તો સરળ છે કે, એક ભવિષ્યવાદીએ કહ્યું છે કે, 'મૂર્ખ પણ ભટકી જશે નહિ.' પરમેશ્વરની સાથે સાથે ચાલવાથી બીજું સત્ય પણ ધીમે ધીમે સમજાય છે, છતાં ઘણી બાબતો એવી છે જે મનુષ્ય કદી સમજી શકતું નથી; કારણ કે ઈશ્વર અધિક જ્ઞાની છે.

"હવે આપણે આરંભનું સત્ય તપાસીએ. ઈસુ પોતે જ પરમેશ્વર હતા, આથી પૃથ્વી ઉપર તેમણે જન્મ લીધો તે અગાઉ પણ ઉપસ્થિત હતા. તેઓના એક શિષ્યના શબ્દોમાં કહીએ તો, 'પૃથ્વીની ઉત્પત્તિ અગાઉ તેઓ હતા. તેમણે પોતે જ સંસારનું સર્જન કર્યું.' ખરેખર નવાઈની વાત તો આ છે કે, તેઓ આવ્યા ત્યારે સત્યનો અદ્‌ભુત સંદેશ અને થોડા ચમત્કારો કરવા કરતાં પણ તેઓ વિશેષ છે, અને એ રીતે લોકોએ તેમને ઓળખ્યા નહિ.

લુસિયસે વચમાં વાત રોકતાં કહ્યું, "આ બાબતો ઉપરથી જ લોકોને સમજવાની જરૂર હતી. તેમનો મુકદ્દમો ચાલતો હતો ત્યારે મેં ચમત્કારો વિષે સાંભળ્યું ત્યારથી અત્યાર સુધી પરમેશ્વર એક જ છે એવું મેં જાણ્યું નહિ. મને લાગ્યું હતું કે, કંઈ કેટલાય ઈશ્વર છે તેમાંનો તે એક હશે. મને તેમના ચમત્કારો વિષે સંભળાવો. યહૂદીઓ અમારાથી ડરે છે એટલે અમને વિગતથી વાતો સાંભળવા મળી નથી. મને લાગે છે કે, રોમનોએ મસીહથી બીવાની જરૂર નથી, કારણ કે તેમનું કામ કોઈ રાજનૈતિક કામ ન હતું."

સ્તેફન હસતાં હસતાં બોલ્યો, "હા, હું જાણું છું કે તમે રોમનો ઈસુ અને બંડ કરવા સંબંધી શું વિચારો છો; પરંતુ અમારા ઈસુને બંડ, બળવા સાથે કોઈ નિસબત ન હતી. તેમણે તો કહ્યું કે, "જે દેવનું તે દેવને અને જે કાઇસારનું તે કાઇસારને સોંપી દો." તેમણે સરકારનો કર આપ્યો, જેથી તેમના શિષ્યોને પણ શિક્ષણ મળે કે, જે દેશમાં તેઓ રહે છે, તે દેશના નિયમોનું તેઓએ પાલન કરવું જોઈએ."

લુસિયસ ક્રોધાયમાન થઈ બોલ્યો, "પેલો નીચ જૂઠું બોલ્યો. તેઓએ એના ઉપર એવો દોષ મૂક્યો હતો કે, તે કાઇસારને કર ન ભરવા માટે લોકોને ઉશ્કેરે છે. મને અત્યારે તેઓને મળવાનું થાય તો કેવું સારું!"

લુસિયસની વાળેલી મૂઠી અને ક્રોધાયમાન ચહેરા ઉપરથી સ્પષ્ટ દેખાતું હતું કે, તે પેલા લોકો સાથે કેવી રીતે વર્તવા માંગતો હતો.

સ્તેફને તેને ધમકાવતાં કહ્યું, “ ના, પ્રભુ એવું નથી ચાહતો કે, તેઓની સાથે એવો વ્યવહાર કરીએ. યાદ રાખો કે આનાથી પણ ભૂંડી બાબતો પ્રભુએ કેવી રીતે વિના વિરોધ સહન કરી ! ”

લુસિયસ ફરીથી પોતાની જગ્યાએ બેસી ગયો છતાં તેનો ચહેરો કહી આપતો હતો કે, તેનો ક્રોધ શમ્યો નથી. તેણે કહ્યું, “ મને ઈસુના સંબંધમાં વધુ કહો જેથી પેલા દુષ્ટ લોકોનાં કાર્યોને ભૂલી શકું.”

“ સાંભળો,” સ્તેફને કહ્યું, “ પૃથ્વીની ઉત્પત્તિ બાદ ઈશ્વરે એક પુરુષ અને એક સ્ત્રીનું સર્જન કર્યું. તેઓને ઈશ્વરે તમામ ચીજો આપી હતી, છતાં તેમણે શેતાનની સલાહ માનીને ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું, અને મના કરેલા વૃક્ષ ઉપરથી ફળ તોડીને ખાધું. (ઉત. ૨ : ૭–૩ : ૧–૨૦). આ રીતે આપણા પૂર્વજોના પાપને કારણે જગતમાં પાપના પ્રવેશ સાથે મૃત્યુ પણ આવ્યું. મનુષ્યની વસ્તીની સાથે સાથે પાપ પણ વધતું ગયું.”

“ પરંતુ ઈશ્વર મનુષ્ય ઉપર પ્રેમ રાખતો હતો, આથી તેણે મનુષ્યને પોતાની સ્થિતિમાં છોડી દીધાં નહિ. કોઈ મનુષ્ય પાપમાં ગમે તેટલો ડૂબેલો હોય, છતાં ઈશ્વર તેને હંમેશાં આશા આપે છે. આપણા પૂર્વજોને ઈશ્વરે વ્યવસ્થા સમજાવીને બલિદાન આપવાનું શીખવ્યું. બલિદાન એટલા માટે હતું કે, મનુષ્ય પરમેશ્વર સાથેનો પોતાનો સંબંધ સુધારી શકે. તમે રોમનો તો તમારા દેવતાને ખુશ રાખવા બલિદાન કરો છો, પરંતુ અમે પાપને કારણે બલિદાન ચઢાવીએ છીએ. અમારાં અર્પણો, અમારા રીતરિવાજ, મંદિરની વસ્તુઓ, વગેરે ખ્રિસ્ત અને તેના ઉદ્ધારના કાર્યના પ્રતીકરૂપે છે.

“અરે, હા, પણ તમે તો ચમત્કારો વિષે જાણવા ચાહતા હતા–ને ? આજે રાત્રે હું તમને એ ચમત્કારો વિષે કહીશ. પહેલો ચમત્કાર

ઈસુએ આંધળાને દેખતો કર્યો તે સંબંધી છે. પરંતુ અજાયબ બાબત તો આ છે કે, તેનાં દૈહિક ચક્ષુની સાથે સાથે ઈસુએ તેનાં આત્મિક ચક્ષુ પણ ખોલી નાખ્યાં જેથી તે જોઈ શકે કે, ઈસુ પરમેશ્વરનો પુત્ર છે.

"તમને યાદ હશે કે, શરૂઆતમાં જ મેં જણાવ્યું હતું કે, તે પરમેશ્વર છે એવી રીતે લોકોએ તેમને ઓળખ્યા નહિ. 'પ્રકાશ અંધકારમાં ચમકે છે, અને અંધકારે તેમને સ્વીકાર્યા નહિ.' પરંતુ પેલા આંધળાના અંધકારમાં પ્રકાશે પ્રવેશ કર્યો હતો.

"હવે બીજો ચમત્કાર સાંભળો. એક પુરુષ હતો જેનું નામ લાજરસ હતું. ઈસુ તેના ઉપર પુષ્કળ પ્રેમ રાખતા હતા. આ લાજરસ મૃત્યુ પામ્યો હતો, અને તેને મર્યાને ચાર દિવસ થઈ ગયા હતા, છતાં ઈસુએ ફક્ત એટલું જ કહ્યું કે 'લાજરસ, બહાર આવ!' અને તે જીવતો થઈને બહાર આવ્યો. (યોહાન ૧૧:૪૩, ૪૪). આ રીતે જેઓ તેને ઉદ્ધારક તરીકે ઓળખે છે અને સ્વીકારે છે, તેઓને તે જીવન આપે છે. આ રીતે આપણે ઈશ્વરનાં સંતાનો બનીએ છીએ."

લુસિયસ આનંદવિભોર બન્યો. તેણે પોતાના જીવનમાં દુનિયાઈ પિતાનો પ્રેમ અનુભવ્યો ન હતો, અને હવે પ્રભુ ઈસુમાં એક સ્વર્ગીય પિતા મળ્યા. આ તો તેના વહાલા ગાયસ લેપિડસના દત્તકપુત્ર બનવા કરતાં પણ ઉત્તમ હતું.

સ્તેફન આગળ કહેવા લાગ્યો, "નિકોદેમસ જેને કદાચ તમે કાલ્વરી ઉપર જોયા હતા તેમને ઈસુએ સમજાવ્યુ હતું કે, પરમેશ્વરના રાજ્યમાં પ્રવેશ માટે નવો જન્મ લેવો આવશ્યક છે."

લુસિયસે કહ્યું, "એનો શો અર્થ થાય?" એને ડર લાગ્યો કે, તે દેવના રાજ્યમાં પ્રવેશ કરી શકશે નહિ.

"ઈસુએ નિકોદેમસને આ પણ સમજાવ્યું કે, 'રાનમાં જેમ મૂસાએ સર્પ ઊંચો કર્યો, તેમ માણસના દીકરાને ઊંચા કરાવાની

જરૂર છે, જેથી જે કોઈ તેના પર વિશ્વાસ કરે તેને અનંતજીવન પ્રાપ્ત થાય.” (યોહાન ૩ : ૧૪, ૧૫).

“પરંતુ ઈશ્વરના પુત્રને બધાનાં પાપો માટે પ્રાયશ્ચિત્ત કરવાની કેમ જરૂર પડી? દરેક પાપી પોતાનાં પાપનું પ્રાયશ્ચિત્ત ન કરી શકે?” લુસિયસે પૂછ્યું; કારણ કે તેને લાગ્યું કે, જે ઈસુ ઉપર તે પ્રેમ રાખે છે, તેમની સાથે અન્યાય કરવામાં આવ્યો છે.

સ્તેફને ઉત્તર આપ્યો, “ઓહ ! આ જ તો વાત છે જે બધા લોકો ભૂલી જાય છે. મોટા ભાગના લોકો ઈશ્વર પાસે પહોંચવાનો ખોટો રસ્તો અપનાવે છે. કોઈ કોઈ વાર તો લોકો એવું સમજે છે કે, તેઓએ પાપ કર્યું જ નથી; અને જો કર્યું હોય તો તેનું પ્રાયશ્ચિત્ત પોતે જ કરી શકે છે. બન્ને માર્ગ ગલત છે; કારણ કે એ લોકો સમજતા નથી કે, ઈશ્વર એટલો પવિત્ર છે કે, કોઈ તેની પાસે પહોંચી શકતું નથી. આપણાં બધાં બલિદાનો પાપરહિત હોવાં ઘટે. અને ઈસુ જ એક એવી માન્ય અને નિર્દોષ વ્યક્તિ હતી જે પરમેશ્વરને મળી શકતી હતી, અને પ્રાયશ્ચિત્ત કરી શકતી હતી. પાપ જ્યારે પરમેશ્વરના પવિત્ર સ્વભાવની વિરુદ્ધ છે ત્યારે તમે સમજી શકો છો કે, પરમેશ્વરના પવિત્ર પુત્રને કેટલું દુઃખ સહન કરવું પડ્યું હશે જ્યારે તેમને આપણે કારણ પાપરૂપ બનવું પડ્યું !

સ્તેફને વાત પૂરી કરતાં કહ્યું, “યશાયા ભવિષ્યવાદીએ કહ્યું છે કે, ‘ આપણાં સત્કાર્યો મેલાં ચીંથરાં જેવાં છે.’ (યશા. ૬૪:૬), અને બીજી જગ્યાએ તેણે જ લખ્યું છે કે, ‘તેણે મને ઉદ્ધારનાં વસ્ત્ર પહેરાવ્યાં છે, અને ન્યાયીપણાનો ઝભ્ભો મારા પર ઓઢાડ્યો છે.’ (યશા. ૬૧:૧૦). હવે તમે જોઈ શકો છો કે, મસીહે આપણને કેટકેટલી વસ્તુઓ આપી છે !”

લુસિયસે ઉત્સુકતાથી કહ્યું, “હા, હવે હું જોઈ શકું છું.” તે જ સાંજે તેણે પોતે જે કંઈ શિક્ષણ મેળવ્યું હતું, તે સૂબેદારને

કહી સંભળાવ્યું. જ્યારે તેણે નિકોદેમસના નવા જન્મવાળી વાત કહી સંભળાવી ત્યારે સૂબેદારે કહ્યું, "હું જાણતો નથી કે, તારું આ નામ કોણે પાડ્યું, છતાં નામ પાડતી વખતે પાડનારે વિચાર્યું નહિ હોય કે, આ નામ તારા માટે કેટલું બંધબેસતું છે!"

"લુસિયસ (**Born at Daybreak**) = પરોઢિયાની ઉત્પત્તિ. બેટા, આ નામમાં તારા માટે કેટલો મોટો અર્થ રહેલો છે! તેં એક નવા અને મહિમાવંત દિવસને પરોઢિયે જન્મ લીધો છે." ●

# પ્રકરણ ૧૬

એ દિવસોમાં ઈસુ સંબંધી ઘણું શિક્ષણ મળતું રહ્યું, અને સૂબેદાર તથા લુસિયસ જીવતા પરમેશ્વરના જ્ઞાનમાં ઝડપથી આગળ વધવા લાગ્યા. ગાયસે યુવાન સૈનિકને વાંચતાં–લખતાં પણ શીખવ્યું. લુસિયસને હાથમાં પેન પકડીને બેઠેલો જોઈને હસવું આવતું હતું. શરૂઆતમાં લખતાં શીખવું લુસિયસ માટે બહુ મુશ્કેલ હતું, પરંતુ મહાવરો થયા બાદ તે સરળ લાગ્યું. ઈસુ વિષે શિક્ષણ લેવામાં જે આનંદ તેને મળતો હતો તેટલો આનંદ એને લખતાં–વાંચતાં શીખવામાં મળતો ન હતો.

જેમ જેમ તે યહૂદીઓના ઇતિહાસથી પરિચિત થતો ગયો, તેમ તેમ તેને લાગ્યું કે, યહૂદી કોમ આટલી નીચ નથી જેટલી તે સમજતો હતો. યહૂદીઓના કેટલાક આગેવાનો તેને પસંદ હતા. યહોશુઆ, જોનાથાન, દાઊદ તેને ઘણા પસંદ હતા, પરંતુ સુલેમાન માટે તેના મનમાં તિરસ્કાર હતો.

“ પરમેશ્વરે સુલેમાનને પુષ્કળ ધન–દોલત તથા જ્ઞાન આપ્યાં, છતાં તે અન્ય દેવદેવીઓની પાછળ ભટકી ગયો, એ જાણીને લુસિયસને તેના માટે તિરસ્કાર આવ્યો.” આ રાજા વિષે વિશેષ માહિતી મેળવવા તેનું નાક મચકોડતો હતો.

તેને ઈસુ અને તેની વાર્તાઓ અદ્‌ભુત લાગતી, અને સાંભળતાં થાકતો ન હતો. અને જ્યારે સ્તેફન વાત બંધ કરતો ત્યારે જ ઘેર જતો. લુસિયસ જ્યારે ઈસુના બાળપણ વિષે સાંભળતો ત્યારે તેને પોતાનું બાળપણ યાદ આવતું જ્યારે તે ઘેટાંનો ચરાવનાર હતો.

સ્તેફન, જેને તે એક ભાઈ કે પિતા માફક પ્યાર કરતો હતો, તેના સિવાય બીજી વ્યક્તિઓ સાથે પણ તેને પરિચય થયો, જેમાં

રૂથની મા મરિયમ હતી. મરિયમ પણ તેની સાથે મા જેવો વર્તાવ રાખતી હતી. ઘણી વાર તેને માટે મીઠી દ્રાક્ષ અને બીજી ખાવાની ચીજો તેને માટે રાખી મૂકવામાં આવતી હતી. અને... રૂથ ?... એ તો જાણે આ નવા સૈનિક–ભાઈને મેળવીને જાણે ફૂલી સમાતી ન હતી. લુસિયસ પણ તેના માટે નાની નાની ભેટ લાવીને તેના ઉપર બહેન જેવો પ્રેમ રાખતો હતો.

આ ઘરમાં લુસિયસની ઓળખાણ ઈસુની મા મરિયમ, બેથાની ગામની મરિયમ અને માર્થા અને માગદાલાની મરિયમ સાથે પણ થઈ જેનાં પાપ માફ કરવામાં આવ્યાં હતાં; પરંતુ પુરુષો સાથે તેનો પરિચય ન થયો, કારણ કે તેઓને ખાતરી ન હતી કે, સુવાર્તા અન્ય કોમ માટે પણ છે. તેઓ તેને પોતાની ટોળીથી અલગ રાખવા માગતા હતા.

બીજા સૈનિકો સાથેનો લુસિયસનો સંબંધ ઓછો થતો જતો હતો. અગાઉ તો બધા તેની સાથે મિત્રભાવ દાખવતા હતા, અને તેના જ્ઞાન માટે ગર્વ લેતા હતા; પરંતુ હવે તો બધા તેની હાંસી–મજાક ઉડાવતા હતા, અને ટોણાં મારતા હતા. ઘણી વાર તે ગુસ્સે થઈને તેમને ધમકાવવા માંગતો હતો, પરંતુ દરેક વખતે ઈસુનું સ્મરણ કે જે અપશબ્દ સાંભળીને સામે અપશબ્દ બોલતા ન હતા, તે તેને રોકી લેતું હતું.

ધીમે ધીમે તેના મનમાં સૈનિકો પ્રત્યે ક્રોધને બદલે દયાનો ભાવ ઉત્પન્ન થયો; કારણ કે તેને હવે સ્પષ્ટ લાગ્યું કે, એ લોકો ફક્ત સંસારની વાતોમાં અને ભૂંડાં કામોમાં જ સુખ જુએ છે. તેઓ હવે લુસિયસ સાથે અને તેના નવા માર્ગ સાથે કોઈ સંબંધ રાખવા ઇચ્છતા ન હતા. પેલો સૈનિક જેણે લુસિયસને ઈસુના પુનરુત્થાન વિષેના સમાચાર આપ્યા હતા તે પણ હવે તો પોતાના જૂના ભોગવિલાસમાં મસ્ત બન્યો હતો.

## પ્રકરણ ૧૭

જીવન હંમેશાં સુખમાં પસાર થતું નથી. લુસિયસને હવે સમજાયું હતું કે, પોતાના સાથીઓનાં મહેણાં–ટોણાં ઉપરાંત તેને અસિહી જીવનમાં ઘણું ઘણું સહન કરવાનું હતું.

એક સાંજે તમામ સૈનિકો આરામ કરી રહ્યા હતા, છતાં કોઈપણ ઓચિંતી ફરજ આવી પડે તો તેને માટે તેઓ તૈયાર હતા. એકાએક એક સૈનિક દોડતો આવ્યો, અને સૂબેદારની ઓરડીમાં દાખલ થયો. એ ક્ષણમાં તો સૂબેદારે બહાર આવીને જુદાં જુદાં ફરમાનો આપવા માંડ્યાં. એક ટુકડી શસ્ત્રો સાથે તૈયાર થઈ અને પેલા સંદેશ લાવનારની પાછળ પાછળ ચાલવા લાગી.

શહેર છોડીને તેઓ બહાર આવ્યા. તેઓને જોઈ ને એક ટોળું આઘુંપાછું થવા લાગ્યું. કેટલાક લોકો ભીડમાં દબાઈ ગયેલ એક વ્યક્તિના શરીરની આસપાસ ઊભા હતા. મદદના આશયથી સૂબેદારે તેઓને બાજુ ખસવા કહ્યું. લોકોનુ ટોળું પાછું ખસ્યું ત્યારે સ્પષ્ટ જોવામાં આવ્યું કે, જમીન ઉપર પડેલ વ્યક્તિ ઉપર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. લુસિયસ જે પાસે ઊભો હતો તેણે તે વ્યક્તિનું મુખ જોયું. સૈનિક–શાસન પર પ્રેમની જીત થઈ. તે આગળ ધપ્યો અને સ્તેફનનું શરીર જે હજુ ગરમ હતું તેને પોતાના હાથોમાં ઊંચકી લીધું.

લુસિયસ રડવા લાગ્યો : "સ્તેફન, મારા ભાઈ, મારા ભાઈ!"

સૂબેદારે મૃદુતાથી સૈનિકની બાંય પકડી અને સૈનિકે દર્દભરી આંખોથી સૂબેદાર સામે જોયું. સૂબેદારને ઘણી ઇચ્છા હતી કે, સૈનિકને સાંત્વન આપે, પરંતુ તે એમ કરી શકચો નહિ.

લુસિયસ રડતા અવાજે બોલવા લાગ્યો, "તે મરી ગયો છે; તે મરી ગયો છે." શું થયું તેની તેને ખબર ન પડી.

સૂબેદારે મરનારની નાડી જોઈ. તેની છાતીના ધબકારા સાંભળવા કાન છાતી ઉપર મૂક્યા, અને પછી માથું હલાવીને અત્યંત દર્દભર્યા અવાજે બોલ્યો,

"બેટા, તું હવે તેને માટે કંઈ જ કરી શકે એમ નથી. તે તેના અને આપણા પ્રભુની પાસે પહોંચી ગયો છે: પણ તેનું મુખ તો જો! જાણે કે તેણે કોઈ અદ્ભુત દૃશ્ય, કદાચ ઈસુને જોયા હશે! ચાલો, ગમે તેમ પણ તે મૃત્યુથી ડર્યો તો નથી જ."

ચારેતરફના લોકો તરફ ફરીને તે બોલ્યો, "તમારું આ ગાંડપણ, એક વાર તમારો જ નાશ કરશે."

તે રાત્રે સૂબેદાર અને લુસિયસ વચ્ચે વાતચીત થઈ.

ગાયસે કહ્યું, "આ વાત અહીંથી જ અટકશે નહિ. આપણે પત્તો મેળવવો પડશે કે, આ શહેરમાં અને શહેરની આસપાસ કેટલા ખ્રિસ્તીઓ છે જેથી આપણે તેમની રક્ષા કરી શકીએ; કારણ કે સૂબેદારનો હુકમ તો દરેકે માનવો જ રહ્યો. જ્યાં આપણે તેઓની રક્ષા કરી શકતા નથી ત્યાં આપણે તેઓને ચેતવી દઈશું, અને ઈશ્વર તેઓની રક્ષા કરશે. હું માનું છું કે, ઈશ્વરે આપણને આ કામ માટે અહીં રાખ્યા છે."

## પ્રકરણ ૧૮

કેટલાક મહિના પસાર થયા. એક દિવસે ગાયસે લુસિયસને પોતાના ઓરડામાં બોલાવ્યો. સૂબેદારના મોં ઉપરથી લાગતું હતું કે, તે કોઈ ગંભીર વાત કહેવા ચાહે છે. તેણે શરૂ કર્યું :

"મારા દીકરા!" લુસિયસને શાંતિ થઈ; કારણ કે તેણે ધાર્યું હતું કે, તેણે કદાચ સૂબેદારને કોઈ વાતે નારાજ કર્યો હોય. "શું તું રોમ જવા માંગે છે?"

"લુસિયસ ચકિત બન્યો. ઈસુના મૃત્યુ અગાઉ જો આ બન્યું હોત, તો તે ખુશીથી જાત, પણ હવે ઈસુને કારણે તે આ શહેર સાથે પ્રેમથી બંધાયો હતો. આ શહેરની દરેક ચીજ તેને ઈસુનું સ્મરણ કરાવતી હતી; ઉપરાંત સ્તેફનની કબર અને તેનો નવો મિત્ર પણ અહીં હતા. પ્રભુ ઈસુ વિષે અધિક જ્ઞાન મેળવનારી ત્રણે મરિયમ સાથે વાત કરવાનું તેને ઘણું ગમતું હતું. આ સાથે તેની મા જેવી મરિયમ, અને તેની બહેન રૂથ પણ તો અહીં જ હતાં. તે આ બધાંને કેવી રીતે છોડી શકે? હવે ખ્રિસ્તીઓની ઘણી સતાવણી થઈ રહી હતી, અને રોમન સૈનિક તરીકે તે તેઓની રક્ષા કરી શકતો હતો. ના, તે રોમ જવા ઇચ્છતો ન હતો.

ગાયસ જે તેનો ચહેરો ધ્યાનથી જોતો હતો તેણે કહ્યું, "બેટા! મને તારો વિચાર જણાવવાની જરૂર નથી. હું જાણતો હતો કે તું રોમ જવાનું પસંદ નહિ કરે, પણ આપણે જવાનું જરૂરી છે. પિલાતની બદલી થઈ છે, અને આપણી જગ્યાએ બીજી સૈનિક ટુકડીઓ આવશે. હવે તો ટુકડીના ઘણા લોકો વૃદ્ધ થઈ ગયા છે, એટલે નવી ટુકડી બનાવીને મોકલવામાં આવશે. આપણી ટુકડીને ક્યાં મોકલવામાં આવશે તે કહેતાં મને ડર લાગે છે...આપણને જર્મની મોકલવામાં આવશે."

"આટલે દૂર ?" લુસિયસે પૂછ્યું.

ગાયસે થોડી કઠોરતા છતાં દુઃખ સાથે જણાવ્યું, "એક સારો સૈનિક જ્યાં કંઈ તેને મોકલવામાં આવે છે ત્યાં જાય છે. પણ તારા માટે તો ત્યાં પણ કામ નીકળશે. ત્યાંના લોકો મૂર્તિપૂજક છે. તેઓ પોતાના દેવોને નરબલિ પણ ચઢાવે છે. આ બાબતોનું ધ્યાન આપવું પડશે, લુસિયસ."

પરંતુ લુસિયસ તો કંઈ બીજું જ વિચારી રહ્યો હતો.

તેણે કહ્યું, "તારા માટે ત્યાં કામ નીકળશે એમ તમે કહ્યું, પરંતુ આપણા માટે ત્યાં કામ હશે એમ કેમ ન કહ્યું ?"

"અરે, હું તો આવી બાબતો માટે ઘણો વૃદ્ધ છું. આવું કામ તારા માટે સરળ છે. જો ! મેં તો તને હમણાં જ મેળવ્યો છે... તેણે પોતાનું મુખ નમાવી દીધું, અને પછી ઉમેર્યું, "ઈશ્વરની ઈચ્છા પૂરી થાઓ."

ત્યાર બાદ લુસિયસ મરિયમને મળવા ગયો. એ સમયે રૂથ ત્યાં ન હતી એ જાણીને તેને આનંદ થયો. પોતાની જાતને આનંદી બતાવવાનો પ્રયત્ન કરવા છતાં તે તેમ કરી શક્યો નહિ. મરિયમે વાતો કરતાં તેની નારાજી જાણવાનો પ્રયત્ન કર્યો. છેવટે તેણે પૂછ્યું, "દીકરા, તને શું થયું છે ? જ્યારથી તું ઘરમાં આવ્યો ત્યારથી મને લાગતું હતું કે કંઈ ગરબડ છે."

લુસિયસ આ જ વાત કહેવા આવ્યો હતો, પરંતુ તેનો પ્રેમ અને નમ્રતા આગળ તે કંઈ બોલી શક્યો નહિ. છેવટે મન કઠણ કરીને કહ્યું, "અમારી ટુકડીને ફરીથી રોમ મોકલવામાં આવનાર છે." આમ બોલીને તેણે હાથથી મોં સંતાડી દીધું.

મરિયમ કંઇ બોલી નહિ. તે ફક્ત તેનો હાથ તેના ખભા પર મૂકીને તેને સાંત્વન આપવા લાગી. ઘણું રડ્યા બાદ લુસિયસ થોડો શાંત બન્યો.

"આ જગ્યા હું કેવી રીતે છોડી શકું ?" તેણે રડતાં રડતાં કહ્યું, "આ જગ્યાએ ઈસુની હાજરી એટલી અધિક છે કે મને આ જગ્યા સ્વર્ગસમાન લાગે છે. હું તમને અને મિત્રોને કેવી રીતે છોડી શકું ?"

મરિયમે નમ્રતાથી કહ્યું, "ઈશ્વર સર્વત્ર હાજર છે. આ શહેર જો કે ઈસુનાં પગલાંથી પવિત્ર બન્યું છે છતાં જ્યાં કંઈ તું જશે ત્યાં તે તારી સાથે હશે. ઊલટું, મને લાગે છે કે, તે ત્યાં તારી વધુ નિકટ હશે; કારણ કે તેની હાજરીની તને ત્યાં વધુ જરૂર લાગશે. તારે તારી માને મળીને તેને પ્રભુ ઈસુ પાસે લાવવી જોઈએ."

યુવાનનું શરીર કંપી ઊઠ્યું. તે મરિયમને પ્રમાણિક રહેવા માંગતો હતો તેથી તેણે તેના જીવનની તમામ બાબતો તેને જણાવી હતી. જો તે એક તુચ્છ વ્યક્તિને પોતાના ઘરમાં પ્રવેશવા ન દે, તો તેનું ત્યાં રહેવું પણ યોગ્ય ન હતું. પણ મરિયમ તો ઘણી દયાળુ હતી. તેની દયા તે કદી ભૂલે તેમ ન હતું, અને એ માટે તે જીવનની છેલ્લી પળ સુધી તેનો આભાર માનશે.

પોતાના જવા સંબંધી વિચાર કરતાં ફરીથી તેણે પૂછ્યું, "તમારું અને રૂથનું શું થશે ? અહીંની સતાવણીમાં તો અમે તમારું રક્ષણ કરીએ છીએ, પરંતુ હવે શું થશે ?"

મરિયમે જવાબ આપ્યો, "દીકરા, અમારી ચિંતા ન કર. હા, તારી યાદ અમને જરૂર સતાવશે. પરંતુ અમારો પ્રભુ દશ હજાર સૈનિકો જેટલી અમારી રક્ષા કરશે. (ગી.શા. ૯૧ : ૭) જેઓ તેનાથી ડરે છે તેઓની તે પાસે રહે છે."

હવે લુસિયસ આવ્યો તેના કરતાં વધુ શાંત હતો; પરંતુ જ્યારે વિદાય લેવાનો દિવસ આવ્યો ત્યારે તે સહન કરી શક્યો નહિ. રૂથ તો તેને બાઝી પડી હતી, અને છોડવા માંગતી ન હતી. સૌથી અધિક તે રડતી હતી, કારણ કે તે જાણતી હતી કે, હવે તે બીજી વાર તેના

ભાઈને જોનાર નથી. મરિયમ જે અત્યાર સુધી શાંત હતી તે પણ રડી પડી. આ સમયે તો આ બધું લુસિયસને ઘણું દુઃખકારક લાગ્યું, પણ પાછળથી તો આ પ્રસંગનું સ્મરણ તેને મીઠું લાગ્યું.

વિદાય લેનાર ટુકડી કાઇસારીઆ સુધી ચાલતી ગઈ, અને ત્યાંથી વહાણમાં બેસીને આગળ વધી. સૂબેદાર અને લુસિયસ જેમનો સંબંધ બાપ–બેટાના સંબંધ કરતાં પણ વિશેષ હતો તેઓ સાથે જ રહેતા હતા; કારણ કે તેઓ જાણતા હતા કે, એકબીજાથી વિખૂટા પડવાનો સમય હવે ઘણો નજદીક છે. છેવટે તેઓ રોમ પહોંચ્યા.

લુસિયસ અને ગાયસે એક કોટડી ભાડે રાખી જેથી તેઓ થોડી વાર સાથે રહી શકે.

એક દિવસ લુસિયસ પોતાને જોઈતો રસ્તો પૂછતો પૂછતો આગળ જતો હતો. જ્યારે તે લોકોને પોતાને જવાનો રસ્તો પૂછતો હતો, ત્યારે લોકો તેની સામે જોઈને મોં મલકાવતા હતા જેથી તેને ઘણી શરમ લાગતી હતી. લોકો માટે તો જ્યારે કોઈ સૈનિક કોઈ વેશ્યાના ઘરનો રસ્તો પૂછતો ત્યારે ઘણું સામાન્ય લાગતું હતું. તે આગળ વધતો ગયો. તે સુંદર મકાનો છોડીને આગળ વધ્યો અને તાઈબેરિયસ પાર કરીને તે આગળ વધ્યો જ્યાં પુષ્કળ નાનાં નાનાં ઘર હતાં. જે ઘર સંબંધી તે પૂછતો હતો તે ઘર હવે તેને નજરે પડ્યું. એ ઘર ઘણું જ ભવ્ય અને સુંદર હતું, અને ત્યાં નાચગાનથી લોકોનું મનોરંજન કરનાર સ્ત્રીઓ રહેતી હતી. આ છોકરીઓને તાલીમ આપનાર અને સાચવનાર એક પ્રખ્યાત બાઈ હતી જેનું નામ લુસિયા મેટેલા હતું.

લુસિયસ એક ક્ષણ થોભી ગયો. તેને ત્યાંથી નાસી છૂટવાની ઇચ્છા થઈ આવી, પરંતુ તે ત્યાં થોભી ગયો. ઈશ્વર તરફથી બળ અને જ્ઞાન પામવા તેણે ટૂંકી પ્રાર્થના કરી, અને પછી આગળ વધીને દરવાજો ખટખટાવ્યો.

એક કૂબડા માણસે દરવાજો ખોલ્યો, અને લુસિયસ ગભરાઈ ગયો.

કૂબડાએ પૂછ્યું, "તમારે કોને મળવું છે?"

લુસિયસે જણાવ્યું, "મારે લુસિયા મેટેલાને મળવું છે."

કૂબડાને આ વાત ઘણી રસપ્રદ લાગી અને તેણે કહ્યું, "મેં એવું નહોતું માન્યું કે, તમે આ બાઈ માટે પૂછશો. ચાલો, અંદર આવો."

લુસિયસે કહ્યુ, "ના, હું અહીં જ થોભીશ."

કૂબડાએ જતાં જતાં કહ્યું, "હું જાણતો નથી કે તે તમને મળવા બહાર આવશે કે નહિ, છતાં હું તમારો સંદેશો અંદર પહોંચાડું છું."

કૂબડાને જાણીને નવાઈ લાગી કે, તેની માલિકણ આ જુવાનને મળવા માંગતી હતી. કૂબડાને ખબર ન હતી, પરંતુ લુસિયાને તેના ભાઈ મારફતે બે પત્રો મળ્યા હતા જેમાં તેના પુત્ર વિષે લખવામાં આવ્યું હતું.

જ્યારે તેણે દરવાજામાંથી આ જુવાનને જોયો ત્યારે તેનું મન આનંદથી ભરાઈ ગયું. આ સુંદર યુવાન તેનો જ પુત્ર છે એ જાણીને તેણે શાંતિ અનુભવી.

"શું તમે મને મળવા માંગો છો? હું પોતે જ લુસિયા મેટેલા છું."

"હા," લુસિયસે ધીમેથી કહ્યું.

જુવાને ધાર્યું હતું એવી સુંદર સ્ત્રી આ ન હતી; પરંતુ જ્યારથી તેનો નવો જન્મ થયો ત્યારથી તે સ્ત્રીઓની શારીરિક સુંદરતા શોધતો ન હતો. લાચારીથી તેને આ સ્ત્રી ઉપર પ્રેમ રાખવો પડશે. તેણે યાદ રાખવું પડશે કે તે તેની મા હતી, અને ઈશ્વરની આજ્ઞા અનુસાર તેનું સન્માન કરવું પડશે. શું માગદાલાની મરિયમ તેની મા સમાન ન હતી? એક વાર તે પણ તો એક પાપી સ્ત્રી જ હતી–ને! પરંતુ હવે તો તેનામાં મસીહની પવિત્રતા ચમકતી હતી.

જ્યારે ઈસુ મરિયમ માટે એવો ભાવ લાવી શકતા હતા તો અવશ્ય તે પણ પોતાની મા માટે એવો વર્તાવ કરી શકશે. લુસિયસને લાગ્યું કે તેની પાસે એક એવી ચીજ હતી જે તેની માની અંદર રહેલી ઊણપ પૂરી શકતી હતી. હવે મા પ્રત્યે ઘૃણાને બદલે તેના હૃદયમાં આદરભાવ આવ્યો હતો.

"મા," થોડી વાર રહીને તેણે કહ્યું, "હું તારો પુત્ર લુસિયસ છું જેને સ્તેફનસે પાળ્યો હતો."

"મારો પુત્ર ?" સ્ત્રીએ અચકાતાં પૂછ્યું. "હા, તું મારો પુત્ર હોઈ શકે છે; કારણ કે તારી ઉંમર એની બરાબર લાગે છે. અરે, હા, તું તો મારા પ્રથમ પ્રેમી ગાયસ લેપિડસ જેવો જ દેખાય છે, છતાં મારી સુંદરતા તને પણ મળી છે."

તો આ જ સત્ય છે. ગાયસ લેપિડસ ફક્ત પાલકપિતા નહિ, પરંતુ ખરેખર પિતા જ છે. શું ગાયસને આ વાતની ખબર હશે ? લુસિયસનું મન ચકરાવે ચડયું અને તે બહુ લાંબો વિચાર કરી શકયો નહિ.

"મારા દીકરા, મારા વહાલા દીકરા !" મા વધારે વાર પોતાને કાબૂમાં રાખી શકી નહિ. તેણે તરત લુસિયસને પોતાના હૃદય સરસો ચાંપ્યો, અને ઘરમાં લઈ જતાં બોલી, "બેટા, તું મા પાસે આવી ગયો એ ઠીક કર્યું. એમ લાગે છે કે તેં રોમમાં ઘણો સમય સારી રીતે પસાર કર્યો છે. બેટા, તું જુવાન છે અને આ ઉંમરમાં સુખ-પ્રાપ્તિ જરૂરી છે. હું જાણું છું કે પેલી જુવાન છોકરીઓ તારા માટે અંદર અંદર લડવા લાગશે."

લુસિયસે વાત કાપતાં કહ્યું, "મા, આ બધું પાપ છે, અને મેં તે બધું છોડી દીધું છે."

"શું ?" સ્ત્રી પોતાના કાન ઉપર વિશ્વાસ ન કરી શકી. "તું જુવાન થઈ ને આવી વાતો કરે છે ? અને તું તો પાછો એક સૈનિક છે !"

"હા, મા !" ધીરજથી સમજાવતાં લુસિયસે કહ્યું, "મેં પાપની ભયંકરતા ઓળખી લીધી છે. મારા પિતાએ પણ આ જ કર્યું છે." હવે તે 'પિતા' શબ્દ બીક વગર વાપરી શકતો હતો. "મા, હું તમને પણ એ ભયાનકતા બતાવી શકું છું."

લુસિયા મેટેલાએ પૂછ્યું, "તને શું ખબર કે પાપ શું ચીજ છે? આપણા દેવોએ તો એને પાપ કહ્યું નથી. શું તું આપણા દેવોનો સામનો કરવા ચાહે છે! સંભાળ રાખ, કારણ કે દેવો આવા લોકો સાથે સારો વર્તાવ કરતા નથી."

"પણ મા," જુવાને કહેવાનું શરૂ કર્યું, "એ દેવો તો જીવતા નથી. કેવળ અજ્ઞાની અને મૂર્ખ લોકો જ તેમના ઉપર વિશ્વાસ મૂકે છે. મારા પિતા અને મેં રોમન ધર્મ કરતાં ઉત્તમ ધર્મ સંબંધી શિક્ષણ મેળવ્યું છે. અમારો પરમેશ્વર ધાર્મિક છે, અને તેની આજ્ઞાઓ પણ પવિત્ર છે."

"બેટા, તારો પરમેશ્વર મને પસંદ નથી." સ્ત્રીએ મક્કમતાથી કહ્યું, "તારો પિતા જે તમામ ભોગવિલાસો ખોઈ બેઠો છે એના માટે એ ધર્મ ઠીક છે; પરંતુ તું તો હજુ જુવાન છે. જો કોઈ દેવને ભજવો હોય તો તું રોમન દેવી 'ઈસીસ' ને કેમ નથી અપનાવતો? તે તો જુવાનોની દેવી છે."

લુસિયસે જવાબ આપ્યો, "મા, તારી ભૂલ છે. અમારો પરમેશ્વર તો સામર્થ્યવાન યોદ્ધાઓ માટે પણ છે; કારણ કે લડાઈ લોકોની વચમાં નથી, પરંતુ બીજી શક્તિઓની સામે છે. હવે રહી સુખની વાત. મારા પરમેશ્વરમાં મને જે સુખ મળ્યું છે તેથી વિશેષ બીજે ક્યાંયથી મળે તેમ નથી."

"પણ એ પરમેશ્વર મારા માટે નથી; કારણ કે તું કહે છે કે મેં પાપ કર્યું છે, અને તારો પરમેશ્વર તો કેટલો બધો પવિત્ર છે!" લુસિયા બોલી.

લુસિયસે સમજાવ્યું, "આ જ વાત છે મા. મારો પરમેશ્વર જે માત્ર એક જ ઈશ્વર છે તેણે પોતાના એકાકીજનિત પુત્રને મોકલ્યો, જેથી આપણાં પાપોની ખંડણી તે દેવને ભરે, અને આપણને નિર્દોષ ઠરાવે. એટલા માટે જ તો અમે એ પુત્ર તરફ જે અમારે માટે મૃત્યુ પામ્યો, અને એ બાપ જેણે પોતાના દીકરાને મરણ પામવા મોકલ્યો, તેમના પ્રત્યે અમારો પ્રેમ બતાવીએ છીએ, અને ધન્યવાદ આપીએ છીએ; અને એવાં કૃત્ય કરીએ છીએ જે એને પસંદ છે." લુસિયસે આગળ બોલતાં કહ્યું, "મા, અમારા ઉદ્ધારકને તમે પણ સ્વીકારી લો; એ તમારાં પાપોને લીધે પણ મરણ પામ્યો."

થોડી ક્ષણો માટે મા પ્રભાવિત બની, પરંતુ માથું ધુણાવીને બોલી, "ના, બેટા, મારે તારો ઈશ્વર નહિ જોઈએ, આ ઘણો જ ગંભીર પ્રશ્ન છે, અને જો કે હું વૃદ્ધ બનતી જાઉં છું, છતાં હું સુખી જીવન વ્યતીત કરવા ચાહું છું."

"ઓ મા, એવું કરશો નહિ! મારા પરમેશ્વરનો અસ્વીકાર ન કરો. તમારું આ સુખ છેવટે તમારો જ સર્વનાશ કરશે, મા! મારા પરમેશ્વરનો સ્વીકાર કરો,... મા, સ્વીકાર કરો...તેનો સ્વીકાર કરો!" અને લુસિયસ હાથ લંબાવીને રડવા લાગ્યો.

લુસિયાનો ચહેરો કઠોર બન્યો, "મારી ચિંતા ન કર, તું જુવાન છે. જો તું મૂર્ખ ન હોત, તો હું તારા માટે ગર્વ લેત. મને તારા જેવા પુત્રની જરૂર નથી. પછી તે બૂમ પાડીને બોલી, "તું મારો પુત્ર નથી. અહીંથી ચાલ્યો જા." તે દરવાજો બંધ કરીને ચાલી ગઈ.

લુસિયસ ચકિત થઈ થોડી વાર ત્યાં જ ઊભો રહ્યો. ઘરમાંથી તેને કાને હસવાના અવાજો પડ્યા. તે પાછો વળ્યો અને આ જગ્યાએથી નાસવા લાગ્યો. તે દોડીને સડક પર પહોંચ્યો. રસ્તામાં કંઈ કેટલાય સાથે તે અથડાઈ પડ્યો, અને લોકોએ તેને ગાળ ભાંડી.

આમ છતાં તેણે તો જાણે કંઈ જોયું નહિ, સાંભળ્યું નહિ. છેવટે તે પોતાના ઘેર આવી પહોંચ્યો.

ઘરમાં પેસતાં જ એક કોમળ હાથનો તેને સ્પર્શ થયો.

"શું થયું મારા દીકરા?" પ્રશ્ન પૂછ્યો.

"મને કંઈ પૂછશો નહિ, પિતાજી; એ ઘણી ગંભીર બાબત છે."

સૂબેદારે પ્રશ્નનો પોતે જ જાણે કે જવાબ આપતાં પૂછ્યું, "શું તારી માની મુલાકાત થઈ? જો હું તને ત્યાં જતાં રોકી શક્યો હોત તો કેવું સારું! તેણે મારા વિષે કંઈ કહ્યું? મને ઘણા વખતથી સંદેહ હતો, પણ હવે ખાતરી થઈ છે."

"તેણે આપણા ઈશ્વરનો અસ્વીકાર કર્યો" એમ કહીને તેણે નિસાસો નાંખ્યો.

"હા, મને ખબર છે. મેં પણ પ્રયત્ન કર્યો હતો, પરંતુ તેણે મારી વાત હસી કાઢી હતી. જ્યારે મેં તેને આપણા ઉદ્ધારક વિષે કહ્યું, ત્યારે તેણે મને ગાંડો કહ્યો. હું જ તેને પાપને માર્ગે લઈ ગયો હતો. અફસોસ છે મને! છતાં દુઃખી ન બન. તને યાદ છે ને કે પેલી માગદાલાની મરિયમ કેટલી પાપણી હતી, છતાં ઈસુએ તેને ક્ષમા આપી હતી. આટલું યાદ રાખ કે, તારી માએ મસીહને આપણી માફક જોયો નથી. જેઓએ તેનો ઘાત કર્યો તેઓને, આપણને, અને માગદાલાની મરિયમને જ્યારે તે માફ કરે છે, તો શું તે તારી માને માફ નહિ કરે? તે હજુ પણ તેને બચાવી શકે છે. સ્તેફને તને પ્રભુનું વચન કહ્યું હતું કે, "જો પૃથ્વી ઉપર તમારામાંના બે કંઈપણ વાત સંબંધી એક ચિત્તના થઈને માંગશે, તો મારા આકાશમાંના બાપથી તેઓને સારુ તે કરાશે." (માથ્થી ૧૮:૧૯). આપણે બે છીએ, અને જો પ્રાર્થનામાં લાગુ રહીએ, તો કોણ જાણે શું થશે? આવ, આપણે એમ જ કરીએ. આપણે સાથે મળીને તારી મા માટે પ્રાર્થના કરીએ." બન્ને જણ મસ્તકો નમાવીને પ્રાર્થના કરવા લાગ્યા, કારણ કે તેના આત્માના બચાવની તેમને ચિંતા હતી. ●

## પ્રકરણ ૧૯

**દિવસો** પસાર થતા ગયા. ગાયસ અને તેના પુત્રને આશા હતી કે, તેઓની ટુકડી જલદીથી તૈયાર થઈ ને જર્મની જશે. પોતાની માના કોઈ સમાચાર ન મળવાથી ઘણી વાર લુસિયસ ધીરજ ખોઈ બેસતો હતો. બે વાર તે તેણીના ઘેર ગયો હતો અને બન્ને વાર કોઈએ બારણું ઉઘાડયું નહિ. અને અંદરથી જોરથી હસવાનો અવાજ આવતો હતો. તે તૂટેલા હૃદયે પોતાને ઘેર પાછો ફર્યો હતો.

જ્યારે લુસિયસ વ્યાકુળ થતો હતો ત્યારે તેના પિતાનો શાંત અને દઢ વિશ્વાસ તેને શાંતિ પમાડતો હતો. જ્યારે તેઓ પ્રાર્થનામાં નમતા હતા, ત્યારે લુસિયસનું મન દઢ બનતું હતું.

બાહ્ય રીતે સૂબેદાર પણ બદલાઈ ગયો હતો. હવે તેના મુખ ઉપર પણ અદ્ભુત ચમક હતી. જે પ્રમાણે સૈનિક-કાર્યો માટે પિલાત તેની ઉપર વિશ્વાસ મૂકતો હતો, તે જ પ્રમાણે એક તૂટેલા હૃદયની શાંતિ અને સામર્થ્ય માટે તે પરમેશ્વર ઉપર વિશ્વાસ રાખતો હતો. વિશ્વાસ અને પ્રાર્થના દ્વારા તે પોતાની આત્મિક શક્તિ વધારતો હતો. આ શક્તિ કેવળ પોતાને માટે જ નહિ, પરંતુ જેઓ તેના સંપર્કમાં આવતા હતા તે બધાને માટે હતી.

છેવટે તેને આજ્ઞા મળી કે, બીજા દિવસે સવારે તેની ટોળી રૂહાઇન-જર્મની જશે; અને આ ટોળીમાં લુસિયસનો પણ સમાવેશ થયો હતો.

લુસિયસે કહ્યું, "મને બીક છે કે, આપણે માના હૃદયનું બદલાણ નહિ જોવા પામીએ. જો ઘેટાં ચરાવનારાઓએ સુસમાચાર ગ્રહણ ન કર્યા હોત, તો હું એ સહન કરી લેત; પરંતુ મા...?"

પિતાએ તેને શાંત કરતાં કહ્યું, “વિશ્વાસ રાખ, દીકરા; તારું જવાનું કદાચ આપણા વિશ્વાસની કસોટી છે.” એ જ વખતે એક નોકરે દરવાજો ખટખટાવ્યો.

લુસિયસે બહાર નીકળીને જોયું તો તેની માના ઘેર રહેતો કૂબડો ઊભો હતો અને બહુ જ ગભરાયેલો દેખાતો હતો.

કૂબડાએ વિનંતી કરતાં કહ્યું, “અરે, જલદી ચાલો; મારી માલિકણ ઘણા જ દિવસોથી સખત બીમાર છે, અને હવે તે મરવા અગાઉ પોતાના પુત્રને જોવા માટે તલસે છે.”

લુસિયસનું મોં ફિક્કું પડી ગયું. તે બોલ્યો, “એક મિનિટ ઊભો રહે. હું મારા પિતાને લઈને આવું છુ.”

ત્રણે જણ ઝડપથી તાઇબેરિયસ ઓળંગીને જ્યાં લુસિયા રહેતી હતી તે મકાન પાસે પહોંચ્યા. તેઓ એક ઓરડામાં દાખલ થયા. પલંગ ઉપર કોઈ સૂતું હતું. તેનો દુર્બળ ચહેરો અને તાવને કારણે બનેલ લાલ આંખો બતાવતાં હતાં કે તે કેટલી સખત બિમાર છે.

જ્યારે બાઈએ જોયું કે કોણ આવ્યું છે, ત્યારે તેના મુખ ઉપર છવાયેલો પ્રેમ અને ગર્વની ઝલક જોઈને લુસિયસના મનમાં સમાયેલી ઘૃણા પ્રેમમાં પલટાઈ ગઈ. માએ પોતાનો હાથ લાંબો કર્યો, અને લુસિયસ તાવથી તપેલા ગરમ હોઠો ચૂમવા નીચે નમ્યો.

રડતા અવાજે લુસિયા બોલી, “હાય, મારા દીકરા!” તેને આનંદ થયો કે તેનો પુત્ર આવ્યો હતો. “તું મારી પાસે જ બેસ, અને મને એકલી છોડીશ નહિ. અરેરે! મારે આવો પ્રેમાળ પુત્ર હતો, અને મેં તેની કિંમત કરી નહિ. હું તો તે જ દિવસથી તને ચાહતી હતી, માટે જ તારી સાથે બૂરો વર્તાવ કર્યો. મને ડર હતો કે, તારા પ્રેમમાં ગાંડી ન બની જાઉં!” થોડી વાર તે શ્વાસ લેવા થોભી, પછી તેણે ફરીથી વિનંતી કરતાં કહ્યું, “તું મને ક્ષમા કરીશને?......બોલને મને ક્ષમા નહિ કરે?”

"હા, મા, હા," લુસિયસની આંખોમાંથી આંસુ ટપકી રહ્યાં હતાં. સૂબેદાર ઊભો હતો તે જગ્યાએથી એક નિસાસો સંભળાયો.

"અરે ગાયસ, તમે પણ અહીં છો?" લુસિયા બોલી. "એમ લાગે છે કે, આખું કુટુંબ અહીં એકત્ર થયું છે." થોડી વાર થોભીને તેણે લુસિયસને કહ્યું, "હા, બેટા, હું તારી ક્ષમા ચાહું છું. હું તારી માને લાયક ન હતી. જો તું મને ક્ષમા ન આપત, તોપણ હું તે સ્વીકારી લેત; કારણ કે હું તેને દંડ તરીકે ગણત. હવે તો હું ઘણી ખુશીથી મરી શકીશ."

સમય થોડો છે એ જાણીને બેટાએ કહ્યું, "પણ મા, મેં તને એટલા માટે માફ કર્યું છે કે, ઈશ્વરે મને આના કરતાં પણ મોટી માફી બક્ષી છે. મા, તું મારી વાત કેમ સાંભળતી નથી? હું કેવી રીતે સહન કરું કે, મારી મા સદાકાળના અંધકારમાં ફેંકાઈ જાય! શું તું અનંતકાળ સુધી નર્કાગ્નિમાં સળગવા માંગે છે?"

માના મુખમાંથી એક આહ સરી પડી, "સારું, બેટા, જે કહેવું હોય તે કહે. તે દિવસે તારા શબ્દોએ મને એટલી સતાવી કે, મને લાગે છે કે, મરવા અગાઉ મારે એ શબ્દો ફરી સાંભળવા પડશે. મને તારા પરમેશ્વર સંબંધી વાત કર."

લુસિયસે બતાવ્યું કે, કઈ રીતે એક ક્ષણ માત્રમાં તેના જીવનનું પરિવર્તન થયું હતું. બધી બનેલી વાતો યાદ કરતાં તેનું હૈયું ભરાઈ આવ્યું. રૂથ અને સ્તેફન પાસેથી ઈસુના મૃત્યુ વિષે તેણે જે સાંભળ્યું હતું, તે બધું તેણે કહી સંભળાવ્યું. તેણે ખાસ જણાવ્યું કે, પ્રભુ ઈસુએ પાપીઓ માટે પોતાનો પ્રાણ આપ્યો, જેથી જેઓ તેના પર વિશ્વાસ કરે તેઓ મૃત્યુ બાદ પરમેશ્વરની હજૂરમાં પ્રવેશ પામે, અને ખુશ રહે. આમ છતાં જો કોઈ વિશ્વાસ ન કરે, તો તેથી તે દુઃખ અનુભવે છે.

લુસિયસે વિનંતી કરી કહ્યું, "મા, તું વિશ્વાસ કરજે!"

મૃત્યુના મુખમાં ધકેલાતી જતી સ્ત્રીના શ્વાસ સિવાય બીજો કોઈ અવાજ એ ઓરડામાં ન હતો. બધાં શાંત હતાં. દૈહિક યુદ્ધની સાથે સાથે જીવન અને મરણ વચ્ચે એક આત્મિક યુદ્ધ પણ ચાલી રહ્યું હતું. મરણ સમીપ દેખાયું, પણ મોંથી કોઈ અવાજ સંભળાયો નહિ.

એકાએક સ્ત્રીએ પોતાનું માથું થોડું ઊંચું કરીને કહ્યું, "હું વિશ્વાસ કરું છું......હું......વિશ્વાસ.....કરું છું." આમ બોલીને તેણે છેલ્લો શ્વાસ લીધો. તેનું નિર્જીવ શરીર હવે એક બાજુએ ઢળી પડયું.

આનંદની ચીસ સાથે લુસિયસ માના શરીર ઉપર ઢળ્યો. હર્ષ અને શોકમિશ્રિત આંસુ તેની આંખોમાંથી છલકાઈ રહ્યાં હતાં. તેણે સૂબેદાર તરફ ફરીને કહ્યું, "પિતાજી, ઈશ્વરે આપણી પ્રાર્થના સાંભળી છે!"

અચાનક એ ઓરડામાંથી એક બીજો અવાજ આવ્યો જે પેલા કૂબડાનો હતો. તેણે લુસિયસને કહ્યું, "હવે તો તમે મારા માલિક છો. તમે મને પણ તમારા પરમેશ્વર સંબંધી કહો; હું પણ તેના ઉપર વિશ્વાસ કરવા માગું છું."

લુસિયસના હૃદયમાં આ કૂબડા માટે પ્યાર ઊભરાઈ આવ્યો, "હા, જરૂર કહીશ; હવેથી તું મારો દાસ નહિ, પણ ભાઈ છે!"

## પ્રકરણ ૨૦

**સાંજનો** સમય હતો. રૂહાઇનમાં રોમન સેનાની છાવણી ઉપર આથમતા સૂર્યનાં કિરણો ફેલાયાં હતાં. બે-ત્રણ સૈનિકો પહેરો ભરી રહ્યા હતા.

એકાએક સૂબેદારના તંબૂમાંથી એક દુબળો–પાતળો જુવાન નીકળ્યો. પોતાનો સુંદર ચહેરો ઢળતા સૂર્ય તરફ ફેરવ્યો. દશ વર્ષ વીતી ગયાં હતાં, છતાં આ જુવાન સૂબેદાર લુસિયસ મેટેલસ લેપિડસના ચહેરા ઉપર કોઈ ફેરફાર દેખાતો ન હતો. અલબત્ત તેના ચહેરા ઉપર ગંભીરતા છવાયેલી હતી. આ સમયે પેલા સૈનિકનું મોં આકાશ તરફ ઊંચું થયું હતું, પરંતુ સૂર્યની પૂજા માટે નહિ, પરંતુ સૃષ્ટિના સરજનહારની ઉપાસના કરવા મોં ઊંચું હતું. આ સુંદર આકાશ જોઈને લુસિયસને તેના પ્રભુની યાદ આવી, અને ક્રૂસ ઉપરથી બોલાયેલા શબ્દોનું સ્મરણ થયું કે, "સંપૂર્ણ થયું." આ રોમન જાણતો હતો કે, તેનો મસીહ સિંહાસનની સામે ઊભો રહીને પોતાના લોકોની મધ્યસ્થી કરી રહ્યો છે.

આથમતા સૂર્યનાં કિરણો તેના ચહેરાને એટલો પ્રકાશિત નહોતાં કરતાં જેટલી તેની આંતરિક જ્યોતિ તેને પ્રકાશિત કરતી હતી. ત્રીસ વર્ષની ઉંમરે પહોંચતાં તો દરેક રોમન સૈનિકના ચહેરા ઉપર ક્રૂરતા અને પાપની રેખાઓ સાફ સાફ અંકાઈ જતી હતી, પરંતુ લુસિયસના ચહેરા ઉપર આવી કોઈ રેખા ન હતી. તેના આત્માની જ્યોતથી તેના મુખ ઉપર પવિત્રતા, આનંદ તથા મૈત્રીના ભાવ ઝળહળતા હતા.

દરેક કેદી જે આ સૂબેદારને સોંપવામાં આવતો હતો તેની સાથે બીજાની માફક કઠોર અને બૂરો વ્યવહાર આચરવામાં આવતો ન હતો. કોઈ ફરજ અધૂરી છોડાતી નહિ, પરંતુ એક નમ્ર વચનો

અને પ્યારભરી દૃષ્ટિથી તેઓને જાણ થતી કે, તેઓ ભલે કેદી હોય છતાં તેઓની સાથે મનુષ્યનો વર્તાવ છે. કેદીઓમાંથી કેટલાયને ફાંસીની સજા થતી હતી, પરંતુ મરતા અગાઉ જર્મન દેવતાઓનાં નામ લેવાને બદલે તેઓ યહૂદીઓના પરમેશ્વરનું નામ છેલ્લી વાર લઈને મૃત્યુને શરણ થતા હતા. એ જીવતા પરમેશ્વરના નામને ખાતર જ તેઓ આનંદથી મૃત્યુને ભેટતા હતા. જે કેદીઓ જેલમાંથી છૂટતા હતા તેઓ એક એવા અદ્દભુત મનુષ્યની વાત હૃદયમાં લઈને જતા હતા જે મનુષ્યના અવતારમાં ખુદ પરમેશ્વર હતો. એ પરમેશ્વર કેવળ યહૂદીઓ કે રોમનો માટે નહિ, પરંતુ સારી આલમને પાપથી બચાવવા મરણ પામ્યો હતો. આ જુવાન રોમન સૂબેદાર પોતાની ફરજ ચૂકતે નહિ, અને તેને માથે આવેલ ફરજોનું તે આનંદથી પાલન કરતો હતો.

યુવાન પોતાની પાછળ લોકોનાં પગલાંનો અવાજ સાંભળીને ચોંકી ઊઠ્યો. તેણે પાછળ જોયું તો હથિયારો સાથેનું લોકોનું એક ટોળું ત્યાં જમા હતું.

"લુસિયસ મેટેલસ લેપિડસ, હું તને રોમન સમ્રાટના નામથી ગિરફતાર કરું છું." ટોળાના આગેવાને કહ્યું.

જુવાન સૂબેદાર ચકિત છતાં શાંત હતો. તેણે પૂછ્યું, "શા માટે? મારો અપરાધ હું પૂછી શકું છું?"

જવાબ મળ્યો, "તને હમણાં જ તેની ખબર પડશે." હુકમ છૂટ્યો કે, "તેના હાથ બાંધી દો."

લુસિયસે જ્યારે પોતાના હાથ લાંબા કર્યા ત્યારે તેને એક વ્યક્તિનું સ્મરણ થઈ આવ્યું, જેને આ જ પ્રમાણે બાંધવામાં આવ્યો હતો. તેણે પોતા ઉપર મુકાયેલો દોષ જાણ્યો. અગાઉ પણ તેને આવા જ દોષ માટે નીચલી પાયરીએ ઉતારી મૂકવામાં આવ્યો હતો. પરંતુ તેના ઉપરીઅધિકારીઓને એવું લાગ્યું હતું કે, એ તો એની

પોતાની અંગત ધાર્મિક બાબત હતી, અને બીજું કે તે દરેક કામમાં વિશ્વાસુ માલૂમ પડ્યો હતો, માટે ફરીથી તેને ઉપલી પાયરીએ ચઢાવવામાં આવ્યો હતો. હવે એ ન્યાયી અધિકારીની જગ્યાએ એક નવો અમલદાર આવ્યો હતો, અને તેણે જોયું કે, સૂબેદાર લુસિયસ પોતાના રાષ્ટ્રધ્વજને માન આપતો નથી.

લુસિયસ જ્યારે તેના અમલદાર રેગેલસના કમરામાં દાખલ થયો ત્યારે તેણે જોયું કે, બીજી મહત્ત્વની વ્યક્તિઓ પણ ત્યાં મોજૂદ હતી. જુવાન સૂબેદાર ગંભીર બન્યો. તેણે વિચાર્યું કે, શું આટલાં વર્ષોના પરિશ્રમનો શું આ જ પ્રમાણે અંત આવશે ?

રેગેલસે પૂછ્યું, "શું તું જ લુસિયસ મેટેલ્લસ છે ?"

જવાબ મળ્યો, "હા, હું તે જ છું."

અમલદારે કહ્યું, "તારા ઉપર રોમન સરકારને વફાદાર ન હોવાનો દોષ મૂકવામાં આવે છે."

પ્રેમ અને ગંભીરતાથી લુસિયસે કહ્યું, "હું એ ગુનો સ્વીકારતો નથી."

રેગેલસે કઠોરતાથી કહ્યું, "મારી પાસે સાક્ષીઓ છે." પછી તેણે એક સાક્ષીને સંબોધીને પૂછ્યું, "ફ્લેબિયસ, શું તેં એમ નહોતું કહ્યું કે, લુસિયસ મેટેલ્લસ લેપિડસ ધ્વજની પૂજા કરવાનો ઇન્કાર કરે છે ?"

ફ્લેબિયસે જવાબ વાળ્યો, "હા, મેં એવું કહ્યું હતું; વળી સમ્રાટની મૂર્તિને નૈવેદ ચઢાવવાનો પણ તેણે ઇન્કાર કર્યો હતો."

લુસિયસ ચકિત થયો, કારણ કે બીજા ચાર સાક્ષીઓએ આવીને તે જ વાતનું સમર્થન કર્યું.

"તું આ વિષયમાં શું કહેવા માંગે છે ? શું તું સાબિત કરી શકશે કે, તું સમ્રાટ, તેના સૈન્ય અને સામ્રાજ્યને વિશ્વાસુ છે ?"

"હું કહી શકું છું કે, હું મારા દેશ અને સમ્રાટ તરફ એક વિશ્વાસુ સૈનિક છું, અને લોહીનું છેલ્લું ટીપું બાકી હોય ત્યાં સુધી

વિશ્વાસુ રહીશ. મારું જીવન સારું રહ્યું છે, અને મારી ટુકડી પણ વિશ્વાસુ અને આજ્ઞાપાલક છે. આ વાતની મોટા અધિકારીઓ પણ સાક્ષી આપી શકશે.''

"હા, એ તો હું પણ કહું છું." એ વાત બિલકુલ સત્ય છે કે, તારા જેવો વિશ્વાસુ સૈનિક આજસુધી મળ્યો નથી. પરંતુ શું તારો ખ્રિસ્તી ધર્મ, સમ્રાટ અને તેના આદર્શો આગળ નમવાની મના નથી કરતો ?

"તું જે કહેવા માંગે છે તે તું કહી શકે છે લુસિયસ મેટેલસ. અમે તારી વાત સાંભળીશું અને ન્યાયની રીતે તારો કેસ ચલાવીશુ."

હાજર રહેલા તમામ લુસિયસના ચહેરા ઉપર ચમકતી જ્યોતિ જોઈને અચંબો પામ્યા. ઈસુ મસીહને એકલાને જ તેના મુકદ્દમા અને દુ:ખનો સામનો કરવો પડ્યો અને સહન કરવું પડ્યું; પરંતુ જેઓ પોતાને તેના કહેવડાવે છે તેઓને હિંમત આપવા અને સહાયતા દેવા માટે તે સતત તેમની પાસે જ હોય છે.

અમલદારે ધીમેથી કહ્યું, "એ તો કોઈ પરમેશ્વર છે."

લુસિયસ બોલ્યો, "હું તમારો આભાર માનું છું કે, તમે મને બોલવાની તક આપી. જેમ કહેવામાં આવ્યું તેમ, હું એક ખ્રિસ્તી છું. આકાશ તથા પૃથ્વીના સરજનહાર એક માત્ર ઈશ્વર, અને તેના પુત્ર પ્રભુ ઈસુ ઉપર હું વિશ્વાસ કરું છું. તેણે જગતનાં પાપોને લીધે પોતાનો જીવ આપ્યો જેથી તેના ઉપર વિશ્વાસ કરનારને અનંતજીવન પ્રાપ્ત થાય. ( યોહાન ૩ : ૧૬ ).

"આ મારો વિશ્વાસ મારા દેશ અને તેના રાજ્યકર્તાને નડતરરૂપ નથી; કારણ કે મારા પ્રભુએ પોતે જ કહ્યું છે કે, 'જે કાઇસારનું તે કાઇસારને આપો.' આથી વિશેષ કઈ વફાદારીની તમે મારી પાસે અપેક્ષા રાખો છો ?

"પરંતુ મારા પ્રભુએ આ પણ કહ્યું છે કે, 'જે દેવનું છે તે દેવને ભરી આપો;' અર્થાત્ ભક્તિ અને આદરભાવ દેવને આપો. હા, હું આપણા સમ્રાટ ઉપર પ્રેમ રાખું છું, અને તેમનો આદર કરું છું; પરંતુ તે પણ બીજાઓની માફક એક નિર્બળ પાપી મનુષ્ય છે. તેને પણ તમારી કે મારી માફક એક ઉદ્ધારકની જરૂરિયાત છે. જો પ્રભુની આજ્ઞા માનવી એ મારા માટે મૃત્યુનું કારણ હોય તો હું તે સ્વીકારવા તૈયાર છું.

"તમે મારી ટુકડીને પૂછશો તો ખબર પડશે કે, તેઓને આપણા દેશને વફાદાર રહેવા માટે હરહંમેશ ઉત્સાહિત કરું છું. પોતાના દેશને માટે તમામ ચીજ ન્યોછાવર કરવાનું શિક્ષણ પણ હું તેઓને આપું છું. આથી જ જ્યારે દેશને વફાદાર રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય, તો તેમાં તો હું બિલકુલ નિર્દોષ છું. મારા કર્તવ્યપાલનમાં મારો ધર્મ રુકાવટ મૂકતો નથી. હવે રહ્યો મારી ભક્તિનો પ્રશ્ન. એ ભક્તિ બીજાની છે, અને તેની જ રહેશે."

એક ક્ષણ બધા શાન્ત હતા; પરંતુ બહાર પુષ્કળ શોરબકોર થતો હતો, અને તે દરેક પળે વધતો જતો હતો.

"અમને અમારો સૂબેદાર સોંપી દો."

"તેણે કોઈ અપરાધ કર્યો નથી, તેને છોડી દો."

અવાજ અને ગરબડ એટલાં વધી ગયાં કે તેઓ શું કહે છે તે કંઈ સમજાતું ન હતું.

રેગેલસે ઘાંટો પાડી કહ્યું, "શું આ બધી સમ્રાટ તરફની તમારી વફાદારી છે ?" સમ્રાટની નિંદા જે અત્યારે મેં સાંભળી તેવી અગાઉ મેં કદી સાંભળી નથી. હું તને એક તક આપવા ચાહું છું. તારા બોલેલા શબ્દો પાછા ખેંચી લે, અને કાલે સવારે બધાની સમક્ષ ભક્તિ-ભાવથી સમ્રાટને દંડવત્ પ્રણામ કર. જો આ નહિ કરે,, તો તું નિશ્ચે મરશે જ મરશે !"

એક ક્ષણ લુસિયસને આટલાં બધાં વર્ષોનો કઠોર પરિશ્રમ દેખાયો. કેવી રીતે તે ધીમે ધીમે ઉપલી પાયરીએ પહોંચ્યો હતો, અને હવે તેના નામ સામે બદનામી લખાશે અને કોઈ જાણશે નહિ કે, તેને શા માટે મરવું પડયું.

ત્યાં જ તેણે એકાએક ક્રૂસ ઉપર લટકેલા પ્રભુને જોયા જે કહી રહ્યો હતો, "હે બાપ, તેઓને માફ કર."

"પ્રભુ ઈસુ, આ બધું હું ખુશીથી તમારે માટે સહન કરું છું; કારણ કે તમે મારા ઉપર પ્રેમ કર્યો, અને તમારા અમૂલ્ય લોહીથી મને વિજય બક્ષ્યો. તમે કહ્યું છે કે, 'જે શરીરનો ઘાત કરે છે પણ આત્માનો ઘાત કરી શકતા નથી તેઓથી ડરશો નહિ.' (માથ્થી ૧૦ : ૨૮; લૂક ૧૨ : ૪, ૫). મારી હંમેશની આ જ મહત્ત્વાકાંક્ષા રહી છે કે, જ્યાં હું તમારું મુખ સદા જોઈ શકું ત્યાં જ રહું. હવે હું તમારો વિશ્વાસ-યોગ્ય સૈનિક તમારી પાસે આવું છું!"

પાછળથી તેને દફનાવનારની આ સાક્ષી હતી કે, તેના મુખ ઉપર અનંત શાંતિ છવાયેલી હતી.

ઘણાં વર્ષો પછી એક લેખકે ઈશ્વરની પ્રેરણા પામીને નીચેનાં વચનો લખ્યાં છે—

"જે દુઃખો તારે વેઠવાનાં છે તેથી ન ડર. જુઓ, તમારામાંથી કેટલાકને શેતાન કેદમાં નાખે છે જેથી તમારી કસોટી થાય. દશ દિવસ તમે દુઃખ વેઠશો, પણ જીવ આપતાં સુધી વફાદાર રહેશો તો જીવનનો મુગટ પામશો."

આ રીતે લુસિયસ મેટેલસ, જેણે આપણા પ્રભુના મસ્તક ઉપર કાંટાનો મુગટ મૂક્યો હતો, તેણે તેના બદલામાં પોતાનો પ્રાણ આપવા સુધી પ્રામાણિક રહીને જીવનનો મુગટ પ્રાપ્ત કર્યો.

તો શું? કોઈ તેના મૃત્યુનું સાચું કારણ નહિ જાણી શકે? કંઈ નહિ; એક વ્યક્તિ તો છે જે સાચું કારણ જાણે છે અને એટલું

બસ છે......એક ક્ષણ માટે તે શરમિંદો બન્યો; કારણ કે તેણે ઈસુ કરતાં પ્રથમ પોતાનો પરિશ્રમ મૂકવાનો પ્રયત્ન કર્યો. પરંતુ આ તો તેને માટે નિંદાની નહિ, પરંતુ મહિમાની બાબત હતી.

તેણે પોતાનું મસ્તક ગર્વથી ઊંચું કર્યું, અને સાફ શબ્દોમાં કહ્યું, "હું એવી ભક્તિ કરી શકીશ નહિ...એ તો મારા પ્રભુ અને ઉદ્ધારકર્તા તરફ અવિશ્વાસુપણું ગણાય!"

એક ક્ષણ તેનો ઉપરી ચકિત બન્યો, અને પછી તેનો ક્રોધાયમાન અવાજ ગૂંજી ઊઠ્યો, "તારો ન્યાય તેં પોતે કર્યો છે."

સૂબેદાર લુસિયસે પૂછ્યું, "શું હું મારા લોકો સાથે એક ક્ષણ વાત કરી શકું છું?"

અમલદાર રજા આપવા માંગતો ન હતો, પરંતુ તેણે તેનો વિચાર બદલ્યો. લુસિયસ બંધનો સાથે બહાર આવ્યો અને બધા એક તરફ આગળ આવ્યા.

"મિત્રો," તેણે કહેવાનો આરંભ કર્યો, "હું જાણું છું કે, જેવો મેં તમારા ઉપર પ્રેમ દર્શાવ્યો છે, તેવો પ્રેમ તમે પણ મારી ઉપર રાખ્યો છે. જિંદગીની આ અંતિમ ઘડીઓમાં મારા માટે દુઃખી ન બનશો. જેમ અત્યારસુધી મેં તમને આપણા દેશ અને સમ્રાટને વફાદાર રહેવાનું શીખવ્યું છે એ જ પ્રમાણે વર્તવાનું અત્યારે પણ હું તમને કહી રહ્યો છું.

"જો તમે મારા ઉપર ખરેખર પ્રેમ રાખતા હો, તો મારા ન્યાય સામે બડબડાટ કરશો નહિ, પરંતુ તેનો ચૂપચાપ સ્વીકાર કરી લેજો. ન્યાય કરનાર પોતાની દૃષ્ટિમાં યોગ્ય કરે છે, અને હું પણ મારા મંતવ્ય પ્રમાણે યોગ્ય જ કરી રહ્યો છું. આ તો મારો અને મારા પરમેશ્વર વચ્ચેનો અંગત સંબંધ છે. તમારે મારી સાથે દુઃખ ઉઠાવવાની જરૂર નથી. તમારામાંથી ઘણાએ મારા ઉદ્ધારક ઉપર

વિશ્વાસ કર્યો નથી. હું આજે એ જ કારણથી મૃત્યુ સ્વીકારી રહ્યો છું. મારી આ છેલ્લી પ્રાર્થના છે કે, તમે બધા તમારાં હૃદયો ઈસુ મસીહને માટે ખોલી દેજો જેથી મોડું થાય તે અગાઉ બધું ઠીક થઈ જાય.

"હું આનંદથી જઈ રહ્યો છું, અને જો તમે અત્યારે મને વચન આપશો કે, તમે તમારા નવા ઉપરીઓને વફાદાર રહેશો અને તેના ન્યાયની સામે બંડ નહિ કરો, તો હું શાંતિથી મોતને ભેટીશ. તમે જો મારા ઉપર પ્રેમ રાખતા હો, તો આ વચન મને આપો."

એક પછી એક બધા જ તેની પાસે આવ્યા. તેની આંખો આંસુથી ભરેલી હતી. બધાએ વચન આપ્યું કે, તેઓ તેની વાત માનશે અને પાળશે.

બીજે દિવસે પરોઢિયે જ્યારે પક્ષીઓ સરજનહારની સ્તુતિનાં ગીતો ગાઈ રહ્યાં હતાં, ત્યારે એક કેદીને બહાર લાવવામાં આવ્યો... કેદી નમ્યો અને તલવાર નીચે પોતાનું મસ્તક ધરી પ્રાણાર્પણ કર્યું.

“શરીરને જેઓ મારી નાખે છે
પણ આત્માને મારી નાખી શકતા નથી,
તેઓથી બીહો મા.”

—માથ્થી ૧૦ : ૨૮

## ગુજરાત ટ્રાક્ટ ઍન્ડ બુક સોસાયટીનાં
## પ્રકાશનો

| | |
|---|---|
| ક્રોસ અને કવિ . . . . | . શ્રી. યોસેફ મેકવાન |
| ઈસુજીવનદર્શન ( ભાગ-૧ ) | રેવ. જયાનંદ ચૌહાન |
| ઈસુજીવનદર્શન ( ભાગ ૩-૪ ) | યોજના ચાલુ |
| ગાદુ ગધેડો બેથલેહેમમાં | કુ. યેશુનંદા ચૌહાન |
| પરોઢિયે પ્રાણાર્પણ | ડૉ. હેમીલ્ટન સત્વેદી |
| વેદના અને વિજય | ભગવતપ્રસાદ ચૌહાણ |
| આકાશ મહેક મહેક, ધરતીની પ્રીતથી | ભગવતપ્રસાદ ચૌહાણ |
| જીવન જીવી જાણનારાં અપંગો | શ્રીમતી જયવંતીબહેન ચૌહાન |
| અનોખી ઈઝરાયલ પ્રજા | રેવ. જયાનંદ ચૌહાન |

ગુજરાત ટ્રાક્ટ ઍન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન
ગુજરાત કૉલેજ સામે
એલિસબ્રિજ : અમદાવાદ-૩૮૦૦૦૧

આવરણ : આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧

7BGP2